


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 14 મે 2023 | વૈશાખ વદ-10, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 01 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

## કર્ણાટકમાં ભાજપ સત્તાથી દૂર, રેવડી કલ્ચર પણ ન ચાલ્યું

દક્ષિણ ભારતના પ્રવેશ દ્વાર ગણાતા કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં મોદીનો જાદુ ન ચાલ્યો....

# કર્ણાટકમાં કોંગ્રેસ ઇઝ કિંગ

## ન્યૂઝ બ્રિફ

### 'ભાજપમાં જોડાવા કરતાં જેલમાં જવું સારું', ટીએમસીના નેતા



તૃણમૂલના રાષ્ટ્રીય પ્રવક્તા સાકેત ગોખલેએ કર્ણાટકમાં ચૂંટાયેલા તમામ ધારાસભ્યોને અપીલ કરી હતી કે ભલે કઈ પણ પરિસ્થિતિ હોય પણ બીજેપીમાં ના જતા,ભલે જેલ જવુ પડે.. ઉલ્લેખનીય છે કે એક કેસ સાકેત ગોખલેને અમદાવાદની વિશેષ અદાલતે નિયમિત જામીન આપ્યા હતા. તે ક્રાઉડ ફંડિંગમાં અનિયમિતતા સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આરોપોનો સામનો કરી રહ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ દાન તરીકે એકત્ર કરાયેલ રૂ. 1.07 કરોડની રકમનો ગેરઉપયોગ કરવા બદલ તેની ધરપકડ કરવામાં આવી હતી.

### સુપ્રીમકોર્ટમાં હવે કેસ દાખલ કરવાની સુવિધા 24 કલાક ઉપલબ્ધ



આધુનિક અને પ્રજા સુધી સરળ રીતે પહોંચવાના પ્રયાસો વચ્ચે સુપ્રીમકોર્ટમાં હવે 24 કલાક કેસ દાખલ કરી શકાશે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી.વાય.ચંદ્રચૂડે સુપ્રીમકોર્ટમાં ઈ-ફાઈલિંગ 2.0 સેવાની શરૂઆત કરી હતી. આ અવસરે તેમણે દેશભરમાં ઈ-કોર્ટ અને કેસની ઈ-ફાઈલિંગની જોરદાર તરફેણ કરી હતી. સીજેઆઈએ વકીલોને કહ્યું કે હવે ઈલેક્ટ્રોનિક રીતે કેસ દાખલ કરવાની સુવિધા 24 કલાક ઉપલબ્ધ રહેશે. તેમણે ટોચની કોર્ટના પરિસરમાં ઈ-સેવા કેન્દ્રનું પણ ઉદઘાટન કર્યું. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે અમે શુક્રવારે સવારે ઈ-ફાઈલિંગ 2.0 સેવાની શરૂઆત કરી છે. આ સુવિધાઓ તમામ વકીલો માટે 24 કલાક ઉપલબ્ધ રહેશે

### દુર્ઘટના બાદ પાવાગઢના માંચી ખાતે તમામ વિશ્રામ કુટિરો તોડી પડાઇ

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ માંચી ખાતે યાત્રિકોના વિશ્રામ માટે બનાવામાં આવેલ વિશ્રામ કુટીરોમાં થયેલી દુર્ઘટના બાદ અન્ય કુટિરો યાત્રીકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી વિશ્રામ કુટિરો ઉતારી દેવામાં આવી છે. યાત્રાધામ પાવાગઢ ખાતે આથી એક સપ્તાહ પહેલા માંચીના ચાચર ચોકમાં યાત્રિકોનાં વિશ્રામ માટે બનાવવામાં આવેલી એક વિશ્રામ કુટિર ધરાશાય થયા હોવાની દુર્ઘટના બની હતી. જેમાં એક મહિલાનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય આઠ યાત્રિકોને ઈજાઓ થવા પામી હતી. આ બનાંવને લઈ વહીવટી તંત્ર સજ્જ બની બાકીની કુટિરો 100 ટકા સુરક્ષિત છે કે કેમ તે સ્પષ્ટ ના થાય ત્યાં સુધી તે કુટિરનો કોઈ યાત્રિકો ઉપયોગ ન કરે તે માટે તે કુટિરોને કોર્ડન કરી તે કુટિરનો કોઈ ઉપયોગ ન કરે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

### પ્રવાસીઓને હવે ઉજ્જૈન દર્શન માટે ઈ-સ્કૂટર મળશે

ઉજ્જૈન મ્યુનિસિપલ કોર્પોરેશન ઉજ્જૈન શહેરની મુલાકાત લેવા માટે પ્રવાસીઓને ભાડા પર ઈ-સ્કૂટર આપશે. પર્યાવરણને સુધારવા અને રસ્તા પર ટ્રાફિકનું દબાણ ઘટાડવા માટે 20 ઈલેક્ટ્રિક બસો શહેરની અંદર અને 10 બહાર દોડશે. મહાકાલ મહાલોકની આસપાસ કોન્ટ્રાક્ટ પર ઈ-રિક્ષા દોડાવવામાં આવશે. 15 જૂની સીએનજી બસોને રિપેર કરીને ઓનરોડ બનાવવામાં આવશે આ તમામ નિર્ણયો યોજાયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉજ્જૈન સિટી ટ્રાન્સપોર્ટ સર્વિસ લિમિટેડ (UCTSL) બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં લેવામાં આવ્યા હતા. એક પછી એક અનેક મહત્વના ઠરાવો પસાર કર્યા. આ બેઠક ચેરમેન ઉજ્જૈનના મેયર મુકેશ તટવાલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બોર્ડના કમિશનર રોશન કુમાર સિંઘે જણાવ્યું હતું કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ પર શહેરમાં ભાડેથી ઈલેક્ટ્રિક સ્કૂટર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




### 5 વર્ષ બાદ કોંગ્રેસે કર્ણાટકમાં કમબેક કર્યું, પ્રચારમાં ભાઈ-બહેનની જોડીએ કરી કરામત, ચાલ્યો જાદુ

ગુજરાત | વંદન

દક્ષિણ ભારતના પ્રવેશ દ્વાર ગણાતા કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો પંજો ચાલ્યો હોય તેમ આજે હાથ ધરાયેલી મતગણતરીના પ્રાથમિક પરિણામો એક્ઝીટ પોલ સાચા પડતા હોય તેમ કોંગ્રેસ ફરી એક વાર સરકાર બનાવવા જઈ રહી છે. પ્રાથમિક માહિતી અનુસાર 224 બેઠકોમાંથી કોંગ્રેસને બહુમતી માટે જરૂરી 113 બેઠકો કરતા વધુ એટલે 119 બેઠકો મળી રહી છે. ગઈ વખતે કોંગ્રેસ-જેડીએસની સરકાર તોડીને પોતાની સરકાર બનાવનાર ભાજપને કર્ણાટકમાં 74 બેઠકો મળી રહી છે, જ્યારે જેડીએસ 25 બેઠકો સાથે ત્રીજા નંબરે છે. 2018માં કર્ણાટકમાં કોંગ્રેસને વધુ બેઠકો મળવા છતા જેડીએસ સાથે મોર્ચાની સરકાર બનાવી હતી. આ વખતે કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી છતા તે જેડીએસના સાથે સરકાર બનાવશે કે કેમ તે હજુ નક્કી નથી. દરમ્યાનમાં કોંગ્રેસ નેતાગિરીએ ચૂંટાએલા તમામ ધારાસભ્યોને ...અનુસંધાન પેજ 6 પર











| કોને કેટલી બેઠકો મળી | કોંગ્રેસ + | ભાજપ | જેડીએસ | અન્ય |
|---|---|---|---|---|
| | 136 | 65 | 19 | 04 |

### કર્ણાટકમાં નફરતનું બજાર બંધ, મોહબ્બતની દુકાન ખુલીઃ રાહુલ



કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસની મોટી જીત પર પાર્ટી નેતા રાહુલ ગાંધીએ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે હું કર્ણાટકની જનતા, કાર્યકરો, નેતાઓ અને કર્ણાટકમાં કામ કરનાર તમામ નેતાઓને અભિનંદન આપું છું. બીજી તરફ ગરીબોની સત્તા હતી, કોંગ્રેસ પાર્ટી કર્ણાટકમાં ગરીબોની સાથે હતી. કર્ણાટકને કહ્યું કે આ દેશ પ્રેમને પસંદ કરે છે. કર્ણાટકમાં નફરતનું બજાર બંધ, પ્રેમની દુકાનો ખુલી. પ્રથમ કેબિનેટમાં પહેલા દિવસે 5 વચનો પૂરા કરશે.

### લોકોના મતદાન અધિકારનું સન્માન કરીએ છીએઃ યેદિયુરપ્પા



કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામો પર પૂર્વ સીએમ અને બીજેપીના વરિષ્ઠ નેતા બીએસ યેદિયુરપ્પાએ નિવેદન આપ્યું છે. તેમણે શનિવારે કહ્યું કે અમે લોકોના મતદાન અધિકારનું સન્માન કરીએ છીએ. હવે અમે વિપક્ષની ભૂમિકા ભજવીશું અને કાર્યકરો સાથે બેસીને જ્યાં ભૂલ થઈ હશે ત્યાં વિચારમંથન કરીશું. ભાજપના કાર્યકરોએ પૂરી ઈમાનદારી અને મહેનતથી કામ કર્યું છે.

### ડી કે શિવ કુમાર મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર



કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર બનાવવી લગભગ નિશ્ચિત છે. સૂત્રો મુજબ ડીકે શિવ કુમારને સીએમ પદના પ્રબળ દાવેદાર હોવાનું મનાઈ રહ્યું છે. રાહુલની ભારત જોડો યાત્રાએ કર્ણાટકમાં માહોલ બનાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

ભારતીય નૌસેનાને મોટી સફળતા

## ગુજરાતના દરિયામાંથી 12000 કરોડની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું

ગુજરાત | વંદન

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી દરિયાઈ માર્ગે કરોડોનું ડ્રગ્સ ઘુસાડવાના એક બાદ એક મામલાઓ સામે આવી રહ્યા છે. ગઈકાલે જ રાજકોટમાં 217 કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે હવે માહિતી મળી રહી છે કે અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનું સૌથી મોટું ડ્રગ્સનું કન્સાઈમેન્ટ પકડાયું છે. ભારતીય નૌસેનાએ દરિયામાંથી 2500 કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.

**ઈરાનથી આવતો હતો ડ્રગ્સનો જથ્થો** | ભારતીય નૌસેનાના ઈન્ટેલિજન્સ યુનિટ અને NCBએ અરબી સમુદ્રમાં સંયુક્તિ ઓપરેશન કરીને 2500 કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. પકડાયેલા આ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય માર્કેટ મુજબ રૂ.12000 કરોડ આપસાપની વેલ્યૂ થાય છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ડ્રગ્સ ઈરાન તરફથી આવતું હતું અને ગુજરાતમાં પોર્ટ પર પહોંચે તે પહેલા જ તેને પકડી લેવામાં આવ્યું હતું.નોંધનીય છે કે, ગઈકાલે રાજકોટના ખંડેરી સ્ટેડિયમની પાછળથી ...અનુસંધાન પેજ 6 પર

### 21 હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પંકજ વૈદ સામે ચાર્જશીટ દાખલ

મુંકર્ણાટકમાં કોંગ્રેસ કિંગ! પક્ષ બહુમતીથી ચાલી રહ્યો છે આગળ, તમામ બેઠકોના વલણ આવ્યાદ્રા પોર્ટ પરથી રૂ. 21 હજાર કરોડની કિંમતના 3 હજાર કિલો પકડાયેલ હેરોઇન કેસમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ) આરોપી પંકજ વૈદ ઉર્ફે અમિત ઉર્ફે નોની સુનારિયા ઉર્ફે સંજુબાબા વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં આરોપી સામે અનલોફૂલ એક્ટિવિટીસ (પ્રિવેન્શન) ની કલમો 8 (સી), 23, 25 અને 29 તથા એનડીપીએસ એક્ટની કલમો અને ફોજદારી ધારાની કલમ 120(બી) લાગુ કરવામાં આવી છે.

મુંદ્રા પોર્ટ પર 17 સપ્ટેમ્બર 2021 અને 19 સપ્ટેમ્બર 2021 ના રોજ રૂ.21 હજાર કરોડની કિંમતનું રૂ. 3 હજાર કિલો હેરોઇન લઇને આવેલા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતાં. આ કેસની તપાસ કરી રહેલી નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ અત્યાર સુધીમાં આરોપી હરપ્રીત સિંહ તલવાર, પ્રિંસ શર્મા, અફઘાનિસ્તાનના રહમતુલ્લાહ, શાહીનશાહ જહીર, ફરીદુન અમાની, અબ્દુલ સલામ, મો.અમાન, મો.હુસૈન, મો.હસન શાહ સહિત 50 આરોપીઓ વિરુદ્ધ ખાસ કોર્ટમાં બે ચાર્જશીટ દાખલ કરી છે. જેમાં 7 કંપનીઓ આશી ટ્રેડિંગ કંપની, જીસસ ક્રાઇસ્ટ ઈપેંકસ, મૈજેંટ ઈન્ડિયા, વીકે એન્ટરપ્રાઈઝ વ્યોમ ફેશન્સ, હસન હુસૈન લિમિટેડ અને હબીબ સાહબ ટૈલ્ક એન્ડ માર્બલ પ્રોસેસિંગ કંપનીનો સમાવેશ થાય છે.

## કર્ણાટક પરિણામ પર સંજય રાઉતનો કટાક્ષ, બજરંગબલીની ગદા BJP પર પડી

ગુજરાત | વંદન



કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામો આવવા લાગ્યા છે. તમામ 224 વિધાનસભા સીટો પર ભાજપ, કોંગ્રેસ અને JDS વચ્ચે જંગ છે. આ પહેલા શિવસેના (UBT)ના રાજ્યસભા સભ્ય સંજય રાઉતનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે ભાજપના માથા પર બજરંગબલીની ગદા પડી છે. જો કર્ણાટકમાં કોંગ્રેસ જીતી રહી છે તો તે મોદી અને અમિત શાહની હાર છે. જે રીતે પ્રતિષ્ઠા ચૂંટાઈ આવી અને જ્યારે તેમને લાગ્યું કે તેઓ હારી રહ્યા છે ત્યારે તેમણે બજરંગબલીને આગળ કર્યા.

આ 2024ની ચૂંટણીનું વિઝન છે. કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં જ કોંગ્રેસે શરૂઆતી વલણોમાં બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. આજે આવી રહેલા અંતિમ પરિણામો વચ્ચે કોંગ્રેસે પણ પોતાની રણનીતિને આખરી ઓપ આપી દીધો છે. કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બેંગ્લોરથી દિલ્હી કોંગ્રેસ હેડક્વાર્ટર સુધી ઢોલ વગાડવામાં આવી રહ્યો છે. 'કર્ણાટક પરિણામ 2024 નું ચિત્ર ...અનુસંધાન પેજ 6 પર

સીએમ યોગી આદિત્યનાથ ખુશ..

## યુપીમા 'પહેલીવાર તમામ કોર્પોરેશનમાં BJPની જીત

ગુજરાત | વંદન



યુપી નાગરિક ચૂંટણીમાં ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું છે. બીજેપીની જીત પર, સીએમ યોગી આદિત્યનાથે ભાજપ કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ યોજીને પાર્ટીના તમામ પદાધિકારીઓ અને કાર્યકરોને અભિનંદન આપ્યા. આ દરમિયાન સીએમ યોગીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ અને સફળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ભાજપે ઉત્તર પ્રદેશમાં નગરપાલિકાની ચૂંટણીમાં અત્યાર સુધીની સૌથી મોટી જીત હાંસલ કરી છે. 17 મહાનગરપાલિકાઓમાં પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટી પૂર્ણ બહુમતી સાથે જીતવામાં સફળ રહી છે. 2017 થી, ભારતીય જનતા પાર્ટીને નગરપાલિકાઓમાં બમણીથી વધુ બેઠકો મળી રહી છે.

સીએમ યોગીએ કહ્યું કે ઉત્તર પ્રદેશમાં સુશાસન, વિકાસ અને સુરક્ષાના વાતાવરણને કારણે નગરપાલિકાની ચૂંટણીમાં જનાદેશ મળ્યો છે. આ સાથે સીએમ યોગીએ કહ્યું કે અમારા સહયોગી અપના દળ (સોનેલાલ) એ સ્વર અને ચંબે પેટાચૂંટણી બંને જીતી અને સમાજવાદી પાર્ટીને હરાવ્યા. નાગરિક ચૂંટણી અને પેટાચૂંટણીમાં અમને તક આપવા બદલ હું મતદારોનો આભાર માનું છું. હું લોકોને ખાતરી આપવા માંગુ છું કે યુપી સરકાર તેમના વિકાસ અને સુરક્ષા માટે કામ કરતી રહેશે.

ફોટો અને અવાજનો થઈ રહ્યો હતો દુરઉપયોગ

### સચિન તેંડુલકરે મુંબઇ ક્રાઈમ બ્રાન્યમાં કેસ દાખલ કર્યો, તપાસ શરૂ

ગુજરાત | વંદન



દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલમાં ગુનાહિત કેસ દાખલ કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે તેના ફોટોગ્રાફનો ઉપયોગ કરીને ઈન્ટરનેટ પર ઘણી નકલી જાહેરાતો ફેલાવવામાં આવી રહી છે.

ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે જાહેરાત દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. તેંડુલકરના અંગત સહાયકે ...અનુસંધાન પેજ 6 પર

RBI 1 જૂનથી અભિયાનની શરૂઆત કરશે

### બિન વારસી પડેલા ખાતેદારોના પૈસા પરત આપવા RBIની ઝુંબેશ

ગુજરાત | વંદન




RBI હવે બેંકોમાં દાવા વગરના પડેલા અબજો રૂપિયાના માલિકોને શોધવા માટે 100 દિવસનું અભિયાન શરૂ કરશે. આ અભિયાનને 100 ડેઈઝ-100 પેજ નામ આપવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ દરેક બેંક 100 દિવસની અંદર દેશના દરેક જિલ્લામાં ટોચના 100 દાવા વગરના થાપણદારોને શોધીને તેની રકમની ચૂકવણી કરશે.

RBIના આદેશ પર તમામ બેંકો આગામી 1 જૂનથી આ અભિયાનની શરૂઆત કરશે. નિયમ મુજબ કોઈપણ બચત અથવા ચાલુ ખાતું કે જે 10 વર્ષ સુધી ઓપરેટ ન થતું હોય અથવા ટર્મ ડિપોઝીટ ખાતું જેમાં 10 વર્ષ સુધી કોઈ દાવો ન હોય તો આવા ખાતાઓમાં પડેલી રકમને દાવા વગરની અથવા દાવો ન કરેલી રકમ તરીકે માનવામાં આવે છે. બેંકો પણ આ ગ્રાહકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરે છે. જો કોઈ દાવેદાર ન મળે તો રકમ એક વિશેષ ખાતામાં જતી રહે છે.

IMD એ એડવાઈઝરી જારી કરી

## ચક્રવાત 'મોચા'ના કારણે ઉત્તર પૂર્વમાં ભારે વરસાદ

ગુજરાત | વંદન



પૂર્વ-મધ્ય બંગાળની ખાડી પર અત્યંત તીવ્ર ચક્રવાતી તોફાન 'મોચા' છેલ્લા 6 કલાક દરમિયાન લગભગ 8 કિમી આગળ વધ્યું હતું. તે પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તર-પૂર્વ દિશામાં આગળ વધી રહ્યું છે. આ 'મોચા' વાવાઝોડાનો ઉચ્ચાર 'મોખા' છે અને 13 મેના રોજ તે પોર્ટ બ્લેયરથી લગભગ 565 કિ.મી. ઉત્તરપશ્ચિમ, કોક્સ બજાર (બાંગ્લાદેશ) થી 760 કિ.મી. તે સિત્તવે (મ્યાનમાર) થી દક્ષિણ-પશ્ચિમ અને 690 કિમી દક્ષિણ-પશ્ચિમ દિશામાં સ્થિત છે. તે 14મી મેના રોજ બપોરના સુમારે 150-160 કિમી પ્રતિ કલાકની મહત્તમ પવનની ઝડપ સાથે અત્યંત ગંભીર ચક્રવાતી વાવાઝોડા તરીકે સિત્તવે (મ્યાનમાર) નજીક દક્ષિણપૂર્વ બાંગ્લાદેશના ક્યોકપ્યુ (મ્યાનમાર) અને કોક્સ બજાર વચ્ચેનો કિનારો પાર કરે તેવી શક્યતા છે. ભારતીય હવામાન ...અનુસંધાન પેજ 6 પર

યૌન શોષણ કેસમાં પોલીસે શરૂ કરી તપાસ

## તારક મેહતા કા ઉલ્ટા ચશ્માના પ્રોડ્યુસર અસિત કુમાર મોદી સહિત ક્રૂ મેમ્બરોની પુછતાછ કરાઈ

ગુજરાત | વંદન



તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવી પરના સૌથી લોકપ્રિય શોમાંથી એક છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી આ શો વિવાદોમાં ઘેરાયેલો છે. શોમાં તારક મહેતાનું પાત્ર ભજવનાર શૈલેષ લોઢા અને નિર્માતા અસિત કુમાર મોદી વચ્ચેનો મામલો હજુ ઠંડો પડ્યો ન હતો જ્યારે જેનિફર મિસ્ત્રી બંસીવાલે તેમના પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. આ શોમાં જેનિફર શ્રીમતી રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવી રહી હતી. તેણે આ વર્ષે માર્ચમાં શો છોડી દીધો હતો. સોશિયલ મીડિયા પર એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ રહી છે જે કથિત રીતે જેનિફરની છે. આમાં તેણે યૌન શોષણની વાત કરી છે.

મામલો સામે આવ્યા બાદ મુંબઈ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, નિર્માતા અસિત કુમાર મોદી અને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના 2 ક્રૂ મેમ્બરો પર યૌન ઉત્પીડનના આરોપો છે. જોકે નિર્માતાએ આ આરોપોને નકારી કાઢ્યા છે. તેનું કહેવું છે કે લોકો તેને બદનામ કરી રહ્યા છે. પોલીસ અધિકારીએ કહ્યું કે ફરિયાદમાં નામ આપવામાં આવેલા લોકોના નિવેદન નોંધ્યા બાદ એફઆઈઆર નોંધવામાં આવશે. મુંબઈની પવઈ પોલીસને અભિનેત્રી તરફથી ઈમેલ દ્વારા લેખિત ફરિયાદ મળી છે. આ ફરિયાદમાં નિર્માતા અને ક્રૂના 2 સભ્યો વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. અભિનેત્રીએ તેના પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે.

### ગુજરાતના DySPના દીકરાનો કેનેડામાં મૃતદેહ મળી આવતા ચકચાર

ગુજરાત | વંદન

વિદેશથી ફરી માઠા સમાચાર સામે આવ્યા છે. કેનેડામાં વધુ એક ગુજરાતી યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. કેનેડાના ટોરોન્ટોમાં રહેતા ગુજરાતના DySPના દીકરાની લાશ મળી આવી છે. તત્કાલીન સીએમ નરેન્દ્ર મોદીની સિક્યોરિટીમાં રહી ચૂકેલા DySPનો દીકરો સાત દિવસ પહેલાં ગુમ થયો હતો. 20 દિવસ પહેલાં અમદાવાદના હર્ષ પટેલ નામના યુવકની પણ કેનેડામાં ગુમ થવા બાદ લાશ મળી આવી હતી. હર્ષ પટેલ પણ યોર્ક યુનિવર્સિટીમાં ભણતો હતો. જ્યારે આયુષ પણ આ જ યુનિવર્સિટીમાં ભણતો હતો.



# ગુજરાતમાં દિપડાની વસ્તી 2000થી વધુ

**■ પાંચ વર્ષમાં 50 ટકાનો વસ્તી વધારો: જુનાગઢ-ગીર સોમનાથમાં સૌથી વધુ સંખ્યા**

ગુજરાત | વંદન

ગુજરાતમાં દિપડાની વસ્તીમાં છેલ્લા છ વર્ષમાં 50 ટકાથી વધુનો વધારો થયો છે અને સંખ્યા 2000 થી અધિક હોવાનો પ્રાથમીક અંદાજ મુકવામાં આવ્યો છે. રાજયમાં દિપડાની વસતી ગણતરીપૂર્ણ થઈ છે. વસતીની સતાવાર જાહેરાત હવે પછી થનાર છે છતા વન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે કુલ સંખ્યા 2000 જેવી હોઈ શકે છે.

2016 માં વસ્તી 1395 ની હતી. આંકડામાં 10 ટકા આસપાસનો ફેરફાર રહી શકે છે. વન વિભાગનાં સુત્રોએ કહ્યું કે 40 ટકા દિપડા માનવ વસાહતની આસપાસ જ જોવા મળ્યા છે. તેના કારણે વસતી વધારાની માનવ પ્રાણી વચ્ચે ઘર્ષણનાં બનાવો વધવાનું જોખમ વધી ગયુ છે.2016 ની વસ્તી ગણતરી વખતે દિપડાની સંખ્યામાં પાંચ વર્ષમાં 20 ટકાનો વધારો નોંધાયો હતો.

સમગ્ર દેશમાં દિપડાની સંખ્યા 12852 અંદાજવામાં આવી રહી છે જે 2014 માં 7910 હતી. વન વિભાગનાં એક સીનીયર અધિકારીએ ક્હયું કે સૌથી વધુ દિપડા સૌરાષ્ટ્રમાં છે. છતા રાજયનાં તમામ જીલ્લામાં જોવા મળે છે.2016 માં 1395 ની વસતી હતી તેમાંથી 450 જુનાગઢ તથા ગીત સોમનાથમાં હતા તે હવે, વધીને 750 થયા હોવાનો અંદાજ છે. ગીર ક્ષેત્રમાં દિપડાની સંખ્યા વધુ છે.ગીરમાં સાવજોને કારણે દિપડા વધુ છે. કારણ કે સાવજો શિકાર કરીને ખોરાક મુકી દે છ તે તૈયાર ભાણુ દીપડાને મળી જાય છે. આ ઉપરાંત દિપડાઓને ભાવતો ખોરાક જાનવર ગીરમાં મોટી સંખ્યામાં છે. સુત્રોએ કહ્યું કે કુલ વસતીનાં 25 ટકા દિપડા દક્ષિણ ગુજરાતમાં છે.આ ક્ષેત્રમાં શેરડીનાં વાડા હોવાથી દિપડાને રહેવામાં સાનાકુળ છે. છેલ્લા બે વર્ષમાં 370 દિપડાના મોત નીપજયા છે.

## ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલા ખર્ચની વિગતો આવી સામે

# ડૉ. જયરામ ગામીતે સૌથી વધુ, કાંધલ જાડેજાએ સૌથી ઓછો ખર્ચ બતાવ્યો

**■ 23 ધારાસભ્યોએ ખર્ચની મર્યાદાના 50% ખર્ચ બતાવ્યો**

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલા ખર્ચની વિગતો સામે આવી છે. આ અંગે ADR નો રિપોર્ટ જાહેર કરાયો છે. જેમા 23 ધારાસભ્યોએ ખર્ચની મર્યાદાના 50% ખર્ચ બતાવ્યો છે. ધારાસભ્યોનો સરેરાશ ચૂંટણી ખર્ચ 27.10 લાખ રૂપિયા છે.



ભાજપના ધારાસભ્યોનો સરેરાશ ચૂંટણી ખર્ચ 27.94 લાખ રૂપિયા છે. જ્યારે કોંગ્રેસના ધારાસભ્યોનો સરેરાશ ચૂંટણી ખર્ચ 24.92 લાખ રૂપિયા છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્યોનો સરેરાશ ચૂંટણી ખર્ચ 15.63 લાખ રૂપિયા છે. તો બીજી તરફ અપક્ષ ધારાસભ્યોનો સરેરાશ ચૂંટણી ખર્ચ 21.59 લાખ રૂપિયા છે.

ભાજપના ડૉ. જયરામ ગામીતે સૌથી વધુ 38 લાખ રૂપિયાનો ચુંટણી ખર્ચ બતાવ્યો છે. જ્યારે કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજાએ સૌથી ઓછો 6 લાખ રૂપિયા ખર્ચ બતાવ્યો છે. 174 ધારાસભ્યોએ જાહેર કર્યું કે ચૂંટણીમાં તેમણે પોતાના પૈસા ખર્ચ કર્યા છે. આઠ ધારાસભ્યો જાહેર કર્યું કે ચૂંટણીમાં તેમણે પોતાના કોઈ પૈસા ખર્ચ કર્યા નથી.

## ગ્રીન...ગ્રીનર...ગ્રીનેસ્ટ સિટી ઓફ ઇન્ડિયા....?



ગુજરાતનું પાટનગર ગાંધીનગર સમગ્ર દેશનું સૌથી વધુ હરિયાળુ-ગ્રીન-સિટી ગણાતું હતું કેમકે માનવ વસ્તી કરતા વૃક્ષોની સંખ્યા અનેક ગણી હતી. સહેજ ઉપરથી જોઈએ તો વૃક્ષોની વચ્ચે ઈમારતો દેખાતી હતી. આજે એ હરિયાળા પાટનગર ગાંધીનગરમાં ખુબ વરસાદની સાથે ખુબ ગરમી પણ એટલી પડી રહી છે કે, 'ગ' રોડ સુમસામ નિર્જન વેરાન જણાય છે. તસ્વીરમાં દેખાય છે તેમ ખરા બપોરે દૂર-દૂર સુધી કોઈ રાહદારી કે વાહન ચાલક જણાતો નથી. અનેક સરકારી અને ખાનગી ઈમારતો માટે વૃક્ષો કપાતા ગયા અને આજે ગાંધીનગર સૌથી વધુ હરિયાળું શહેર નથી પણ હરિયાળુ શહેર ગણાય છે શું ફરીથી પાટનગરને ગ્રીનેસ્ટ સિટી ઓફ ઈન્ડિયા બનાવવું ન જોઈએ ? (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

# રાજ્યભરમાં કેન્સરના દર્દીઓને રેડિયો એક્ટિવ સારવારમાં વધુ સુવિધા મળશે

**■ ધ ગુજરાત કેન્સર એડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં સાયક્લોટ્રોન પ્રોજેક્ટ શરૂ કરવા 70 કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી**

ગુજરાત | વંદન

ધ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈસ્ટિટ્યુટમાં સાયક્લોટ્રોન પ્રોજેક્ટ શરૂ કરવા માટે રાજ્ય સરકારે 70 કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે.

આ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ અંતર્ગત રેડિયો એક્ટિવ પદાર્થનું ઉત્પાદન કરવામાં આવશે અને તેનો ઉપયોગ યુટિલિટી બિલ્ડિંગની અંદર કેન્સરના રોગના નિદાન તેમજ સારવાર માટે થઈ શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં મળેલી આરોગ્ય વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય ઉપરાંત આરોગ્ય સેવાઓના સંદર્ભમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા. ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ખાતે આ પ્રોજેક્ટ શરૂ થવાથી વધુ પ્રમાણમાં ઉત્પાદન ક્ષમતા સાથે જ્યારે જોઈએ ત્યારે રેડિયો એક્ટિવ પદાર્થ મળી શકશે. એટલું જ નહીં, દર્દી-દીઠ તપાસમાં પણ ઓછો ખર્ચ આવશે.

આ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ અને તેની સુસંગત વ્યવસ્થા માટે 1000 સ્ક્વેર મીટર જગ્યાની જરૂરિયાત સાયક્લોટ્રોન બંકર બનાવવા તથા બેઝમેન્ટ સહિત પાંચ માળના યુટિલિટી બિલ્ડિંગ નિર્માણ માટે 1000 સ્ક્વેર મીટર જગ્યાની જરૂરિયાત રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સમગ્ર પ્રોજેક્ટનું પ્રેઝન્ટેન્શન આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે કર્યુ હતું. આ સાયક્લોટ્રોન ફોર ન્યુક્લિયર મેડિસીનનો પ્રોજેક્ટ અંદાજે બે વર્ષની અવધિમાં પૂર્ણ થશે.

બેઠકમાં આ અંગેની વધુ વિગતો આપતાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે કહ્યું કે, હાલની સ્થિતિએ ઈન્સ્ટિટ્યુટમાં ન્યુક્લિયર મેડીસીન વિભાગનું પોતાનું સાયક્લોટ્રોન ના હોવાને કારણે વર્ષે દિવસે લગભગ ૪ હજાર જેટલા દર્દીઓને જ લાભ મળે છે.

તેમણે ઉમેર્યુ કે, કેટલાક મોલેક્યુલસ એવા હોય છે જેની half life થોડી જ મિનીટો માટે હોય છે. આવી કોઈ પણ તપાસ અત્યારે આ ઈન્સ્ટીટ્યુટમાં શકય નથી પરંતુ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ અન્વયે મશીન ઉપલબ્ધ થવાથી કોઈ પણ તપાસ જ્યારે પણ કરવાની હશે ત્યારે કરી શકાશે.



# લાલ મરચામાં નાંખતા હતાં સિંદુર, આખરે કૌભાંડ ઝડપાયું

**■ 3849 કિલો ભેળસેળયુક્ત મરચાનો જથ્થો મળી આવ્યો, નમૂના લેબમાં મોકલાયા**

ગુજરાત | વંદન

મહેસાણાના વિજાપુરમાં મરચાંમાં થતી ભેળસેળ મુદ્દે મોટો ખુલાસો થયો છે. જેમાં મરચાને કલર કરવા સિંદૂરનો કલર વપરાતો હોવાનુ મુકેશ મહેશ્વરીએ કબૂલ્યુ છે.મહેસાણાના વિજાપુરમાંથી 3849 કિલો ભેળસેળયુક્ત મરચા મળવાના કેસમાં મોટો ખુલાસો થયો છે. જેમાં મરચાને કલર કરવા સિંદુરનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ખુલાસો આરોપી મુકેશ મહેશ્વરીએ કર્યો છે. ફેક્ટરીમાં મુકેશ મહેશ્વરી મરચામાં કલર દેખાડવા સિંદુર નાંખતો હતો. તેમજ આરોગ્ય વિભાગના લાયસન્સ વગર જ મરચાની ફેક્ટરી ચલાવતો હતો. જ્યારે વડોદરાની લેબમાં મોકલેલા નમુનાના રિપોર્ટ 14 દિવસમાં આવશે. મુકેશ મહેશ્વરી દ્વારા મરચામાં ભેળસેળનો આ બીજો કિસ્સો સામે આવ્યો છે.

મહેસાણાના વિજાપુરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગન દ્વારા રેડ પાડવામાં આવી છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા બે દિવસની રેકી બાદ મોડી રાત્રે રેડ પાડવામાં આવી હતી. જેમાં લાલ કલર કરી મરચુ બનાવતા ગોડાઉન ઝડપી પાડ્યુ છે. આ ગોડાઉન માંથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને 758 કિલો કલર વાળું મરચું ઝડપાયુ હતું.

વિજાપુર હિંમતનગર હાઈવે ઉપર આવેલા ઉમિયા ગોડાઉન ના પ્લોટ નંબર 43માં બનાવટી મરચું બનાવવાનો કારોબાર ચાલતો હતો. બનાવટી મરચું બનાવવાનો કારોબાર મહેશકુમાર પુનમચંદ મહેશ્વરી નામનો શખ્સ ચલાવતો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડામાં બીજો વધારે 5 કિલોનો જથ્થો ઝડપાયો હતો. આ સાથે બનાવટી મરચું બનાવવા માટે વપરાતો 3 કિલો લાલ કલર પણ મળી આવ્યો છે.

## દરેક ગરીબ સુધી સરકાર પહોંચી રહી છે...

# આવાસ યોજનાથી મને માતા-બહેનોના આશિર્વાદ મળે છે: મોદી

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહાત્મા ગાંધી મંદિર ખાતેની રાજયભરમાં રૂા.1946 કરોડના ખર્ચે બનેલા 42411 આવાસોનું લાભાર્થીઓને લોકાર્પણ કરતા કહ્યું કે અમોએ આ આવાસમાં માતા-બહેનોને ફાળવણીમાં અગ્રતા આપી છે તેથી દેશવાસી બહેનોના આશિર્વાદ મને મળી રહ્યા છે.

મોદીએ મહાત્મા ગાંધી મંદિરની રાજયભરમાં આ આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને કહ્યું કે એક સમય એવો હતો કે સરકાર આવાસ પુરા પાડે અને તેમણે મામુલી કિંમતે શ્રેષ્ઠ આવાસ આપે તે કલ્પના પણ થતી ન હતી. આજે સરકાર ખુદ લાભાર્થીઓ પાસે સામેથી જવા લાગ્યા છે અને અમારી સરકારે ભેદભાવ પણ ખત્મ કર્યા છે. લાભાર્થીઓના નામમાં સરકાર ધર્મ, જાતિ કે જ્ઞાતિ જોતી નથી. બધાને એક સમાન મળે છે. મોદીએ કહ્યુ કે જયાં ભેદભાવ નથી ત્યાંજ સર્વભાવ મળે છે.



મોદીએ ભાવનગરના એક લાભાર્થીની સાથે સંવાદ કરતા હળવા સ્વરમાં કહ્યુ કે ભાવનગરી ગાઠીયા ખાતા રહેજો. શ્રી મોદીએ કહ્યું કે એક સમયે એવું મનાતું હતું કે હું ઝુપડામાં જુમ્યો છું અને મારી આવનારી પેઢી પણ ઝુપડામાં જન્મશે પણ આ પરીસ્થિતિ પણ દેશ બહાર આવી રહ્યા છે અને દરેક ગરીબ સુધી સરકાર પહોંચી રહી છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તથા અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભાવનગર જીલ્લાના એક લાભાર્થી પરિવાર સાથે સંવાદ કરતા હળવા સ્વરમાં કહ્યું કે નવા મકાનમાં પણ ભાવનગરી ગાઠીયા ખાવાનું ભુલતા નહી

## વિદ્યાર્થીઓના હિતમાં મહત્વનો નિર્ણય

# ધોરણ 9થી 12માના તેજસ્વી વિદ્યાર્થીને સ્કોલરશીપ મળશે

ગુજરાત | વંદન

વિદ્યાર્થીઓના હિતમાં સરકારે વધુ એક મહત્વનો નિર્ણય કર્યો છે, રાજ્ય સરકારે નવી સ્કોલરશિપ યોજના જાહેર કરી છે જે જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના છે આ યોજનાનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડશે અને જે મેરીટના આધારે સ્કોલરશીપ આપવામાં આવશે.

આ યોજનામાં સમાવેશ થતા તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે 25,000 સ્કોલરશીપ અપાશે તેમજ ધોરણ 9 થી 10 સુધીના અભ્યાસ દરમિયાન વાર્ષિક રૂા.20,000



મળશે અને ધોરણ 11 થી 12 સુધીના અભ્યાસક્રમ દરમિયાન વાર્ષિક 25000ની સ્કોલરશીપ આપવામાં આવશે. સ્કોલરશીપની રકમ ડીબીટીના માધ્યમથી સીધી બેંક ખાતામાં જમા થશે તેમજ ધોરણ 1 થી 8માં સરકારી અથવા અનુદાનિત શાળામા સળંગ અભ્યાસ કરવો હોવો જરૂરી છે.

# ગાંધીનગરઃ નિવૃત કોસ્ટ ગાર્ડ અધિકારીના બંધ બંગલામાંથી 30.52 લાખની ચોરી

**■ અધિકારી પત્ની સાથે અમેરિકા પોતાના સંતાનોને મળવા માટે ગયા ચોરોએ ઘરની વિઝીટ કરી....**

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં નિવૃત કોસ્ટ ગાર્ડનાં ઉચ્ચ અધિકારી બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી 30.52 લાખની ઘરફોડ ચોરીને અંજામ આપવામાં આવ્યો છે. નિવૃત કોસ્ટ ગાર્ડનાં ઉચ્ચ અધિકારી પત્ની સાથે અમેરિકા પોતાના સંતાનોને મળવા માટે ગયા હતા અને પાછળ તસ્કરો ઘર સાફ કરી ગયા. આ ચોરી અંગે સેકટર - 7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેકટર - 1/સી પ્લોટ નંબર - 314/1 માં અનુપમા અમરનાથ રામચરિત્ર ઝા પરિવાર સાથે રહે છે. સંતાનો અમેરિકા ખાતે અભ્યાસ કરતા સંતાનોને મળવા માટે દંપતી ત્રીસ દિવસના વિઝિટર વિઝા ઉપર યુએસએ ગયા હતા. આ દરમ્યાન તેમના બંધ મકાનનો લાભ ઉઠાવી તસ્કરો ઘરની બારીની ગ્રીલ તોડીને અંદર પ્રવેશ્યા હતા. અને બેડરૂમ તથા પ્રથમ માળે આવેલ બેડરૂમમાંથી લાકડાના કબાટમાંથી એક સેટ નેકલેસ કાનની રીંગ સાથેનો કી રૂ. 3.48 લાખ, રૂ. 1.16 લાખની સોનાની ચેન, એક સોનાનો ગળામાં પહેરવાનો સેટ, 3 લાખનો ડાયમંડનો હાર, સોનાની બંગળી નંગ-4, સોનાના કાડા નંગ-4,સોનાની કાનની રીંગ 20, સોનાની અંગુઠી નંગ 5, સોનાનું મંગળસૂત્ર, સોનાની ચેઈન નંગ-5, સોનાના બ્રેસલેટ નંગ-4 ,સોનાની રીંગ, સોનાનો સેટ, લેપટોપ, સી.સી.ટી.વી. કેમેરાનુ ડી.વી.આર, કેમેરા સી.સી. ટીવી. નંગ -3 તેમજ સેટઅપ બોકસ મળીને કુલ રૂ. 30 લાખ 52 હજાર 500 નો મુદ્દામાલ ચોરી ગયા હતા.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# એરલાઇન્સ હૈ કી ચલતી હી નહીં..! કા કરૂ સજની આયે ન વિજય માલ્યા, આયેંગે જલૂલ જલૂલ આયેંગે..



ભારતમાં ખાનગી એરલાઈન્સ કંપનીઓ કેમ ચાલતી નથી... તેમના વિમાનો કેમ તેમની મંઝિલ સુધી પહોંચી શકાતા નથી...કેમ જેટ એરવેઝ ઠેઠ આકાશમાંથી ધડામ કરીને જમીન પર આવી ગયું...કેમ કિંગફિશર કિંગમાંથી કંગાળ બની ગયું...કેમ ગો ફર્સ્ટ લાસ્ટ ગો...બની ગયું...અને કેમ સ્પાયજેટનું નામ હવે આ એરલાઈન્સની યાદીમાં જોડાવવા જઈ રહ્યું છે...?

રતન ટાટાને વેચાયેલી સરકારી એરઈન્ડિયાના વિમાનોમાં કોઈ પ્રવાસી દ્વારા ખરાબ ચોટા સિવાય બીજી કોઈ ફરિયાદ નથી. પણ ઉપરોકત એરલાઈન્સના કર્તાહર્તા સંચાલકોએ બેંકોમાંથી લોન લઈને મોટા ઉપાડે એરલાઈન્સ કંપનીઓ શરૂ કરી અને ત્યારબાદ હળુ...હળુ... એવી સ્થિતિ લાવીને મૂકી દે કે ક્યા કરે....ચલતી હી નહીં અને બેંકોના નાણાં...? જંતર-મંતર...છૂમંતર...!!

જેટવાળા નરેશ ગોયલની સામે 500 કરોડની ઠગાઈનો મામલો બહાર આવ્યો છે. કિંગફિશર કોની હતી ખબર છે ને...આપણો આલિયા.. માલિયા..જમાલિયા વિજય માલ્યા...! પૈસા મળે..? કિંગ બનીને બ્રિટનમાં મોજે દરિયા...! લોન આપનાર બેંક કે બેંકોના અધિકારીઓ આયે ન બાલમ કા કરૂ સજની....ની જેમ રાહ જોઈ રહ્યાં છે-મેરા વિજય માલ્યા આયેગા...જલૂલ જલુલ આયેંગા...!

### કેજરીવાલ, આજ ખુશ તો બહોત હુયે હોંગે...! લેકીન કબ તક...? શું નવો ગાળિયો તૈયાર થઇ રહ્યો છે...?

દિલ્હી વિધાનસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી-નમો- અને ગૌતમ અદાણી-જીએ- વચ્ચે યે રિશ્તા ક્યા કહલાતા હૈ....કહી કહીને બદલો લેનાર કેજરીવાલ હવે ઝાલ્યા રહે તેમ નથી... સુપ્રિમે કહી દીધુ- દિલ્હી સરકારમાં મુખ્યમંત્રી અને મંત્રીમંડળ જ સર્વેસર્વા... નહીં કે ઉપરાજ્યપાલ.



ચુકાદો આવતા જ કેજરીવાલે અણગમતાઓની બદલીઓનો દોર શરૂ કર્યો છે, પણ તેમનુ અટ્ટહાસ્ય.... પુરૂ થાય તે પહેલાં કેન્દ્ર સરકાર ફરીથી તેમના હાથપગ બાંધીને પાણીમાં ફેંકી દેશે...જા હવે...તરી લે...રમી લે...રાજ કરી લે...?!

બાકી જબ્બર છે કેજરીવાલ. કોંગ્રેસ કહે છે ભાજપની બી ટીમ છે... ભાજપ તેમને ઉપરાજ્યપાલનો ઉપયોગ કરીને તલવારની ધાર પર રાખે છે...બીજી કોઈ રાજકીય પક્ષો તેમની સાથે ગઠબંધન કરતાં નથી છતાં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં 70 બેઠકોમાંથી 60થી ઉપર જીતીને ત્રીજીવાર સીએમ બન્યા. ચોથીવાર નહીં બને એમ કોઈ કહી શકે તેમ નથી. આમ આદમીના નામે પાર્ટી ચલાવનાર કેજરીવાલે સરકારી નિવાસસ્નાનમાં 45 કરોડનો ખર્ચ કર્યો...કહીને ભાજપે તેમની સામે ધરણાં દેખાવો શરૂ કર્યા છે પણ સુપ્રિમના ચુકાદાએ કેજરીવાલને નવો દારૂગોળો પૂરો પાડ્યો- જંગ ચલતી રહે....2024 આને કો હૈ...

### કોઇ કુછ ભી કર લે, ભ્રષ્ટાચાર....કરપ્શન....ગંગા કી લહેરો કી તરહ..બહતા રહેંગા....બહતા રહેંગા...

પગાર મહિને 30 હજાર...હોદ્દો-મદદનીશ ઈજનેર..ઘરમાં એક ટીવીની કિંમત માત્ર 30 લાખ...50 વિદેશી કૂતરા....થાર જીપ સહિત 10 લકઝુરિયસ કાર...આલિશાન મકાન અને ફાર્મ હાઉસ. નામ છે- હેમા મીણા.



મધ્યપ્રદેશની આ અધિકારીએ લાગે છે કે ભ્રષ્ટાચારમાં ચોરેબાજુથી જોર લગાવ્યું હશે. રોકડા કેટલા મળી આવ્યાં તેનો વીડિયો અને નોટોની થપ્પીની તસ્વીરો પણ આવા કિસ્સામાં બને છે તેમ જાહેર થઈ છે જેમા આ મહિલા અધિકારીના ઘરનો વીડિયો જોઈને લોકો દંગ રહી ગયા છે. પણ એક ટીવીની કિંમત 30 લાખ...અને તે પણ મહિને 30 હજારવાળી નોકરિયાતના ઘરમાં...ઐસા ક્યા હોગા 30 લાખ કે ટીવી મેં....સવાલ તો બનતા હૈ...

કોઈ કુછ ભી કર લે, ભ્રષ્ટાચાર....કરપ્શન....ગંગા કી લહેરો કી તરહ..બહતા રહેંગા....જબ તક હૈ જાન જાને જહાં મૈં નાચુગી...ની જેમ જબ તક હૈ લોભ.. લાલચ..દેનેવાલા ઔર લેને વાલા..તબ તક કેટલીય હેમાઓના ઘરોમાં 30-30 લાખના ટીવી અને 50 વિદેશી કૂતરા તો શું બધુ જ હશે...જય હો રૂપૈયાબાબા કી...!

■ પ્રવીણ ઘમંડે

## લોકલ ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

# ગાંધીનગરના રાયસણ-શેરથામાંથી વિદેશી દારૂનો 246 નંગ જથ્થા સાથે 4 શખ્સો ઝડપાયા

ગુજરાત | વંદન

ગાંધીનગર એલસીબી - 2 ની ટીમે રાયસણ-પીડીપીયુ રોડ પર આવેલા વૃંદાવન એપાર્ટમેન્ટનાં એક ફ્લેટ તેમજ શેરથાથી એક રિક્ષામાંથી વિદેશી દારૂનો કુલ 246 નંગ જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ચાર ઈસમો સામે કાનૂની કાર્યવાહી ધરી રૂ. 2.11 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગાંધીનગર એલસીબી - 2નાં પીઆઈ એચ પી પરમારની ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, રાયસણનાં પીડીપીયુ રોડ પર આવેલ વૃંદાવન એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર 604માં રહેતો મૂળ ઉદેપુરનો વતની સંજય હમીરલાલ શર્મા વિદેશી દારૂનો જથ્થો ફ્લેટમાં રાખીને છૂટક વેચાણ કરી રહ્યો છે. જે બાતમીનાં પગલે એલસીબીની ટીમે મોડી રાતે ઉપરોક્ત ફ્લેટમાં દરોડો પાડ્યો હતો અને મકાનમાં સંતાડેલ રૂ. 73, 705 ની કિંમતની વિદેશી દારૂની 66 બોટલો સાથે સંજય શર્માને ઝડપી પાડયો હતો. તદુપરાંત એલસીબી - 2ની અન્ય એક ટીમને અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે, સી.એન.જી. રિક્ષા નંબર GJ-01-CU-9828 માં વિદેશીદારૂ ભરેલ છે. જે રિક્ષા કડી તરફથી અમદાવાદ તરફ કલોલ વાળા હાઈવે ઉપરથી પસાર થનાર છે.

જે બાતમીનાં આધારે કલોલ તરફથી અડાલજ રોડ ઉપર વોચ ગોઠવાઈ હતી. બાતમી મુજબની રિક્ષા આવતા તેને ઉભી રાખવા ઈશારો કર્યો હતો. પરંતુ ચાલકે રિક્ષા ભગાડી મુકી હતી આથી પોલીસે ખાનગી વાહનમાં પીછો કરીને શેરથા ગામ તરફ જતાં રામાપીરનાં મંદિર નજીક રીક્ષાને આંતરી લીધી હતી. બાદમાં પોલીસે બે ઈસમોને દબોચી લઈ રિક્ષામાં તપાસ કરી હતી.ત્યારે રિક્ષાની પાછળનાં ભાગે સ્પીકરનાં ઢાંકણા ખોલીને જોતા અંદરથી વિદેશી દારૂ અને બિયરનો 180 નંગ જથ્થો મળી આવ્યો હતો. જેનાં પગલે બંને ઈસમોની પૂછપરછ કરતાં તેમણે પોતાના નામ સંજય ઉર્ફે અજબ વિષ્ણુજી ઠાકોર તેમજ અંકિત રામાજી ઠાકોર (રહે. પરમેશ્વરની ચાલી, ગાંધીવાસ-2, મોટેરા સ્ટેડીયમની સામે, મોટેરા) હોવાનું જણાવી કબૂલાત કરી હતી.

અંગદાતાઓની સ્મૃતિમાં "અમર કક્ષ"

## સિવિલ હોસ્પિટલમાં નવનિર્મિત "અમર કક્ષ"નું આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે લોકાર્પણ

**ગુજરાત રાજ્યના અંગદાનના સેવાકીય કાર્યોને વડાપ્રધાને પણ બિરદાવ્યું...**

ગુજરાત | વંદન

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાતાઓની સ્મૃતિમાં નવનિર્મિત "અમર કક્ષ"નું આજે લોકાર્પણ કર્યું હતુ.

અંગદાતાઓની સ્મૃતિમાં નવનિર્મિત "અમર કક્ષ" ભવિષ્યમાં અનેક લોકોને અંગદાન માટેની પ્રેરણા આપશે તેવો ભાવ મંત્રીએ વ્યક્ત કર્યો હતો. ભવિષ્યમાં બ્રેઈનડેડ થતા દર્દીઓના સ્વજનો, પરિવારજનોને અંગદાનની સમજ આપતી વેળાએ આ કક્ષ એક સકારાત્મક વાતાવરણ ઉભી કરીને માનસપટલ પર સકારાત્મક અસરો ઉભી કરશે તેવું મંત્રીએ જણાવ્યું હતુ.

મંત્રીએ વધુમાં એમ પણ કહ્યું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા 2.5 વર્ષમાં અંગદાન ક્ષેત્રે



સરાહનીય કામગીરી કરવામાં આવી છે જે ધન્યતાને પાત્ર છે. સિવિલ હોસ્પિલમાં થયેલ ૧૦૯

અંગદાન દ્વારા ૩૩૦ જેટલા જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું હોવાનું જણાવીને સિવિલ હોસ્પિટલનો સેવાયજ્ઞ આજે સમગ્ર રાજ્યમાં મહાયજ્ઞ બન્યો છે તેમ તેમણે ઉમેર્યું હતુ. અમદાવાદ સિવિલ હોસ્પિટલની પહેલના કારણે આજે સમગ્ર રાજ્યમાં અંગદાન વેગવંતુ બન્યું હોવાનું પણ મંત્રીશ્રીએ કહ્યું હતુ. તાજેતરમાં જ અંગદાન ક્ષેત્રે SOTTOને પ્રધાનમંત્રીશ્રીના હસ્તે એનાયત થયેલ એવોર્ડ સંદર્ભે મંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત રાજ્યના અંગદાનના સેવાકીય કાર્યોને વડાપ્રધાનએ પણ બિરાદાવ્યું છે. જેના પરિણામે જ તાજેતરમાં જ ઈનોવેશન સ્ટેટ કેટેગરીમાં ગુજરાતના SOTTO એકમને એવોર્ડ પણ એનાયત થયો છે. સરકાર, સમાજ , સેવાભાવી સંસ્થા અને મીડિયાના સહિયારા પ્રયાસોથી જ આજે રાજ્યભરમાં અંગદાનની જાગૃકતા પ્રવર્તી છે.પરિણામે અંગદાનની સુવાસ આજે ખુણે ખુણા સુધી પહોંચી છે તેમ મંત્રીએ જણાવ્યું હતુ. અંગદાન ક્ષેત્રે અંગદાતાઓને શ્રધ્ધાજંલિ અર્પણ કરતું સમગ્ર દેશમાં સંભવિત પ્રથમ મેમોરીયલ હોવાનું સિવિલ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતુ. આ અમર કક્ષ માં સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધીમાં થયેલ ૧૦૯ અંગદાનના અંગદાતાઓની તસ્વીર અંકિત કરવામાં આવી છે.વધુંમા આ કક્ષ માં એક કાઉન્સેલીગ રુમ પણ બનાવાયો છે. જ્યાં બ્રેઈનડેડ દર્દીઓના સ્વજનોનું અંગદાન માટે કાઉન્સેલીગ કરવામાં આવશે. આ કક્ષ માં અંગદાન માટે પ્રેરતા , સકારાત્મક વાતાવરણ ઉભું કરતા લેખ, સુત્રો, આર્ટિકલ્સ, મીડિયા કવરેજ પણ પ્રતિબીંબત કરાયા છે જેને વાંચીને લોકોમાં અંગદાન પ્રત્યે જાગૃકતા વધશે.

### ચોમાસા પહેલા શહેરમાં 300 કરોડના ખર્ચે રોડ બનાવાશે



ગુજરાત | વંદન

અમદાવાદીઓ માટે આવ્યા ખુશીના અહેવાલ, શહેરમાં જ્યારે પણ ચોમાસા દરમ્યાન વરસાદ વરસે છે તો રસ્તાઓની દશા બગડી જાય છે. ચોમાસા દરમિયાન અમદાવાદના મોટાભાગના રસ્તાઓ તૂટી જતા હોય છે. તો બીજી તરફ રસ્તા પર મોટા - મોટા ભૂવા પડી જતા હોય છે. ત્યારે મહાપાલિકાના રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીએ મહત્વ પૂર્ણ નિર્ણય લીધો છે.

ચોમાસા પહેલા 300 કરોડના રોડ બનાવવાનો નિર્ણય કરાયો છે. લોકસભાની ચૂંટણી પહેલા નવો બ્રિજ નહી બને તો ચાલશે પરંતુ રોડની ફરિયાદ ન આવે તેવી સૂચના હોવાની ચર્ચાછે..અને આથી લોકસભા ચૂંટણી પહેલા એક હજારથી 1200 કરોડના ખર્ચો રસ્તો બનાવવામાં આવશે.

સુંદર સજાવટ અને અઢળક ઓફર્સ સાથે મુસાફરોને મોજ-મસ્તીની ટ્રીપ

## સમર વેકેશનને યાદગાર બનાવવા SVPI એરપોર્ટ પર શાનદાર સુવિધા ઉપલબ્ધ

ગુજરાત | વંદન

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ મુસાફરોના અનુભવને બહેતર બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. ઉનાળુ વેકેશનમાં આપના પ્રવાસને સુપર કૂલ મનોરંજન સાથે યાદગાર બનાવવા વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે.




એરપોર્ટ સંચાલક અદાણીની એક યાદીમાં આ અંગેની વિગતો આપતા જણાવાયું હતું કે, આ ઉનાળુ વેકેશનને આપ યાદગાર બનાવવા ઈચ્છો છો? શું આ વેકેશનના સંભારણાને આપ આકર્ષક સેલ્ફી અને ફેમીલી ફોટામાં ફ્રીઝ કરવાનું વિચારી રહ્યા છો? તો SVPI એરપોર્ટ પર તેની બરાબર તજવીજ કરવામાં આવી છે. એરપોર્ટ ટર્મિનલ બિલ્ડીંગની અંદર અને બહાર ખૂબ જ સુંદર ડેકોરેશન કરવામાં આવ્યું છે. 70-દિવસ ચાલનારા સમર કાર્નિવલની શરૂઆત 23મી એપ્રિલથી થઈ ચૂકી છે. મુસાફરો 30 થી વધુ આઉટલેટ્સ અને સેંકડો ડિસ્કાઉન્ટ ઑફર્સનો લાભ લઈ શકે છે. આપના મિત્રો અને પરિવાર માટે સ્વાદિષ્ટ ગુજરાતી નાસ્તાથી લઈને વિવિધ ગિફ્ટિંગ વિકલ્પો ખુલ્લા મૂકવામાં આવ્યા છે. જેમાં ફૂડ અને બેવરેજીસથી લઈને રિટેલ અને સર્વિસીઝ પર કોમ્બોઝનો લાભ લઈ શકો છે. નાસ્તો, ગ્વાલિયા, સબવે, મેકવી, હોકો ઈટેરી, રેર પ્લેનેટ અને સંકલ્પ જેવી લોકપ્રિય બ્રાન્ડ્સ સહિત કાર્નિવલમાં 30 થી વધુ આઉટલેટ્સ ભાગ લઈ રહ્યા છે; તેમાં દરેક માટે કંઈક સુપરકૂલ છે!

મુસાફરો સમર કાર્નિવલ દરમિયાન ખાસ આયોજિત જરદોશી અને ભરતકામ વર્કશોપ જેવી કેટલીય કલા પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે. હસ્તકળાને લગતી પ્રવૃત્તિઓ સાથે આપના પ્રવાસનના અનુભવને આનંદદાયક બનાવવા એરપોર્ટ પર આકર્ષક સજાવટ, સેલ્ફી બૂથ અને એન્ગેજમેન્ટ કિઓસ્કની વ્યવસ્થા કરવામાં આવી છે.

મુસાફરો માટે શોપીંગને સુલભ બનાવવા તાજેતરમાં અદાણી વન એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. જેના થકી સમગ્ર એરપોર્ટ પરિસરમાં QR કોડ સ્કેન કરતાની સાથે જ એપ્લિકેશન અને વેબસાઈટ પર વિવિધ ઑફર્સ જાણી શકાય છે.

## દિલ્હી જતા પહેલા પીએમ મોદી જાપાનીઝ કંપનીના CEOને મળ્યા

ગુજરાત | વંદન

ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી જવા પહેલા ગિફ્ટ સિટીમાં બેઠક પૂર્ણ કર્યા બાદ આજે જાપાનની કંપનીનાં CEO સાથે બેઠક યોજી હતી. રેનશન ઈલેક્ટ્રોનિક્સ કંપનીના સીઈઓ તોસી શિબાતા સાથે પીએમ મોદીએ બેઠક કરી હતી. સેમિકન્ડક્ટર્સની દુનિયામાં હાલની ટેકનોલોજી અને ઈનોવેશન અંગે ચર્ચા કરી હતી. ભારતની પ્રગતિને લગતા પાસાઓની ચર્ચા કરી હતી. રેનશન ઈલેક્ટ્રોનિક્સ કંપની ગુજરાતમાં રોકાણ કરે તેવી પુરી શક્યતા છે.



મુલાકાત દરમ્યાન, અમૃત આવાસોત્સવ કાર્યક્રમનું વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે દેશનો સતત વિકાસ અમારા માટે મહાયજ્ઞ સમાન છે. ગુજરાતના 25 લાખ લાભાર્થીઓનો આયુષ્યમાન કાર્ડ અપાયા છે. બે લાખ ગર્ભવતી મહિલાઓને પીએમ માતૃ વંદના યોજનાનો લાભ મળ્યો છે. નવી સરકાર બન્યા બાદ ગુજરાતમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થયું છે. ગુજરાતની ડબલ એન્જિન સરકાર ડબલ ગતિથી કામ કરી રહી છે . એક સમયે જીવનની મૂળભૂત જરૂરિયાતો માટે લોકોને તરસાવવામાં આવ્યા છે. એક સમયે દેશના લોકોમાં નિરાશા હતી. પરંતુ હવે લોકો એ નિરાશાથી બહાર નીકળી રહ્યા છે. દેશની સરકાર યોજનાઓથી લોકોના જીવન બદલી રહી છે.

સુપ્રીમકોર્ટનો ગુજરાત સરકારને ઝટકો

## રાહુલ ગાંધીને દોષિત ઠેરવનાર જજ સહિત 68 જજના પ્રમોશન પર રોક

ગુજરાત | વંદન

સુપ્રીમકોર્ટે ગુજરાતમાં જિલ્લા ન્યાયાધીશ સંવર્ગમાં 68 ન્યાયાધીશોની બઢતીને ગેરકાયદેસર ગણાવી પ્રમોશન પર સ્ટે મૂકી દીધો છે. આ 68 જજોમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને માનહાનિના કેસમાં દોષિત ઠેરવનારા જજ હરીશ વર્માનો પણ સમાવેશ થાય છે. સાથે જ સુપ્રીમકોર્ટે જેમને બઢતી આપવામાં આવી છે એવા 68 ન્યાયાધીશોને તેમની મૂળ જગ્યાએ પરત મોકલી દેવાનો આદેશ આપ્યો છે.

જસ્ટિસ એમ.આર. શાહ અને જસ્ટિસ સી.ટી. રવિકુમારની ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો. ચુકાદામાં બેન્ચે નોંધ્યું હતું કે ભારતના બંધારણની કલમ 14 તેમજ ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા નિયમો, 2005નો ભંગ થઈ રહ્યો છે. જસ્ટિસ એમ.આર. શાહે કહ્યું કે એ નોંધવું જરૂરી છે કે ગુજરાતના ભરતી નિયમો અનુસાર, બઢતી માટેનો માપદંડ 'મેરિટ કમ સિનિયોરિટી' અને યોગ્યતા કસોટી છે. આ સંજોગોમાં રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશ સુપ્રીમ કોર્ટના નિર્ણયોનું ઉલ્લંઘન કરે છે. જસ્ટિસ શાહે વધુમાં કહ્યું- અમે આ અરજીનો નિકાલ કરવા માગતા હતા, પરંતુ એડવોકેટ દુષ્યંત દવે ઈચ્છતા નથી કે અમે અરજીનો નિકાલ કરીએ. આ અંગે વધુ સુનાવણી 8મી ઓગસ્ટના રોજ હાથ ધરાશે.

## ભલે ગુજરાતમાં ન જીત્યા છતા....કુછ મીઠા હો જાએ....



ગુજરાતમાં કોંગ્રેસને ભલે સત્તા ન મળી હોય પરંતુ ગુજરાતથી સૈકડો કિલોમીટર દૂર કર્ણાટકમાં કોંગ્રેસે ફરીથી સત્તા મેળવતા ગુજરાત કોંગ્રેસમાં જાણે કે વિજય ઉત્સવનું વાતાવરણ જોવા મળ્યું છે. આજે મતગણતરીના દિવસે જ્યારે સ્પષ્ટ થયું કે કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર બની રહી છે ત્યારે નેતાઓ કોંગ્રેસના ખેસ પહેરી પહેરીને રાજીવ ગાંધી ભવન ખાતે એકત્ર થયા હતા અને એક બીજાનું મોઢુ મીઠુ કરાવીને રાજસ્થાન, મધ્યપ્રદેશમાં કોંગ્રેસ જીતશે એવો દાવો પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે કર્યો હતો. તસ્વીરમાં ઠાકોર મોઢુ મીઠુ કરતા જણાય છે.

તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

યુવક પર કાર ચઢાવી ઘટના સ્થળે જ મોત નિપજાવ્યું

## પાલડીમાં કાર ચઢાવી યુવકની હત્યા, 4થી વધુ શખસો CCTV ફૂટેજમાં કેદ

ગુજરાત | વંદન

શહેરના પાલડી વિસ્તારમાં પાર્થ હોસ્પિટલ પાસે આવેલ શહિદ સ્મારક પાસે 4 લોકોએ અલ્પેશ રબારી નામના યુવક સાથે ઝઘડો કરી તેના પર કાર ચઢાવી મોત નિપજાવી દીધું હોવાની ઘટના સામે આવી છે. હાલ પોલીસને CCTV ફુટેજ પણ મળ્યા છે અને આગળ વધુ તપાસ હાથ ધરી છે.




મળતા અહેવાલો મુજબ શહેરના પાલડી વિસ્તારમાં આવેલ પાર્થ હોસ્પિટલ નજીક શહિદ સ્મારક પાસે 4 યુવકોએ આવીને એક યુવાન સાથે બોલાચાલી કરી હતી. ત્યારબાદ આ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યા બાદ ચારેય યુવકો દ્વારા અલ્પેશ રબારી નામના યુવકને માર માર્યો હતો અને ગુસ્સામાં આવેલા યુવાનોએ અલ્પેશ પર કાર ચઢાવી દેતા તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ મૃતક યુવક ગાંધીનગરના પોર ગામનો હોવાનું અને હાલ પાલડી વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે.

### ગુજરાત વિદ્યાપીઠની આંતરિક આવક ઓછી થતા ફીમાં 10 ટકાનો વધારો

ગુજરાત | વંદન

ગુજરાત વિદ્યાપીઠમાં હવે વિદ્યાર્થીઓએ ભણવું મોંઘું પડશે કારણ કે વિદ્યાપીઠમાં ફીમાં 10 ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. વિદ્યાપીઠને UGC દ્વારા મળતી ગ્રાન્ટ ઓછી થઈ છે જેના કારણે ખર્ચ નીકળતો નથી માટે વિદ્યાપીઠમાં ફીમાં 10 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જે નવા શૈક્ષણિક સત્રથી લાગુ થશે.

ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ભરત જોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠની આંતરિક આવક ઓછી થતી હતી. કેન્દ્ર સરકાર દ્વારા UGC મારફતે ગ્રાન્ટ આપવામાં આવતી હતી જેમાંથી માત્ર પગાર અને પેન્શનનો ખર્ચ જ નીકળતો હતો. પગાર સિવાયના ખર્ચ જાતે જ નીકાળવાના રહેશે.

ચોમાસામાં પહેલા AMC દ્વારા તૈયાર કરાયો સત્તાવાર રિપોર્ટ

## અમદાવાદના ચાંદલોડિયા, સાયન્સ સિટી સહિતના વિસ્તારોમાં ડ્રેનેજ-વરસાદી પાણી નહીં ભરાય

**» ગોતા- ગોધાવી કેનાલની સફાઈનું કામ 15 જૂન સુધીમાં પૂર્ણ કરાશે**

ગુજરાત | વંદન

મ્યુનિસિપલ તંત્રના એક સત્તાવાર રિપોર્ટ મુજબ આ ચોમાસામાં શહેરની ૧૧૫થી વધુ જગ્યાઓમાં વરસાદી પાણી ભરાવાની શક્યતા છે. જોકે તંત્ર નીતનવાં આયોજનો થકી વરસાદી પાણી ભરાવાથી સર્જાતી સમસ્યા સામે લોકોને રાહત આપવા જઈ રહ્યા હોઈ ખાસ કરીને ચાંદલોડિયા, સાયન્સ સિટી અને મુમતપુરા ગામ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણીનો અને ડ્રેનેજ ઊભરાવાના પ્રશ્નનો ઝડપથી નિકાલ થઈ શકશે. ઉપરાંત ગોતા- ગોધાવી કેનાલની સફાઈનું કામ હાથ ધરાયું હોવાથી તે ૧૫ જૂન સુધીમાં પૂર્ણ કરાશે. રૂ. ૧૨ લાખના ખર્ચે થઈ રહેલી કામગીરીથી આ કેનાલમાં પાણીનું સરળતાથી વહન થઈ શકશે.

તંત્ર દ્વારા જાહેર કરાયેલી એક યાદી મુજબ આ ચોમાસામાં દક્ષિણ ઝોનનાં સૌથી વધુ ૨૯ સ્થળોએ વરસાદી પાણી જમા થશે. પશ્ચિમ ઝોનમાં ૨૫, ઉત્તર-પશ્ચિમમાં ૧૩ અને દક્ષિણ-પશ્ચિમમાં ૧૨ જગ્યાએ વરસાદી પાણી ભરાશે. મધ્ય ઝોનમાં સૌથી ઓછી આઠ જગ્યાએ વરસાદી પાણી જમા થવાની શક્યતા ખુદ સત્તાવાળાઓએ વ્યક્ત કરી છે.

તંત્રએ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન બનાવવાનું કામ હાથ ધર્યું છે આની સાથે ચાંદલોડિયા વિસ્તારમાં ડ્રેનેજ ઉભરાવાની સમસ્યાના નિરાકરણ માટે તંત્રએ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન બનાવવાનું કામ હાથ પર લીધું છે, જેની પાછળ અંદાજે રૂ. ૧૭.૦૩ કરોડ ખર્ચાઈ રહ્યા છે. સાયન્સ સિટી રોડ અને તેની આસપાસના વિસ્તારોમાં નવી સ્ટ્રોમ વોટર લાઈન અને ડ્રેનેજ લાઈન નંખાઈ ગઈ છે. અંદાજે રૂ. ૨.૩૯ કરોડના ખર્ચે આ લાઈનો નાંખીને સ્થાનિક સમસ્યા દૂર કરવામાં આવશે.

સાદરા-રાંધેજામાં ભણતા વિદ્યાર્થીઓને લવાશે અમદાવાદ

## ગૂજરાત વિદ્યાપીઠના ત્રણેય કેમ્પસ નવા શૈક્ષણિક વર્ષથી એક કરાશે

ગુજરાત | વંદન

ગૂજરાત વિદ્યાપીઠ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં એક મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં હવે સાદરા, રાંધેજા કેમ્પસને અમદાવાદ લાવવાનો નિર્ણય કરાયો છે. જેથી હવે સાદરા, રાંધેજામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અમદાવાદ લવાશે. નવા શૈક્ષણિક વર્ષથી ત્રણેય કેમ્પસને એક કરાશે.



ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ કેમ્પસમાં સોમવારે બપોરે ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર અને ઈન્ચાર્જ રજિસ્ટ્રાની ઉપસ્થિતિમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક મળી હતી. જે બેઠકમાં મોટો નિર્ણય લેતા હવે નવા શૈક્ષણિક સત્ર જૂન-2023થી ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ કેમ્પસમાં હવે રાંધેજા અને સાદરા કેમ્પસના સ્નાતક કોર્સ ભણાવાશે. આ બેઠકમાં રાંધેજા, સાદરા કેમ્પસના સ્નાતક કક્ષાના કોર્સની શૈક્ષણિક પ્રવૃત્તિઓને અમદાવાદમાં કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે.

**સાદરા અને રાંધેજા કેન્દ્રમાં અપાય છે આ શિક્ષણ**

ગૂજરાત વિદ્યાપીઠના સાદરા, રાંધેજા કેન્દ્રમાં ગુજરાતી, ઈતિહાસ, હિન્દી, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, ગ્રામ્ય વ્યવસ્થા સહિતની વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાના કોર્સનું પ્રશિક્ષણ અપાય છે. મહત્વનું છે કે, વિદ્યાપીઠના અમદાવાદ કેમ્પસમાં ભલે સ્નાતક કક્ષાનો કોર્સ શિફ્ટ કરાયો હતો, વિદ્યાપીઠના રાંધેજા કેન્દ્રમાં 102 એકર જમીનમાં નેચરોપથીનું કેન્દ્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગૌશાળા કાર્યરત છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**વન-વેઃ** ના આ કોઈ વન-વે નથી પરંતુ વસ્ત્રાપુર રેલવે ફાટકથી આનંદ નગર જવાના રોડ પર કોર્પોરેશન દ્વારા રસ્તાનું કામ છેલ્લાં ઘણા સમયથી ચાલી રહ્યું છે. પૂર્ણ થતું જ નથી પરિણામે એક બાજુનો રસ્તો બંધ કરાતા વાહન ચાલકો રાહદારીઓને મુશ્કેલી પડી રહી છે.



**રાહતની છત્રીઃ** અમદાવાદમાં માથુ ફાડી નાંખે એવી ભીષણ ગરમી પડી રહી છે. આવી કાળઝાળ ગરમીમાં પણ પેટ ને ભરવા માટે ધંધો તો કરવો જ પડે. જમાલપુરના શાકભાજીના વેપારીઓ માથે છત્રી લગાવીને વેપાર કરી રહ્યાં છે.



**નીંબુડા-નીંબુડા નહીં પણ કેસુડાઃ** અમુક ઋતુમા અમુક ફળ-ફળાદી થાય તેમ ફુલ પત્તા, ઝાડ-પાન પણ અમુક ઋતુમાં ખીલતા હોય છે. તસ્વીરમાં અમદાવાદથી ધોળકા જતા રોડ ઉપર કેસુડાનું ઝાડ 'ફુલ ખીલે હૈં ગુલશન-ગુલશન....'ની જેમ ખીલી ઉઠ્યું છે.



**હવામાં ઉડતા જાય...હમણાં તો માથે..:** અમદાવાદમાં માવઠાએ ઠંડકની મોજ કરાવી હતી. માવઠું ગયુ અને માથાભારે ગરમી શરૂ થઈ છે. જાહેર રસ્તા પર તસ્વીરમાં દેખાય છે જેમ ફરજીયાત માથુ ઢાંકવું પડે એટલી ભીષણ ગરમી પડી રહી છે.

અમદાવાદમાં ઉબર-રેપિડોના વાહન દેખાયા તો જપ્ત કરાશે!

## RTOની મંજૂરી વિના વ્હીકલ્સ ચલાવતા હોવાની ફરિયાદ બાદ એક્શન...

ગુજરાત | વંદન

અમદાવાદ હવે ઓનલાઈન એપ આધારીત ઉબર ટેક્સી અને રેપિડોને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ઓનલાઈન એપ આધારીત ઉબર ટેક્સી અને રેપિડો બાઈક પર પ્રતિબંધ જાહેર કર્યો છે. વિગતો મુજબ RTOની મંજૂરી વિના વાહનો દોડાવાતા હોવાની ફરિયાદો બાદ કાર્યવાહી કરાઈ હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદમાં હવે RTOની મંજૂરી વિનાના ઉબર અને રેપિડોના વાહનો રોડ પર દેખાશે તો જપ્ત કરાશે. વિગતો મુજબ RTOની મંજૂરી વિના વાહનો દોડાવાતા હોવાની ફરિયાદો બાદ કાર્યવાહી કરાઈ છે. જોકે ફરિયાદો બાદ RTOની તપાસ બાદ પ્રતિબંધ મુકાયો છે. એપ આધારિત




લાઈસન્સ ન ધરાવનાર સર્વિસ પર પ્રતિબંધ જાહેર કરાયો છે.

એપ આધારિત લાઈસન્સ ન ધરાવનાર સર્વિસ પર પ્રતિબંધ વચ્ચે તંત્ર દ્વારા ઉબરની 4 ટેક્સી, રેપિડોના 2 બાઈક જપ્ત કરી વાહનદીઠ રૂ.10 હજારનો દંડ ફટકારાયો છે. મહત્વનું છે કે, ઉબર અને રેપિડોના વાહનોએ RTOમાં રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. આ સાથે ઓનલાઈન અરજી કરી રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. જોકે હવે આ મામલે ટ્રાફિક પોલીસે પણ પોલીસકર્મીઓને યોગ્ય કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે.



સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# શું આપણે હાડોહાડ કાતિલ દુશ્મન દેશ પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ ન રમીએ તો ન ચાલે..?!


પુલવામાં આતંકી હુમલાની ફાઈલ તસ્વીર

જે દેશનો જન્મ ધર્મના નામે ભારતના ટુકડા કરીને થયો એ પાકિસ્તાનને પોતાની રચનની શરૂઆતથી જ ભારત સામે તલવારો-બંદુકો અને તોપગોળા તાક્યા અને છોડ્યા છે. 1965માં ભારત સાથે યુધ્ધ કર્યું અને પાકિસ્તાન હારી ગયું. ભારતે ઉદારતા દર્શાવી.

ત્યારબાદ 1971માં પાકિસ્તાને પૂર્વ પાકિસ્તાન હાલના બાંગ્લાદેશમાં ભારતની સામે પડ્યું અને ભારતે પાકિસ્તાનના બે ટુકડા કરી નાંખ્યા.1999માં પાકિસ્તાને વાજપેયીની સરકાર વખતે કારગીલમાં છમકલુ કર્યું અને ભારતને 700 કરતાં વધારે જવાનો ગુમાવવા પડ્યા.

આટલેથી નહીં અટકતા આતંકીઓને મોકલીને નિયમિત હુમલાઓ તો વધારામાં જાણે કે લટકામાં હોય તેમ પઠાનકોટ, ઉરી વગેરેમાં આતંકી હુમલા અને 14 ફેબ્રુઆરી, 2019માં પુલવામા આતંકી હુમલો કરીને આપણાં 40 જવાનોને શહીદ કર્યા. હાલમાં કાશ્મિરમાં આપણાં જવાનો પણ શહીદ થઇ રહ્યાં છે અને પાકિસ્તાન સુધરતું નથી.

પાકિસ્તાનના એક મંત્રીએ આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગોધરાકાંડના સંદર્ભમાં કસાઇ કહ્યાં અને એ જ મંત્રી બિલાવલ ભુટ્ટોને ભારત આવતા અટકાવવાને બદલે તેમનું પ્રોટોકોલ મુજબ રાજકીય માનસન્માન કરવામાં આવ્યું. ભારત પાકિસ્તાનને એમ કહી શક્યું હોત કે ભુટ્ટોના બદલે બીજા મંત્રીને મોકલો. પરંતુ રાજદ્વારી ચેનલમાં એવુ કહેવાયું હશે કે કેમ તે બહાર આવ્યું નથી. પણ એ સમાચાર ચોક્કસ આવ્યાં કે ભારત પાકિસ્તાનની સાથે ક્રિકેટ મેચ રમશે અને તે પણ અમદાવાદમાં મોદી સ્ટેડિયમ ખાતે..

પુલવામા આતમકી હુમલા વખતે પાકિસ્તાનની સામે સર્જીકલ સ્ટ્રાઇક, બાલાકોટ એરસ્ટ્રાઇક દ્વારા બદલો લેવાયો. પણ તે પછી પાકિસ્તાની આતંકીઓ ઓછા થયા નથી. કાશ્મિરમાં રોજેરોજ આતંકીઓ હુમલા કરે છે અને 22મીથી શ્રીનગરમાં શરૂ થનાર જી-20ની બેઠકમાં અવરોધ નાંખવા આતંકીઓ શું કરશે તેના અનુમાનો આબી સહિતની એજન્સીઓ લગાવી રહી છે. બની શકે કે જ્યાં પરિષદ યોજાવાની હોય એ સ્થળ જ ઉડાવી કે પછી એવું કંઇક કરે કે ભારત સરકાર મુશ્કોલીમાં આવી શકે.આવી શક્યતાને લઇને ભારત સરકારે ખીણ પ્રદેશમાં સરકારમાં કામ કરતાં કાશ્મિરી પંડિતોને હાલમાં સલામત સ્થળે જવા કહ્યું છે. કેમ કે સરકારને બીક છે કે જ20 વખતે જ પાક.આતંકીઓ કાશ્મિરી પંડિતોને ફરી નિશાન બનાવી શકે. એક તરફ પાકિસ્તાન આપણાં જવાનોનું લોહી વહોડાવી રહ્યું છે, તેમને શહીદ કરે છે, માનમિલકતોને નુકશાન પહોંચાડે છે અને પાકિસ્તાન દુશ્મન દેશ છે તે સૌ કોઇ ગાઇ વગાડીને કહે છે અને તે દુશ્મન દેશ કરતાં પણ ભારત માટે ખતરનાકમાં ખતરનાક દેશ હોવા છતાં આપણે શા માટે એ દેશની સાથે ક્રિકેટ મેચ રમવી જોઇએ..?! જેના ડીએનએમાં હાડોહાડ અને ભારોભાર ભારત સામેની કાતિલ દુશ્મની ઠાંસી ઠાંસીને ભરી છે એ દુશ્મન દેશ પાકિસ્તાન સાથે મેચ ન રમીએ તો શું ભારતની ટીમને વિશ્વમાંથી દૂર કરાશે...? અને કરે તો કરે. એમાં શું ખાટુમોળુ થઇ જવાનું છે..?! દેશ મહાન છે કે ક્રિકેટની મેચ..? બધા જાણે છે કે પાકિસ્તાન અને ભારત વચ્ચેની ક્રિકેટ મેચને લઇને કોમી તંગદીલી ફેલાતી હોય છે. કેટલાક ભારતવિરોધી કોમી પરિબળો એવા મોકાની તકમાં રહેતા હોય છે કે તંગદીલી ફેલાય એટલે તેઓ બળતામાં ઘી હોમવાનીં મેલીરમત રમતા હોય છે. આ અંગે ફેરનિર્ણય લેવાશે..?!

માધોસિંહે 1902માં રાજા એડવર્ડ VIIની તોજપોશીમાં હાજરી આપવા 15 લાખમાં જહાજ ભાડે કરાવ્યું

# એક એવો રાજા કે જે વિદેશ પ્રવાસમાં 27 હજાર લિટર ગંગાજળ સાથે લઇ ગયા...!!

**તોજપોશીમાં ન જાય તો અગ્રેજોની બીક, જાય તો મલેચ્છને મળવાથી ધર્મ ભંગ થાય...**

સાપ્તાહિક ગુજરાત વંદન

21મી સદીમાં જ્યારે દુનિયાના માટો ભાગના દેશોમાં લોકશાહી છે તેવા સમયે બ્રિટનમાં શાસન પ્રણીલિ લોકશાહી છતાં રાજાને પૂછીને કામ કરવુ પડે તેવી વ્યવસ્થા છે. હાલમાં જ બ્રિટનમાં નવા રાજાની ધામધૂમથી તાજપોશી થઇ. ભારતે પણ પોતોના ઉપરાષ્ટ્રપતિને મોકલીને પ્રતિનિધિત્વ સંભાળ્યું.જે રાજાશાહીએ ભારતને 200 વર્ષ ગુલામ રાખ્યું એ રાજાશાહીની તાજપોશીમાં ભારતે જવુ જોઇએ કે કેમ તે એક અલગ ચર્ચાનો વિષય હોઇ શકે. પણ નવા રાજા કિંગ ચાર્લ્સની તાજપોશી થઇ એવી એક તાજપોશી 20મી સદીમાં 1902માં થઇ ત્યારે તેમાં ફરજિયાત હાજરી આપવા ગયેલા જયપુરના મહારાજા પોતાની સાથે અધધ.. કહી શકાય એટલુ સોનુ-ચાંદી નહીં પણ 27 હજાર લિટર પાવન ગંગાજળનો જથ્થો લઇ ગયા હતા...!

**તેમને લાવ-લસ્કરની સાથે 27 હજાર લિટર પવિત્ર ગંગાજળનો જથ્થો કેમ લઇ જવો પડ્યો તેની તેની પાછળ રસપ્રદ ગાથા જોડાયેલી છે. એક નજર...**

બ્રિટના રાણી વિક્ટોરિયા ભારતની મહારાણી બની ત્યાં સુધીમાં, મોટાભાગના ભારતીય રાજા-મહારાજાઓએ ધ ગ્રેટ બ્રિટનને સર્વોપરી શક્તિ તરીકે સ્વીકારીને તેમને આધિન થઇ ગયા હતા.500 થી વધુ ભારતીય રજવાડાઓએ બ્રિટિશ રાજાની સાર્વભૌમત્વને બિનશરતી સ્વીકારી હતી.જેમાં જયપુરના રાજા સવાઈ માધો સિંહનો પણ સમાવેશ થાય છે.

સવાઈ માધોસિંહની ઉંચાઇ છ ફૂટથી થોડીક વધારે અને પડછંદ શરીર ધરાવતા હતા. તેમને ખૂબ સારૂ રાજ્ય અને ઠાઠમાઠવાળુ જીવન મળ્યું હતું. તેમણે પાંચ વખત લગ્ન કર્યા હતા તે ઉપરાંત તેમના મહેલમાં અસંખ્ય ઉપત્નીઓ પણ તેમની છત્રછાયા હેઠળ રહેતી હતી. પરંતુ માધો સિંહ તેમના સત્તાવાર મહારાણીઓમાંથી એક પણ સંતાનપ્રાપ્તિ મેળવી શક્યા નહતા અને તેમને તેમના પરિવારમાંથી એક પુત્ર દત્તક લેવાની ફરજ પડી હતી.

મહારાજાએ અંગ્રેજોની સર્વોપરીતાનો સ્વીકારી હતી અને વાઈસરોયને હંમેશા સારી રીતે ખુશ રાખવાના પ્રયાસો કરતા હતા.1901માં રાણી વિક્ટોરિયાના અવસાન પછી, તેમના મોટા પુત્ર એડવર્ડ-VIIનો રાજ્યાભિષેક 1902માં નક્કી કરવામાં આવ્યો હતો અને બ્રિટનના વિશાળ સામ્રાજ્યના પ્રતિનિધિઓ ભવ્ય દિવસે લંડનમાં હાજર રહે તેવી અપેક્ષા હતી.

અનિચ્છા ધરાવતા માધો સિંહ ઈંગ્લેન્ડ જવાનું ટાળવા માંગતા હતા. તેઓ ગોવિંદ દેવજીના નિષ્ઠાવાન ભક્ત હતા , જેમની તેઓ દરરોજ પૂજા કરતા હતા. તેઓ બ્રિટિશ તાજને વફાદાર હોવા છતાં, તેઓ બ્રિટિશરોને મલેચ્છ અથવા અસંસ્કારી તરીકે ઓળખાતા હતા. જયપુર રાજ્યના પૂજારીઓ પણ તેમના મહારાજાની વિલાયત મુલાકાતની વિરુદ્ધ હતા. તેઓએ કહ્યું કે વિલાયતની સફર તેમનેને તેના વર્ણ (જાતિ) ગુમાવવા તરફ દોરી જશે...!.

મહારાજાને પોતાના રાજવી પૂજારીઓની અવહેલના કરતા ડર લાગતો હતો, પરંતુ તેમણે જે અંગ્રેજ અધિકારીઓ સાથે સંપર્ક કર્યો હતો તેઓએ તેમને કહ્યું હતું કે જો તેઓ મહારાજાના રાજ્યાભિષેકમાં હાજર રહેવામાં નિષ્ફળ જાય તો તેને પ્રોટોકોલના ઉલ્લંઘન તરીકે ગણવામાં આવશે. રાજપૂતાના અને અન્યત્રના અન્ય રાજ્યોના મહારાજાઓ પણ રાજ્યાભિષેક માટે જઇ રહ્યાં હતા.

માધોસિંહ ભણેલા નહોતા. તેઓ હિન્દીમાં મહામહેનતે પોતાનું નામ લખી શકતા હતા -- પરંતુ તેઓ દુન્યવી જ્ઞાનથી હોશિયાર હતા. તેમણે તેમના વિશ્વાસુ અધિકારીઓને પૂજારીઓને કોઇ ઉકેલ શોધવા માટે મોકલ્યા.

રાજવી પૂજારીઓએ નક્કી કર્યું કે મહારાજા બ્રિટનમાં વહાણ દ્વારા મુસાફરી કરી શકે છે, જો કે તે માંસ અને ગોમાંસથી દૂર રહે. અને પોતાનો ખોરાક



અલગ રાંધે. તેમને વહાણમાં પરિવારના દેવતાની મૂર્તિઓ સાથે લઈ જવા માટે પણ કહેવામાં આવ્યું હતું, પરંતુ વહાણમાં એક વિશેષ કેબિન, જેમાં જયપુરની માટી હોય, તેમાં દેવતાને બિરાજમાન કરવા પડે. ભાગ લેતા પહેલા તેનું ભોજન દેવતાઓને અર્પણ કરવું પડશે.

તેમને સફર માટે ગંગાજળ સાથે લઈ જવા માટે કહેવામાં આવ્યું હતું ; તે માત્ર ગંગાજળથી રાંધેલું ભોજન જ ખાઈ શકશે અને માત્ર ગંગાજળ જ પી શકશે..

સમુદ્રની મુસાફરી માટે અને લંડનમાં બે મહિનાના રોકાણ દરમ્યાન જેટલો પાણીને વપરાશ થાય એટલે ગંગજળનો જથ્થો ગલનો ભરી ભરીને સાથે લઇ જવો પડે. આટલી મોટી માત્રામાં ગંગાજળ કઇ રીતે લઇ જવો..? તે વખતે કાંઇ આજની જેમ મોટા મોટા ટેન્કરો નહોતા ગંગા જલના વિશાળ જથ્થાના પેકિંગની જરૂર હતી .

ગોવિંદ નારાયણ અને તેમના નાયબ મહાદેવના નેતૃત્વમાં ચાંદીના કારીગરોની એક ટીમે 9,000 લિટર પાણી ધરાવી શકે તેવું વિશાળ જાર તૈયાર કરવા મહિનાઓ સુધી કામ કર્યું.... શુદ્ધ ચાંદીના આવા ત્રણ પાત્રો ગંગાજળ માટે બનાવવામાં આવ્યા હતા....

આ ચાંદીના પાત્રો પ્રત્યેક 375 કિલો વજનવાળા અને 4.5 મીટરના પરિઘ સાથે 1.6 મીટર ઉંચા હતા પ્રથમ તો તે લીકપ્રૂફ છે તેની ખાતરી કરવા માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને પછી ગંગા જલ ભરવા માટે જયપુરથી હરિદ્વાર મોકલવામાં આવ્યા.....

આશરે 27,000 લિટર પાણી ઈંગ્લેન્ડમાં બે મહિના માટે મહારાજાના ઉપયોગ માટે પૂરતું હોવાનો અંદાજ હતો. મુસાફરી માટે એસએસ ઓલિમ્પિયા નામનું વહાણ બોમ્બેથી લંડનની સફર માટે તે વખતે 15 લાખ રૂપિયાની ફીમાં બુક કરવામાં આવ્યું હતું. કિંમત, આજની કિંમતો પર, તે 450 મિલિયન એટલે કે 4.50 કરોડ થાય.. આ જહાજ ફ્રાન્સમાં બનાવવામાં આવ્યું હતું અને તેમાં છ વિશેષ સ્યુટ લગાવવામાં આવ્યા હતા.

સફર દરમિયાન, જયપુરના વડાપ્રધાન સંસાર સેનના પુત્ર અવિનાશ ચંદ્ર સેને મહારાજાના ખાનગી સચિવ તરીકે કામ કર્યું હતું; તેમના કાકા ડૉ. હેમચંદ્ર સેને અંગત ચિકિત્સક તરીકે પ્રવાસ કર્યો હતો. બે અન્ય સ્યુટ મહારાજાના મંડળના વરિષ્ઠ સભ્યો માટે આરક્ષિત હતા. મહારાજા સાથે 125 રાવ-ઉમરાવો, મંત્રીઓ, અંગત રસોઈયા, અંગત પરિચારકો અને બે ડોક્ટરો હતા.

અંગત વપરાશ માટે ગંગાજળની વ્યવસ્થા કરવામાં આવી તેમ હરિદ્વારથી બોમ્બે બંદરે સ્પેશિયલ ટ્રેન દ્વારા લાવવામાં આવેલા ગંગા જળથી આખુ વહાણ પણ ધોવામાં આવ્યું હતું..!. વહાણનું શુદ્ધિકરણ મહારાજાના મુખ્ય પૂજારી રાજ આચાર્ય લક્ષ્મી નારાયણ ભટ્ટની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું. જહાજની પૂજા કરવા માટે પચીસ પૂજારીઓની ટીમ જયપુરથી બોમ્બે ગયા હતા"

"જેમ જ વહાણ ડોકમાંથી બહાર નીકળવાનું શરૂ થયું તેમ, પૂજારીઓએ મહારાજાની સલામત યાત્રા માટે મંત્રોચ્ચાર કર્યા.



મહારાજા વિદાય લેવા માટે તૂતક પર ઊભા હતા. જહાજ એક કલાકમાં 2,000 મીટરનું અંતર કાપીને 20 નોટની ઝડપે દોડે એટલી સ્પીડવાળુ હતું. પ્રસ્થાનના બે દિવસ પહેલા, જયપુરના 25 પૂજારીઓએ મહાસાગરના પ્રમુખ દેવતા વરુણને પ્રસન્ન કરવા માટે બીજી પૂજા કરી હતી.... ધાર્મિક વિધિના ભાગરૂપે સોના, ચાંદી, મોતી, હીરા અને સોનાના સિક્કાની ભેટો દરિયાલાને અર્પણ કરવામાં આવી હતી. જે લેવા માટે એ વખતે કેટલાય માછીમારોએ વહાણની નીચે ડૂબકીઓ લગાવી હતી.....

મહારાજાએ આ પહેલા સમુદ્ર જોયો ન હતો અને આ પ્રવાસ તેમના અને તેમની પ્રવાસી પાર્ટી માટે ઘણો અનુભવ ધરાવતો હતો. પ્રથમ બે દિવસ તેઓ થોડાક નર્વસ હતા, પરંતુ વહાણના કેપ્ટને તેને શાંત કર્યા અને તેમને સમુદ્રની ભવ્યતા બતાવવા માટે તૂતક પર લઈ ગયા.

જયપુરના જાણીતા કાર્ડિયાક સર્જન



અને સંસારચંદ સેનના પ્રપૌત્ર ડૉ ગૌતમ સેન યાદ કરે છે, "અમે એવી વાર્તાઓ સાંભળી હતી કે જ્યારે જહાજ લાલ સમુદ્રમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે એક વિશાળ વાવાઝોડાએ તેને હચમચાવી નાંખ્યું હતું.

"ચાલકો અને મુસાફરોને ડર હતો કે જહાજ ડૂબી જશે. લાલ સમુદ્રને ખુશ કરવા માટે ચાંદીના ભંડારમાંથી એક મૂર્તિ દરિયાના પાણીમાં પધરાવવાની ફેંકી દેવાની દરખાસ્ત કરવામાં આવી હતી. તે પૂર્ણ થતાં જ, સમુદ્ર શાંત થઈ ગયો, અને પ્રવાસ કોઈ અવરોધ વિના આગળ વધ્યો," એમ ડૉ. સેને કહ્યું હતું.

આખરે જ્યારે વહાણ સાઉથમ્પ્ટન પહોંચ્યું, ત્યારે બ્રિટિશ અધિકારીઓએ મહારાજનું સ્વાગત કર્યું. વિશાળ, આરામદાયક, લોજમાં માધો સિંહ માટે રહેવાની વ્યવસ્થા અગાઉથી જ સુરક્ષિત કરવામાં આવી હતી; તેની ટીમના સભ્યોને નજીકમાં રાખવામાં આવ્યા હતા.મહારાજાએ પોતાની સાથે લાવવામાં આવેલ દેવતાઓ સાથે લોજમાં નિવાસ કર્યો.

ઈંગ્લેન્ડમાં ઉનાળો હતો અને માધો સિંઘે 9 ઓગસ્ટ, 1902ના રોજ રાજ્યાભિષેકની તૈયારી પહેલાં લંડનના જુદા જુદા ભાગોની મુલાકાત લઈને સમય પસાર કર્યો હતો.

ઈંગ્લેન્ડમાં હતા ત્યારે, માધો સિંઘે ભારતથી લઈ જવામાં આવેલી માટી વડે પોતાના હાથને ઈમાનદારીથી સાફ કરવાનું અને પછી અંગ્રેજો સાથે હાથ મિલાવતી વખતે તેમને ગંગાજળથી ધોવાનું શરૂ કર્યું.

માધો સિંહે રાજા એડવર્ડ VII ને જયપુરના પ્રખ્યાત ઝવેરી સેઠ બનજી થોલિયા દ્વારા બનાવેલી 2,000-કેરેટની હીરા-જડેલી તલવાર આપી હતી...

એવું કહેવાય છે કે માધો સિંહે રાજ્યાભિષેકના માનમાં અપાયેલ રાત્રિભોજનમાં હાજરી આપી ન હતી કારણ કે તે ત્યાં પીરસવામાં આવેલું ભોજન લેવા માંગતા નહોતા. તેથી તેઓ તેમના રાત્રિભોજન કરવા માટે તેમના લોજમાં પાછા ફર્યા હતા.

બ્રિટનની લાંબી અને રસપ્રદ મુલાકાત પછી માધો સિંહે પોતાના વતન પ્રવાસની શરૂઆત કરી. સફરમાં, SS ઓલિમ્પિયાને તોફાની દરિયાને કારણે નુકસાન થયું હતું

અને તેઓ બોમ્બેની મુસાફરી ફરી શરૂ કરે તે પહેલાં એડનમાં તેનું સમારકામ કરવું પડ્યું હતું.

12 સપ્ટેમ્બર, 1902ના રોજ બોમ્બેમાં આગમન પર, માધો સિંઘે સલામત પ્રવાસ બદલ તેમનો આભાર માનવા માટે ક્રૂને ઈનામ આપ્યું. ખાસ ટ્રેન દ્વારા જયપુર પરત ફરતી વખતે, મહારાજાનું તેમની પ્રજા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

**ધર્મ**

# અપરા એકાદશી: ભગવાન વિષ્ણુની અપાર કૃપા પ્રાપ્ત કરવાનો દિવસ



અપરા એકાદશીને અચલા એકાદશીના નામથી પણ ઓળખવામાં આવે છે. જે આ વર્ષે 15 મે ના રોજ છે. પૌરાણિક માન્યતાઓ મુજબ જયેષ્ઠ કૃષ્ણ પક્ષની એકાદશીને અપરા એકાદશી કહેવાય છે. આ દિવસે વ્રત કરવાથી અપાર ધન દોલતની પ્રાપ્તિ થાય છે. આ વ્રતનુ મહત્વ એટલુ છે કે આ દિવસે વ્રત રાખનારા દુનિયાભરમાં પ્રસિદ્ધિ મેળવે છે. બધા પ્રકારના પાપો અને કષ્ટોથી મુક્ત થઈ જાય છે.

જયેષ્ઠ મહિનાના કૃષ્ણ પક્ષની અગિયારસ્થી મનુષ્યને અપાર ધનની પ્રાપ્તિ થાય છે અને બધા પ્રકારના પાપોનો નાશ પણ થઈ જાય છે. તેથી આ અગિયારસ અપરાના નામથી પ્રસિદ્ધ છે. આ વખતે અગિયારસનું વ્રત 15 મેના રોજ છે. ભગવાનને અગિયારસની તિથિ પરમ પ્રિય છે. તેથી અગિયારસ વ્રતનુ પાલન કરનારા ભક્તો પર પ્રભુની અપાર કૃપા કાયમ રહે છે.

વિદ્વાન મુજબ અગિયારસ ભક્તની જનની છે. અને જનનીના આશીર્વાદથી જે રીતે બધા પ્રકારના સુખ બાળકને પ્રાપ્ત થાય છે એવી જ રીતે અગિયારસના વ્રતનુ પાલન કરવાથી મનુષ્યને પુણ્યફળની પ્રાપ્તિ થાય છે અને જે કામનાથી કોઈ વ્રત કરે છે એ પણ ચોક્કસ પુર્ણ થાય છે. વ્રત ત્યા સુધી પૂર્ણ નથી થતુ જ્યા સુધી તેના પારણા યોગ્ય સમય પર ન કરવામાં આવે.

જ્યોતિષીઓ અનુસાર, એકાદશી તિથિ 15 મેના રોજ બપોરે 02:46 વાગ્યે શરૂ થશે અને 16 મેના રોજ સવારે 01:03 વાગ્યે સમાપ્ત થશે. સનાતન ધર્મમાં ઉદય તિથિ ગણવામાં આવે છે. આથી અપરા એકાદશી 15મી મેના રોજ ઉજવવામાં આવશે. સાધકો 15મી મેના રોજ ઉપવાસ કરીને ભગવાન વિષ્ણુની પૂજા કરી શકે છે.

**પુસ્તક પરિચય**



▪ રિપલકુમાર પરીખ

# કવિ શ્રી મધુ કોઠારીની સર્જનયાત્રા

સાપ્તાહિક ગુજરાત વંદન

કેરીઓથી શોભતું, આમવૃક્ષ
લાગે છે લીલાં વસ્ત્રો પહેરેલી ,
કન્યા જે પવનમાં કરે છે નૃત્ય.

- કવિ મધુ કોઠારી

ઉપરનું લઘુકાવ્યએ મોનો-ઈમેજ કાવ્યનો એક પ્રકાર છે. એઝરા પાઉન્ડ, એક કલ્પન અભિવ્યક્તિનું ઝળહળતું મૌલિક સ્વરૂપ શોધી લાવ્યા. જ્યારે આપણા ગુજરાતી કવિ ડૉ. મધુ કોઠારી આધુનિકતાના લક્ષણો આત્મસાત કરી ' એક કલ્પના ' નું મૌલિક સ્વરૂપ શોધી લાવ્યા અને આરંભ કર્યો ' મોનો-ઈમેજ' નો. આજે ' મોનો- ઈમેજ ' કવિતાનાં જનક તરીકે કવિશ્રી મધુ કોઠારી ગુજરાતી સાહિત્યમાં પંકાયા છે, પણ શ્રી મધુ કોઠારી માત્ર સારા કવિ નથી એ સારા સંપાદક અને અભ્યાસુ વિવેચક પણ છે. પદ્યના વિવિધ પ્રકારોમાં હાઈકુ, તાન્કા, ગઝલ, કાવ્ય, અછાંદસ કાવ્ય, ગીત અને લઘુકાવ્યની સાથે હવે આ ' મોનો-ઈમેજ' નો પ્રકાર પણ જોડાઈ ગયો છે અને આ ' મોનો-ઈમેજ' ને સમર્પિત કવિ પર રચાયેલું એક કાવ્યાત્મક પુસ્તક એટલે, ' કવિ શ્રી મધુ કોઠારીની સર્જનયાત્રા.'

સાહિત્યકાર શ્રી સતીશ ડણાક લખે છે, 'સર્જકતાથી ભર્યા ભર્યા અને હંમેશાં કંઈક નવું કરવાની ખેવનાવાળા મધુભાઈએ કાવ્યસર્જન પરત્વે સામા વહેણે તરવાનું પસંદ કર્યું છે. અછાંદસ કવિતા, આકારવાદી કવિતા, કોન્ક્રીટ પોએટ્રી અને છેલ્લે ગુજરાતી ભાષાને તેમણે આપેલા મૌલિક કાવ્યસ્વરૂપ ' મોનો- ઈમેજ 'ને કારણે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં તેમનું નામ સુવર્ણ અક્ષરે કોતરાશે, એમાં કોઈ શંકા નથી.'

સાહિત્યકાર ડૉ. હર્ષદેવ માધવ પોતાનો અહોભાવ વ્યક્ત કરતાં લખે છે, ' ' મોનો-ઈમેજ' કાવ્ય પ્રકારના સ્થાપક, પ્રણેતા અને ઉદ્ગાતા મધુ કોઠારીએ થીજી ગયેલા ગુજરાતી કાવ્યપ્રવાહને તેમણે સ્થાપેલા 'મોનો-ઈમેજ' કાવ્યપ્રકારે પુનઃ પ્રવાહીત કર્યો છે. એક મુવમેન્ટ ચલાવવા તેમણે પ્રયત્નો કર્યા છે.'

'કવિ શ્રી મધુ કોઠારીની સર્જનયાત્રા' આ સંશોધનાત્મક પુસ્તકનાં લેખક શ્રી રમેશ પટેલ પણ તેમની પાસેથી જ 'મોનો- ઈમેજ ' લખતાં શીખ્યાં છે. આમ, જો કહીએ તો શ્રી રમેશ પટેલે ગુરુદક્ષિણા રુપે ખૂબ જ જહેમતપૂર્વક આ પુસ્તકનું સર્જન કર્યું છે. પ્રસ્તાવનામાં તેઓ લખે છે, ' ' છલોછલ ' મધુ કોઠારીની સમગ્ર કવિતા વાંચતા કવિ વિશે પરિચય લેખ તૈયાર કરવાનું વિચાર્યું, પણ કવિની બહુમુખી પ્રતિભા મારી નજર સામે આવી અને વિચાર આવ્યો કે મારે કવિની પ્રતિભાને ન્યાય આપવા પુસ્તક જ લખવું રહ્યું! આ પુસ્તકમાં મધુ કોઠારીનું સમગ્ર સર્જન આવરી લેવાનો પ્રયાસ કર્યો છે. જેમાં કાવ્ય સંગ્રહો, વિવેચન લેખો, પ્રકીર્ણ નોંધો લીધી છે. ' મોનો-ઈમેજ' ના મારા કાવ્ય ગુરૂજી વિશે આ પુસ્તક લખી હું ઋણમુકત બનવાનો નમ્ર પ્રયાસ કરું છું.'

આદરણીય શ્રી ગુણવંત શાહ, શ્રી હસમુખ રાવળ, ડૉ. રસિકભાઈ દવે, ડૉ. અનંતરાય વ. દવે, શ્રી આશિત હૈદરાબાદી, શ્રી પીયુષ પંડ્યા -' જ્યોતિ' એ પણ કવિશ્રી ડૉ. મધુ કોઠારી પ્રત્યે અહીં રાજીપો વ્યક્ત કર્યો છે. કવિતાનાં બગીચામાં પાંગરેલુ આ કાવ્યમય પુષ્પરુપી પુસ્તક કાવ્યને પ્રેમ કરતાં દરેક ભાવકોને કવિતાની નવી પરિભાષા શીખવા માટે પ્રેરે છે. જો આપ પણ આ નવી પરિભાષા શીખવા ઈચ્છતાં હોય તો આ પુસ્તક આપનાં માટે જ છે.




**'મોનો-ઈમેજ'**

**'ઘડિયાળની ટકટકમાં પંખીનો અવાજ
સાંભળવાનો રહી જાય છે'**

- કવિ મધુ કોઠારી.

**રસદર્શન**

# ઈતિહાસ હોય તો યાદ પણ આવે પણ વર્તમાન તો આંખોથી જ વંચાય !

સાપ્તાહિક ગુજરાત વંદન

વસૂકી આંખ, ખૂટ્યા સ્રોત, સરવાણી
હવે ક્યા સ્વપ્નનું તળ તાગવું સાહેબ ?

- સંજુ વાળા

વેદનાનું સંવેદનામાં રૂપાંતર થાય તો આંખથી ટપકે પણ સંવેદના જ જો મૃતપ્રાય થઈ જાય તો સંવેદનાનો સ્રોત કઈ રીતે ટપકી શકે ? સ્રોત સરવાણીના માધ્યમથી પ્રાપ્ત થાય અને સ્રોતનું



માધ્યમ સંવેદના છે અને આ બંને વચ્ચેનું દર્શન-સાક્ષી આંખ છે.

માનો તો ભેજયુક્ત આંખો, કોઈ સંવેદનાની સાક્ષી પુરાવે છે અને ક્યારેક સંવેદના સાથે સંવાદ પણ થતા હોય છે. ક્યારેક એક બુંદ આંસુનું હોય છે અને ક્યારેક આ સ્રોત દરિયો બનીને પણ પ્રગટે છે!

ભગ્નતાનું પ્રતીક એટલે કે વસૂકી આંખ!

ઉછળતા દરિયા અને વહેતા ઝરણાં........... આ બંને પાંપણની વચ્ચે પેટાળ જેવું ઊંડાણ !

આંખો તો આત્માની બારી છે.



આંખોથી જોયું જે દૃશ્યપટલ પર અંકિત થયું, એ મગજમાં ગયું જ્ઞાનતંતુઓથી તે પરિભાષ્ય થયું અને વિચારવિનિમય શરૂ થયો, વિચારવિનિમય શરૂ થયો એટલે કંઈક કેટલી ઈચ્છાઓ સ્વપ્ન બની ને ફરી આંખમાં છલકાઈ.... પણ હવે આંખ જ વસૂકી થઈ ગઈ છે ત્યારે, સરવાણીના સ્રોત પણ ખૂટી ગયા છે અને સ્વપ્નનું માધ્યમ પણ!

ઈતિહાસ હોય તો યાદ પણ આવે પણ વર્તમાન તો આંખોથી જ વંચાય !

જેને ચાહયાં, જેને પામ્યાં, જેની માયા થઈ તેનો વિનિયોગ વાસૂકી આંખ નું કારણ બન્યું ....

હવે તો એ જ અનુગ્રહ આવીને વિનીયોગને કોઈક એવી દિશામાં લઈ જાય છે જ્યાં તમારી ચરણરજ નો પ્રાદુર્ભાવ હોય, એ જ રજ મારી આંખમાં ઊંડે અને સુકી થઈ ગયેલી મારી આંખો ફરી એકવાર ભીની થાય! તમારા સ્નેહની સરવાણી સ્રોત બની ને મારી આંખમાં પરત આવે અને જે દ્રશ્યમાં, તમારા સાનિધ્યમાં મેળવ્યા હતા તે સ્વપ્ન બનીને ફરી વિહરે અને તેના ઊંડાણમાં હું પહોંચી જાઉં!

-હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

માનવ સંસાધન સમુદાય અને તેમની ભાવિ માંગણીઓને પૂરી કરવામાં આ ભાગીદારીથી લાભ થશે

## અદાણી યુનિવર્સિટી અને AHRD રિસર્ચ સહિતના પ્રોગ્રામ્સ માટે પરસ્પર સહયોગ કરશે

**અદાણી યુનિવર્સિટી સાથેનો અમારો સહયોગ માત્ર ઉચ્ચ-સ્તરની ગુણવત્તા જાળવવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે : ડૉ. રાજેશ ચંદવાણી**

ગુજરાત | વંદન

અદાણી યુનિવર્સિટી અને એકેડેમી ઓફ HRD (AHRD) વચ્ચે સર્ટિફિકેશન પ્રોગ્રામ્સ, એક્ઝિક્યુટિવ એજ્યુકેશન અને ડોક્ટરલ ડિગ્રીઝના રિસર્ચ પ્રોગ્રામ્સ માટે સમજૂતી કરવામાં આવી છે. અદાણી યુનિવર્સિટીના પ્રો. ડૉ. એમ. મુરુગનંત અને HRDA ના ચેરપર્સન ડૉ. રાજેશ ચંદવાણી દ્વારા સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. માનવ સંસાધન સમુદાય અને તેમની ભાવિ માંગણીઓને પૂરી કરવામા આ ભાગીદારીથી લાભ થશે.

આ પ્રસંગે અદાણી યુનિવર્સિટીના પ્રો. ડૉ. એમ. મુરુગનંતે જણાવ્યું હતું કે, "અધ્યયનને વધારવા અને સમાજમાં પ્રભાવ બનાવવાના ઉદ્દેશ્યથી અદાણી યુનિવર્સિટીએ 3T ફ્રેમવર્ક અપનાવ્યું છે. જેમાં ટ્રાન્સલેટ, ટ્રાન્સસેન્ડ અને શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પરિવર્તનનો સમાવેશ થાય છે. આ યાત્રામાં AHRD સાથે ભાગીદારી કરવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ." તેમણે ઉમેર્યું હતું કે યુનિવર્સિટીનું સંશોધન સઘન છે અને તેણે વિશિષ્ટ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, મેનેજમેન્ટ, ટેક્નોલોજી, ડિફેન્સ અને હેલ્થકેર વગેરેનો સમાવેશ થાય છે. AHRD સાથેની સમજૂતિ દ્વારા વ્યાવસાયિકોને હવે માનવ સંસાધનમાં પેકેજ્ડ/કસ્ટમાઈઝ્ડ સર્ટિફિકેટ્સ (અથવા) 3-વર્ષનો ડોક્ટરલ પ્રોગ્રામની તક મળશે.

વર્ષોથી એકેડેમીએ HRDને વ્યાપક વ્યવસ્થાપન વ્યૂહરચનાનો મહત્વપૂર્ણ ભાગ બનાવવા વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો શરૂ કર્યા છે અને તેનું સંચાલન કર્યું છે. ઈવેન્ટ દરમિયાન, AHRDના ચેરપર્સન ડૉ. રાજેશ ચંદવાણીએ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે "સંશોધનમાં શ્રેષ્ઠતાની શોધ હંમેશા AHRDનું પ્રેરક બળ રહ્યું છે, અને અદાણી યુનિવર્સિટી



સાથેનો અમારો સહયોગ માત્ર ઉચ્ચ-સ્તરની ગુણવત્તા જાળવવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે."

આ MOU વૈશ્વિક કુશળતા મેળવવા, શૈક્ષણિક જ્ઞાનેવર્ધન સાથે સમય અને સંસાધનોનો લાભ લેવાની પુરતી તકો પૂરી પાડે છે. તે પ્રોફેશનલ્સને ઈનસાઈટ્સનો ઉપયોગ કરી રિસર્ચ માર્ગદર્શન અને વધુ વ્યાવસાયિક વિકાસ માટે ટૂંકા અને લાંબા ગાળાના ખાસ પ્રોગ્રામ્સનો ભાગ બનવાની તક આપે છે.

## ગરમી તો ગઈ સમજો... માથે ચોમાસુ... ગટરનું કામ ક્યારે પૂર્ણ થશે...



આમ તો શહેરમાં હાલમાં ગરમીનો પારો ઊંચેને ઊંચે જઈ રહ્યો છે. 45 ડિગ્રી તાપમાન અન્યત્ર નોંધાયેલ છે. ગરમી જતા જ ચોમાસુ ટકોરા મારવા તૈયાર છે. કોર્પોરેશનની એક નીતિ રહી છે કે ચોમાસા પહેલા ગટર-રસ્તાના ખોદકામના કામો પુરા કરી દેવા તસ્વીરમાં જણાય છે તેમ સરસપુર વિસ્તારમાં ગટર લાઈનનું કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે. રોડની વચ્ચોવચ ખોદકામથી ટ્રાફિકજામના દ્રશ્યો અસામાન્ય નહીં પણ સામાન્ય થઈ ગયા છે.

તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) — સફળતા માટે સમય ચાલી રહ્યો છે, તેથી આળસ છોડો અને પૂરી ઉર્જા અને આત્મવિશ્વાસ સાથે તમારા કામમાં લાગી જાવ. ખર્ચની સ્થિતિ રહેશે. પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાશે અને સરળ ઉકેલ પણ મળશે. સંબંધમાં શંકા અને ભ્રમ જેવી સ્થિતિ ન આવવા દો.

**વૃષભ** (બ.વ.ઉ) — અઠવાડિયાની શરૂઆતમાં જ તમારા કાર્યોની રૂપરેખા બનાવવી, બપોર પછી સ્થિતિ વધુ અનુકૂળ રહેશે. ઘરના કોઈ ખાસ વ્યક્તિના આગમનથી મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. અત્યારે ક્યાંય રોકાણ કે લેવડ-દેવડ કરવી યોગ્ય નથી. તમારો પોતાનો નિર્ણય પણ ખોટો હોઈ શકે છે.

**મિથુન** (ક.છ.ઘ) — સંબંધોમાં અણબનાવથી છુટકારો મેળવવો, તમારું સંપૂર્ણ વ્યક્તિત્વ અને સરળ તમારા સ્વભાવના કારણે સમાજમાં તમારું સન્માન અને પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. ઉતાવળમાં ન રહો. થોડી બેદરકારીને કારણે તમારી સાથે છેતરપિંડી પણ થઈ શકે છે.

**કર્ક** (ડ.હ) — કર્ક રાશિના લોકો પોતાના કામ પ્રત્યે સમર્પિત રહેશે, આ સમય ગ્રહોનો સંપૂર્ણ સહયોગ મળશે, તમારું મનોબળ મજબૂત રાખો. આ સમયે પૈસા સંબંધિત કોઈ લેવડ-દેવડ ન કરો, નહીં તો મુશ્કેલીમાં મુકાઈ જશો. વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં સુધારો કરવો.

**સિંહ** (મ.ટ) — સંબંધીઓ અને પડોશીઓ સાથેના સંબંધો સુધરશે. જો કોઈ મિલકત વિવાદ હોય તો વરિષ્ઠ લોકોની મદદથી ઉકેલવાનો પ્રયાસ કરો, લેણ-દેણ સંબંધિત કામકાજમાં ખૂબ કાળજી રાખો, કોઈની સાથે વિવાદથી તમારી સમસ્યાઓ વધી શકે છે. માત્ર વર્તમાન કાર્યો પર ધ્યાન આપો.

**કન્યા** (પ.ઠ.ણ) — લાગણીઓને બદલે તમારા કાર્યો વ્યવહારિક રીતે કરો, જો તમે તેનો અમલ કરશો તો તમને વધુ સફળતા મળશે. કૌટુંબિક સુખ- સુવિધાઓ માટે ખરીદીમાં વધુ ખર્ચ થશે. પરંતુ પરિવારના સભ્યોની ખુશીની સામે આ ખર્ચો નહિવત રહેશે. ગુસ્સો જેવી નકારાત્મક બાબતો તમારા સ્વભાવમાં છે.

**તુલા** (ર.ત) — આવનાર અઠવાડિયે તમારા વ્યક્તિત્વ અને સારા સ્વભાવને કારણે લોકો સ્વાભાવિક રીતે જ તમારી તરફ આકર્ષિત થશે. થોડો સમય ધાર્મિક સ્થળ પર સમય પસાર કરવાથી રાહત મળશે. ક્યારેક આળસને કારણે તમારી દિનચર્યા વ્યસ્ત પણ રહી શકો છો.

**વૃશ્ચિક** (ન.ય) — વાહન અથવા જમીન મિલકતની ખરીદી અને વેચાણ સંબંધિત યોજના બનાવવામાં આવશે. નાણા સંબંધિત કોઈ કામ બાકી હોય તો તેના પર ધ્યાન આપો. ઘરમાં કોઈપણ ધાર્મિક વિધિ કરવા કાર્યક્રમ પણ યોજાશે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં તમે ભાવુક થશો. કોઈ ખોટા નિર્ણયો લઈ શકે છે.

**ધન** (ભ.ધ.ફ) — કાર્યક્ષમતામાં પણ સુધારો થશે, ઈચ્છિત સફળતા મેળવવાનો ઉત્સાહ પણ રહેશે. પૈસા સંબંધિત બાબતોમાં સાવચેત રહો, ગુસ્સા પર નિયંત્રણ રાખો. વ્યવસાયિક બાબતોમાં અન્ય પર નિર્ભર રહેવાને તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો, તમારા નિર્ણયો સાચા સાબિત થશે.

**મકર** (ખ.જ) — ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે, પરંતુ તેનો સારો ઉપયોગ કરવાની જવાબદારી તમારી છે. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના ચોક્કસ પ્રોજેક્ટ તરફ યોગ્ય સફળતા મળવાની સંભાવના છે. આર્થિક સ્થિતિ સારી રહેશે. જાહેર સંબંધો અને માર્કેટિંગ સંબંધિત કામ પર વધુ ધ્યાન આપો.

**કુંભ** (ગ.સ.શ.ષ) — કોઈ નજીકના સંબંધી કે મિત્ર સાથે મુલાકાત થઈ શકે છે, બિનજરૂરી ખર્ચાનો અતિરેક તમને પરેશાન કરી શકે છે. ધ્યાનમાં રાખો કે તમારી કોઈપણ જીદ તમારા માટે સમસ્યા ઊભી કરશે, આ સમયે ધંધામાં વધુ ફોકસ રાખો, કાર્યક્ષેત્રમાં બહારના લોકોની દખલગીરી નહીં ચલાવો.

**મીન** (દ.ચ.ઝ) — તમે સામાજિક પ્રવૃત્તિઓમાં હાજર રહેશો જેનાથી સંપર્ક વર્તુળ પણ વધશે. પરિવાર સાથે જ ચાલી રહેલા વિવાદનો ઉકેલ આવશે અને સંબંધોમાં ફરી મધુરતા આવશે. કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિમાં ભાઈઓનું માર્ગદર્શન અને સહકારથી એક યા બીજી રીત ચોક્કસપણે સફળતા મળી જશે. સંતાનની પ્રવૃત્તિઓ પર ઝીણવટભરી નજર રાખવી પણ જરૂરી છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં વધુ મીઠાશ આવશે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીની થીમ આધારિત શીલજમાં તૈયાર થશે આરોગ્યવન

### માનવ જીવનના સ્વાસ્થ્ય માટે ઉપયોગી વનસ્પતિ અને ફુલ છોડ તેમજ વૃક્ષો ઉગાડવામાં આવશે

ગુજરાત | વંદન

અમદાવાદની ઓળખ આજે સમગ્ર વિશ્વમાં વર્લ્ડ હેરીટેજ શહેર તરીકે કરવામાં આવે છે. અમદાવાદ શહેર તેની વિકાસની અનેક ઉંચાઈઓ પર આગળ વધી રહ્યુ છે. ત્યા વધુ એક મોરપીંછ અમદાવાદ શહેરના છોગામા ઉમેરાવા જઈ રહ્યુ છે. અમદાવાદ શહેરના શીલજ ખાતે 50 હજાર ચોરસ મીટર જગ્યામાં કેવડિયા જેવું જ આરોગ્ય વન નિર્માણ થવા જઈ રહ્યુ છે. આરોગ્ય વનમાં માનવ શરીરના વિવિધ અંગ માટે ઉપયોગી આર્યુવેદિક રોપાનો ઉછેર કરવામાં આવશે. આર્યુવેદમાં દર્શાવવામાં આવેલી ઔષધીઓ અહી રાખવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આરોગ્ય વનની થીમ આધારીત ગાર્ડન તૈયાર કરાયો છે. આ જ પ્રકારની થીમ સાથે અમદાવાદ શહેરના શીલજ વિસ્તારમાં આવેલા વિશાળ તળાવ પાસે 50 હજાર ચોમી વિસ્તારમાં અંદાજીત 8 કરોડથી વધુ ખર્ચે આરોગ્ય વનનું નિર્માણ થઈ રહ્યુ છે. જેમાં મુખ્યત્વે માનવની પ્રતિકૃતિ અને માનવ જીવનના સ્વાસ્થ્ય માટે ઉપયોગી વનસ્પતિ અને ફુલ છોડ તેમજ વૃક્ષો લગાવામાં આવશે.

શીલજ સર્કલથી શીલજ ગામ તરફના રોડને સમાંતર શીલજ તળાવ ખાતે આયુષ માનવ થીમ આધારીત મનુષ્યના શરીરના અંગોને અનુરુપ વિવિધ જાતોના આર્યુવેદિક રોપા દ્વારા સમગ્ર આરોગ્ય વન તૈયાર કરવાની કામગીરી શરૂ કરાઈ છે. આરોગ્ય વનનો મુખ્ય પ્રવેશ દ્વાર આકર્ષક હશે. અંદાજી 350 મીટર લંબાઈનો વોક વે, અધતન બેઠક વ્યવસ્થા, હયાત ટ્રી લાઈનને ધ્યાનમાં રાખી આરોગ્ય વન ડેવલપમેન્ટ ઉપરાત વિવિધ જાતોના ફુલ છોડ તેમજ મોટા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. આરોગ્ય વનમાં ઔષધી તરીકે વપરાતી અશ્વગંધા, અરડુસી, અર્જૂન (સાદડ) કરમદા, કરંજ સહિતાના 32 પ્રકારની વનસ્પતિનો ઉછેર કરાશે. તેમજ લોકો આ વનસ્પતિની ઔષધી તરીકે ઉપયોગ પણ કરી શકશે. આ ઉપરાત અહીંયા આવનારા મુલાકાતીઓ ઔષધી અંગે જાણકારી પણ મેળવી શકશે. શીલજ ખાતે શીલજ તળાવ પર આરોગ્ય વન સાથે તળાવ પણ ડેવલપ કરવામાં આવશે. શીલજ



તળાવની ખાસિયત વાત કરીએ તો, કમ્પાઉન્ડ વોલની કામગીરીમાં વરસાદી પાણીના વહેણને અડચણ ના આવે તે રીતે ડિઝાઈન કરાઈ છે. 680 મીટર લંબાઈ તથા 2 મીટર પહોળાઈનો વોક વે હશે. 570 મીટર લંબાઈ તથા 1.5 મીટરની પહોળાઈનો સાયકલ ટ્રેક બનાવાશે. આ સાથે જ સીનિયર સિટીઝન તથા બાળકો અને તળાવની મુલાકાતે આવનાર માટે ઓપન બેઠક વ્યવસ્થા કરાશે. બાયોડાયવર્સિટી અર્બન ફોરેસ્ટ હશે, જેથી જીવ જંતુઓ અને પક્ષીઓ સુરક્ષિત રહી શકે. એન્ટ્રન્સ પ્લાઝામાં સ્કલ્પચર તથા મુલાકાતીઓ તળાવના નજારાને માણી શકે તે મુજબની વ્યવસ્થા ઉભી કરાશે. નાના ફુલ છોડ તથા ઝાડ સહિત ગીચ જંગલ જેવુ વાતાવરણ બનાવાશે.

### અમદાવાદના નહેરુ બ્રિજ પાસેની ઘટના

## 50 લાખની ચિલઝડપ મામલે ક્રાઈમ બ્રાન્ચે કરી આરોપીઓની ધરપકડ

■ તપાસમાં ફરીયાદીની પણ ગુનામાં સંડોવણી હોવાનું સામે આવ્યું

ગુજરાત | વંદન

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી 50 લાખની ચિલઝડપ કરી ફરાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ચિલઝડપ કરી ફરાર થયા બાદ ગણતરીના કલાકોમાં જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીને ઝડપી પાડ્યા છે. બાપુનગર વિસ્તારમાંથી પોલીસે 4 આરોપી સાથે 50 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગુનાનો ભેદ ઉકેલ્યો છે.



ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર કેસ અંગે વધુ તપાસ કરતા ફરીયાદીની પણ ગુનામાં સંડોવણી હોવાનું સામે આવ્યું છે. વાહન નંબરને આધારે આરોપીની ધરપકડ કરવામાં પોલીસ સફળ થઈ છે. ડી. નરેશ આંગડિયા પેઢીના 2 કર્મચારી ફોરેન એક્સચેન્જમાંથી 50 લાખ લઈ નીકળ્યા હતા. જે દરમિયાન નહેરૂ બ્રિજ પાસે ટુ-વ્હિલર પર શખ્સો આવી બેગની ચિલઝડપ કરી ફરાર થયા હતા. નોંધનીય છે કે, નહેરુ બ્રિજ વિસ્તારમાં આંગડિયા પેઢીના કર્મચારી સાથે રૂપિયા 50 લાખની ચીલઝડપની ઘટના બનતા ચકચાર મચી ગઈ હતી.

### બાપુનગરમા ફટાકડાની 32 દુકાનો લાગી હતી આગ

## માત્ર 17 પાસે જ હતા લાયસન્સ, NOC નહીં લેનાર સામે કાર્યવાહી

ગુજરાત | વંદન

બાપુનગરના વિકાસ એસ્ટેટમાં લાગેલ આગ મામલે ફાયર વિભાગની તપાસમાં ખુલાસો થવા પામ્યો છે. જેમાં એસ્ટેટમાં 32 ફટાકડાની દુકાન આવેલી હતી. જેમાં માત્ર 17 દુકાન પાસે જ લાયસન્સ હતા. ફાયર વિભાગે નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહિ કરવાની તજવીજ હાથ ધરી છે. તેમજ પોલીસ NOC નહિ લેનાર સામે પણ કાર્યવાહિ કરવામાં આવશે.

અમદાવાદના બાપુનગરમાં વિકાસ એસ્ટેટમાં ફાયર વિભાગ દ્વારા હજુ પણ કામગીરી ચાલુ છે. આગ પર તો કાબુ મેળવી લેવામાં આવ્યો છે. પરંતુ ઘટનાના 15 કલાક બાદ પણ ફાયર વિભાગ દ્વારા કુલિંગની કામગીરી ચાલુ છે. ફાયર બ્રિગેડની ટીમ સાથે ચાર ગાડી અને અધિકારીઓ ઘટના સ્થળે ઉપસ્થિત છે. એસ્ટેટ વિભાગમાં આગળ અને પાછળના ભાગેથી ફાયર વિભાગની ટીમ પાણીનો મારો ચલાવી કુલિંગ પ્રક્રીય કરવામાં આવી રહી છે.

## રેલવે પોલીસે ચોરીને અંજામ આપતી 21 ગેંગોનું લિસ્ટ બનાવ્યું

ગુજરાત | વંદન

વેકેશન દરમિયાન થતી ચોરીઓ અટકાવવા માટે રાજ્યમાં સીઆઈડી ક્રાઈમના રેલવે વિભાગના આઈજીપી રાજકુમાર પાંડિયને ચોરી કરતી ગેંગોની એક પુસ્તિકા બહાર પાડી છે. આ પુસ્તિકાઓ રેલવે સ્ટેશન પાસેના વેપારીઓ, નાના ફેરિયાઓ, કુલીઓ સહિતના લોકોને આપી છે. રેલવે પોલીસનું આ અંગે એવું કહેવું છે કે જેમાં ચોરોની મોડસ ઓપરેન્ડી, ચોરોના ફોટો તેમજ તેમની ખાસીયતો આ પુસ્તિકામાં આલેખી છે.

## વિજિલન્સની ટીમે ઉત્તરાખંડથી ઝડપી પાડ્યો

## 1800 કરોડના સટ્ટા કાંડમાં બુકીઓને આઈડી આપનારની ધરપકડ

ગુજરાત | વંદન

અમદાવાદમાં સૌથી મોટા 1800 કરોડના સટ્ટા કાંડમાં બુકીઓને આઈડી આપનાર એક શખ્સની વિજિલન્સની ટીમે ઉત્તરાખંડથી ધરપકડ કરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી નિરલિપ્ત રાય અને તેમની ટીમે કરોડોના સટ્ટા કૌભાંડમાં એક પછી એક રાજ ખોલવાનું શરૂ કરી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે અમદાવાદમાં સૌથી મોટા 1800 કરોડના સટ્ટાની તપાસ શરૂ કર્યા બાદ એક ડઝનથી વોન્ટેડ આરોપીઓને પકડવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા હતા. જેમાં એસએમસીની ટીમને બાતમી મળી હતી કે, આ સટ્ટામાં જે બુકી દ્વારા આઈડી આપવામાં આવી હતી તે અમદાવાદના વસ્ત્રાલનો રહેવાસી છે. જેમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, વસ્ત્રાલમાં રહેતો નિલેશ પ્રવીણભાઈ રામી ઉત્તરાખંડના કેદારનાથ ગયો છે. પોલીસે તેની તપાસ શરૂ કરી અને તેની કડી ઋષિકેશ પાસેની એક હોટલમાં મળી હતી. એસ.એમ.સીની ટીમે ત્યાં પહોંચી તેની ધરપકડ કરી છે. આ સમગ્ર મામલે પોલીસને એક મહત્વની કળી મળી છે કારણ કે, આ 1800 કરોડના સટ્ટામાં જે આઈડીથી સટ્ટો રમતો હતો. તેમાં એક આઈડી નિલેશની પણ હતી અને નિલેશ પણ પોતે સટ્ટો રમતો હતો. વિજિલન્સે આ સટ્ટા કાંડમાં સટ્ટો રમી રહેલા બુકીઓને



આઈડી આપ્યું હતું તેની ધરપકડ કરી છે. હજી પણ આ કેસમાં એક ડઝનથી વધુ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.

## શબ્દોની સંતાકૂકડી 61 — ગુજરાત વંદન સાપ્તાહિક



**ઊભી ચાવી**

(1) અશ્રુ [2]
(2) માંગલિક, શુભ [3]
(3) રક્ષણ, રખોપું [2]
(5) બાગ, બગીચો, ઉદ્યાન [3]
(7) પ્યાજ, ડુંગળી [2]
(8) નયન, નેત્ર [2]
(9) જ્યાં સાજન-મહાજન બેસે તે માંડવો [5]
(10) દુર્ગંધ, બદબો [2]
(11) રાજાની મુખ્ય રાણી, પટરાણી [4]
(13) અહીં કમળ શબ્દ આડોઅવળો થયો છે [3]

**આડી ચાવી**

(1) આચ્છાદન, ઢાંકણ, પડદો [4]
(4) સગરામના જેવી વિલાયતના પ્રકારની ઘોડાગાડી [2]
(6) સલામતી, સારી રક્ષા [3]
(8) ચળવળ, ધ્રુજારી, કંપ [4]
(11)ભસ્મ, રખ્યા [2]
(12) બુદ્ધિ, અક્કલ, જ્ઞાન [3]
(14) ખંડિયો રાજા, ગરાસિયો [3]
(15) એગ્રીમેન્ટ, કબૂલાતનામું [3]
(16) પ્રવાહી ગાળવામાટેનું સાધન [3]
(17) થપ્પડ, લપડાક [3]

**શબ્દોની સંતાકૂકડી-61 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-60નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ■ | 1 પ | 2 ગ | ર | 3 વ | ■ | 4 પા |
| 5 કુ | ■ | ણે | ■ | 6 દ | 7 રિ | યો |
| 8 મા | 9 ગ | શ | 10 ર | ■ | ટા | ■ |
| 11 ર | ડ | ■ | 12 સો | ડિ | ય | મ |
| ■ | 13 મ | 14 ના | ઈ | ■ | ર્ડ | ■ |
| 15 બો | થ | ડ | ■ | 16 બા | ■ | 17 મા |
| 18 જ | લ | ■ | 19 જા | ફ | રા | ન |

## કોયડો નં. 63 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | 5 | 6 | 7 | | | | 2 |
| 4 | | | 8 | 2 | 9 | 5 | | |
| | 8 | | | | 3 | | 6 | |
| | 2 | | | | 5 | 8 | | 7 |
| 8 | | | 2 | | 6 | | | 5 |
| 3 | | 1 | | | | | 2 | |
| | 4 | | 9 | | | | 7 | |
| | | 2 | 4 | 8 | 7 | | | 6 |
| | | | | 5 | | 4 | 9 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-63નો ઉકેલ**



# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવવા ઍથ્લીટ લક્ષીતા સાંદલિયા છે તૈયાર

**20મી જુનિયર એશિયન એથ્લેટિક ચેમ્પિયનશીપ - 2023 માટે ક્વોલિફાય થઈ છે લક્ષીતા**



ગુજરાત | વંદન

તાજેતરમાં બેંગલોર ખાતે યોજાયેલા 21માં નેશનલ ફેડરેશન 2023માં અલગ અલગ રાજ્યોમાંથી આવેલા ઍથ્લિટને પાછળ રાખીને વડોદરાની ઍથ્લીટ લક્ષીતા વિનોદ સાંદલીયાએ અંડર -20 કેટેગરીની 800 મીટર દોડમાં સિલ્વર અને 1500 મીટર દોડમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. લક્ષીતા જૂન 2023માં સાઉથ કોરીયામાં થનારી 20મી જુનિયર એશિયન એથ્લેટિક ચેમ્પિયનશીપ - 2023 માટે ક્વોલિફાય થઈ છે. હવે લક્ષીતાનું ધ્યેય ઓલમ્પિકમાં જૂના તમામ રેકોર્ડ બ્રેક કરીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાની તૈયારી કરી રહી છે.

18 વર્ષીય લક્ષીતા સાંદલીયા હાલમાં પારૂલ યુનિવર્સિટીમાં BBAના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહી છે. અભ્યાસની સાથે સાથે તેણી સવારે પાંચ થી આઠ અને સાંજે 5 થી 8 એમ રોજના છ થી સાત કલાક જેટલી પ્રેક્ટિસ કરે છે. બેંગલોરમાં યોજાયેલા 21મા ફેડરેશન કપ - 2023 ની અંડર 20 કેટેગરીની 800 મીટર દોડ 2 મિનિટ અને 9 સેકન્ડમાં પૂરી કરીને સિલ્વર અને 1500 મીટરની દોડ 4 મિનિટ 26 સેકન્ડ અને 28 માઈક્રો સેકન્ડમાં પૂરી કરીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો.

જેના પરિણામ સ્વરૂપ જૂન 2023 માં સાઉથ કોરીયામાં થનારી 20મી જુનિયર એશિયન એથ્લેટીક ચેમ્પિયનશિપ - 2023માં ક્વોલિફાય થઈ છે. આ સાથે ગુજરાતની આ એક માત્ર એવી ઍથ્લિટ છે કે, જેણે અંડર 14, 15, 16, 18 તથા 20 એમ તમામ કેટેગરીમાં મેડલ પ્રાપ્ત કર્યા છે જેમાં 2 ઈન્ટરનેશનલ સિલ્વર મેડલ સાથે 16 ગોલ્ડ, 4 સિલ્વર તથા 3 બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા છે.

લક્ષીતાએ જણાવ્યું કે, આગામી સમયમાં મારી ઈચ્છા ઓલિમ્પિકમાં તમામ રેકોર્ડ બ્રેક કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાની છે. જેની માટે હું મહેનત કરી રહી છું. ઓલિમ્પિકમાં ક્વોલિફાય થવા માટે 800 મીટરની દોડ 1 મિનિટ અને 59 સેકન્ડમાં પૂરી થવી જોઈએ. જે ક્વોલીફિકેશનથી હું 9 સેકન્ડ દૂર છુ. આવનારા સમયમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ દેશનું નામ અચૂક રોશન કરીશ.

### કવિતાના ઉંબરેથી....

**થઈએ કાકા કૌવા !**

કારતકનાં શિંગોડાં ખૈએ,
માગસરની મગફળી,
શેરડી ચૂસીએ પોષની,
ભૈ, સાકરથી ય ગળી !

મહા મહિનાનાં બોરાં મીઠાં
ફાગળ ખજૂર-ધાણી,
ભૈ, ચૈતર કેરી કેરીઓ
પતાસાંની લ્હાણી.

ટેટી-તડબૂચ વૈશાખે
પાકાં જાબું જઠે
શ્રાવણ લૂંબે ઝુંબે કેલાં !
ખૈએ સારી પેઠે.

ભાદરવાની ખીર ખૈએ
આસોમાં દૂધ-પૌવા
કાચું-કોરુ ખાઈ ખાઈને
થઈએ કાકાકૌવા !

-રમેશ ત્રિવેદી

---

**કેશ મશીનમાં ડુપ્લીકેટ નોટો મુકતા મહિલા તથા પુરુષ ફૂટેજમાં દેખાયા**

## ICICI બેન્કના કેસ ડિપોઝિટ મશીનમાંથી રૂ. 200ના દરની 38 ડુપ્લીકેટ ચલણી નોટો મળી

ગુજરાત | વંદન

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલ આઈસીઆઈસીઆઈ બેન્કની શાખાના કેસ ડિપોઝિટ મશીનમાંથી રૂ.7600ની રૂ. 200ના દરની 38 ડુપ્લીકેટ ચલણી નોટો મળી આવતા સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં અજાણ્યા સ્ત્રી પુરુષની સંડોવણી જણાતા પોલીસે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

આઈસીઆઈસીઆઈ બેંકનું સુભાનપુરા શાખા ખાતે એટીએમ આવેલ છે. આ એટીએમ ખાતે કેશ



ડિપોઝિટ મશીનમાં કેસ લોડિંગ અનલોડિંગની કામગીરી વખતે એજન્સીને રૂ. 200ના દરની 38 ભારતીય ચલણી નોટો મશીનના રિજેક્ટ ટ્રે માંથી મળી આવી હતી. જે ચલણી નોટોની કેસ શોટીંગ મશીનમાં ચકાસણી કરતા ડુપ્લીકેટ હોવાનું બહાર આવ્યું હતું. આ રકમ ડિપોઝિટ કરનારની વિગતો મેળવતા ખાતાધારકનું નામ કાર્તિક સતિષભાઈ બહે (રહે- નાગપુર, મહારાષ્ટ્ર )હોવાનું ખૂલ્યું છે. જયારે એટીએમ મશીનના સીસીટીવી કેમેરા ચેક કરતા મહિલા તથા પુરુષ કેસ ડિપોઝિટ મશીનમાં આ ડુપ્લીકેટ નોટો ડિપોઝિટ કરતા જણાઈ આવ્યા હતા. બનાવ સંદર્ભે બ્રાન્ચ મેનેજરની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા સ્ત્રી પુરુષ વિરુદ્ધ ભારતીય અર્થતંત્રને ખોખલું બનાવવા ગુનાહિત કાવતરું રચવા અંગે ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

**પોળો ફોરેસ્ટમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ**

## ભારે વાહનો પર 8 જુલાઈ સુધી પ્રતિબંધ, ભંગ કરનાર સામે કાર્યવાહી

ગુજરાત | વંદન

ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠાના પોળો ફોરેસ્ટમાં કુદરતના સૌંદર્યને માણવા માટે લોકો દૂર દૂરથી આવે છે. અહીં આવતા પ્રવાસીઓ ફોર વ્હીલર કે લકઝરી બસ લઈને આવતા હોય છે. જેથી સમગ્ર ફોરેસ્ટ વિસ્તારમાં પ્રદૂષણ થાય છે. હવે પોળો ફોરેસ્ટમાં ટુ વ્હીલર સિવાયનાં ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેમાં જંગલ વિસ્તારને પોલ્યુશન ફ્રી બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ફ્રી ઈકો ટુરીઝમ અંતર્ગત નિર્ણય લેવામાં આવ્યો છે. પોળો ફોરેસ્ટમાં ભારે વાહનો પર 8 જુલાઈ સુધી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પ્રતિબંધનો ભંગ કરનારને કલમ 188 હેઠળ દંડ કરવામાં આવશે.

પોળો ફોરેસ્ટમાં ફરવા આવતાં લોકો કચરો વધુ પ્રમાણમાં ફેંકે છે. જેમાં પ્લાસ્ટીકનું પ્રમાણ સૌથી વધારે હોય છે. તેવામાં પોળો ફોરેસ્ટને પ્લાસ્ટિક મુક્ત કરવા માટે ફોરેસ્ટમાં પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, ચોમાસાની સિઝનમાં મોટી સંખ્યામાં સહેલાણીઓ પોળો ફોરેસ્ટ આવતા હોય છે.

**દાહોદ જિલ્લા કોર્ટે જાહેર કર્યો ચુકાદો**

## 6 વર્ષની ભાણી પર દુષ્કર્મ ગુજારી હત્યા કરનાર મામાને ફાંસીની સજા

ગુજરાત | વંદન

દાહોદ જિલ્લા કોર્ટે પ્રથમ વખત 6 વર્ષની બાળકી સાથે દુષ્કર્મનું કૃત્ય આચરનાર શખ્સને ફાંસીની સજા ફટકારી છે.

વિગતો મુજબ વર્ષ 2020માં 6 વર્ષીય બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ આચરી તેમજ પુરાવાના નાશ કરવા માટે બાળકીનું ગળું દબાવી હત્યા કરવામાં આવી હતી. પોલીસે ઉંડી તપાસ હાથ ધરી કૌટુંબિક મામાએની ધરપકડ કરી હતી. પૂછપરછમાં આરોપીએ ગુનો કબુલ્યું હતું તેમજ તે અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો હોવાનું પણ ખુલ્યું હતું.

વિગતો મુજબ ગરબાડા નગરમાં તળાવ ફળિયામાં રહેતા એક દંપતિને ત્રણ સંતાનો. જેમાં 1 છોકરો તેમજ 2 બાળકીઓ હતી. આ દંપતિ દિવાળી દરમિયાન



સુરેન્દ્રનગર ખાતે મજુરી કામ અર્થે ગયું હતું ત્યારે બાળકીને ગરબાડામાં જ મુકી ગયા હતાં. જ્યાં તેના કૌટુંબિક મામા શૈલેષ માવી જે ગરબાડા નગરમાં રહેતા હોઈ તે તે બાળકીને મોટર સાઈકલ પર બેસાડીને લઈ ગયા હતાં. ત્યાર બાદ સમગ્ર કૃત્યું આચર્યાનું સામે આવ્યું હતું. જે હત્યાં બાદ મૃતદેહને ઝાડી ઝાંખરામાં નાંખી દીધું હતું જે મામલે પોલીસ સીસીટીવીના આધારે સમગ્ર મામલાનો પર્દાફાશ કર્યો હતો.

---

**તલાટીની પરીક્ષામાં ગંભીર છબરડો સામે આવ્યો**

## 123 પરીક્ષાર્થીના થમ્બ ઈમ્પ્રેશન જ ન લેવાયા, તપાસના આદેશ

**હસમુખ પટેલે કહ્યું કે, ડમી ઉમેદવારની ચકાસણી માટે અમારી પાસે પૂરતા પુરાવા છે**

ગુજરાત | વંદન

તાજેતરમાં લેવાયેલી તલાટીની કમ મંત્રીની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. જેથી ગુજરાત પંચાયત પસંદગી મંડળ તથા ઉમેદવારોએ રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ હવે તલાટીની પરીક્ષામાં ગંભીર છબરડો સામે આવ્યો છે.

વડોદરામાં તલાટીની પરીક્ષામાં બેદરકારીનો મામલો સામે આવ્યો છે. એમએસ યુનિવર્સિટીની પોલિટેકનિક યુનિટમાં 123 પરીક્ષાર્થીના થમ્બ ઈમ્પ્રેશન જ ન લેવાયા. ત્યારે આ વિશે હસમુખ પટેલે કહ્યું કે, તપાસ માટેના આદેશ આપી દેવાયા છે. ડમી ઉમેદવારની ચકાસણી માટે અમારી પાસે પૂરતા પુરાવા છે.

વડોદરામાં એમ એસ યુનિ.માં લેવાયેલી તલાટીની પરીક્ષામાં ગંભીર ક્ષતિ સામે આવી છે. પરીક્ષામાં 123 ઉમેદવારના થમ્બ ઈમ્પ્રેશન જ લેવાયા ન હતા. પોલિટેકનિક યુનિટમાં 15 પૈકી 8 બ્લોકમાં ગંભીર ક્ષતિ થઈ હોવાનો હવે ઘટસ્ફોટ થયો છે. ત્યારે આ મામલે 0જિલ્લા કલેકટર અતુલ ગોરે તપાસના આદેશ આપ્યા છે. ત્યારે આ ઘટનાથી અનેક સવાલો ઉઠે છે કે શું, ડમી ઉમેદવારોને પરીક્ષામાં બેસાડવા આવું તરકટ રચાયું? OMR શીટ પર થમ્બ ઈમ્પ્રેશન કેમ ન લેવામાં આવ્યા તે સૌથી મોટો સવાલ છે. આ મુદ્દે પરીક્ષા કેન્દ્રમાં લાગેલા CCTV કેમેરાથી ક્રોસ વેરીફીકેશન કરવાના આદેશ પણ અપાયા છે.

ત્યારે વડોદરામાં તલાટીની યોજાયેલી પરીક્ષામાં થયેલી ગેરરીતિ અંગે પંચાયત પસંદગી મંડળના અધ્યક્ષ હસમુખ પટેલની પ્રતિક્રિયા સામે આવી છે. તેઓએ જણાવ્યું કે, વડોદરાની એમ એસ યુનીનાં પોલિટેકનિક સેન્ટરમાં આ ઘટના બની છે. 15 વર્ગખંડમાં OMR શિટ મા અંગૂઠાની છાપ લેવાઈ ના હતી.

પરીક્ષા પૂર્ણ થયા બાદ ધ્યાનમાં આવતા 7 વર્ગખંડ મા અંગૂઠાની છાપ લેવાઈ હતી. કુલ 8 વર્ગખંડના ઉમેદવારોના અંગૂઠાની છાપ લેવાઈ નથી. જો આ કેસમાં ડમી ઉમેદવાર અંગે માહિતી મળશે કે આક્ષેપ થશે તો ચકાસણી માટેના પૂરતા પુરાવા છે. ઉમેદવારની સહી અને તેમના લખાણના પુરાવા અમારી પાસે છે જ. બોર્ડ પ્રતિનિધિ દ્વારા અંગૂઠાની છાપ લેવામાં નથી આવ્યા. પરીક્ષાના બીજા દિવસે આ બનાવ અંગેની જાણ થઈ હતી. બનાવની સંપૂર્ણ તપાસ માટેના આદેશ આપવામાં આવ્યા છે. બોર્ડ પ્રતિનિધિ સામે કાર્યવાહી કરવામાં આવશે. વડોદરાની ઘટનામાં ગેરરીતિ નહિ, પરંતુ બેદરકારી હોય તેવું લાગે છે. બોર્ડ પ્રતિનિધિએ ઉમેદવારોની અંગૂઠાની છાપ લેવાની ના પાડી હતી.

તો તાજેતરમાં લેવાયેલી બંને પરીક્ષાના પરિણામ અંગે હસમુખ પટેલે કહ્યું કે, જુનિયર કલાર્ક અને તલાટીની ભરતીનું પરિણામ જૂન મહિનામાં આપવાની યોજના છે.

**ATSનું મોટુ ઓપરેશન**

## રાજકોટમાંથી 214 કરોડનું 31 કિલો ડ્રગ્સનો જથ્થો જપ્ત, ત્રણની ધરપકડ

ગુજરાત | વંદન

ગુજરાત ATS દ્વારા રાજકોટ જિલ્લામાં ઓપરેશન હાથ ધરી 214 કરોડની કિંમતના હેરોઈન ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. રાજકોટ- જામનગર હાઈવે પર આવેલા પડધરી ગામ નજીક ATSએ ધામા નાંખ્યા હતા. ATS દ્વારા માહિતીના આધારે દરોડા પાડી 31 કિલો હેરોઈનનો જથ્થા સાથે ત્રણ આરોપીની અટકાયત કરી છે.

આ ત્રણ પૈકી એક નાઈઝિરીયન નાગરિકની પોલીસે ધરપકડ કરી રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કર્યો છે.



જ્યાં કોર્ટે આરોપીના 24 સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. પકડાયેલા નાઈઝિરીયન શખ્સે કબૂલાત કરી કે હેરોઈનનો જથ્થો દિલ્હી પહોંચાડવાનો હતો. ATSની દરોડાની કાર્યવાહીમાં હાલ એક આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ પણ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે જિલ્લા અને ગ્રામ્ય પોલીસ ઉંઘતી ઝડપાઈ છે અને ATSએ કાર્યવાહી કરી મોટા પ્રમાણમાં નશાનો પદાર્થ ઝડપી પાડ્યો છે. 31 કિલો જેટલો મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ક્યાંથી આવ્યો તે પણ એક મોટો તપાસનો વિષય છે.

રાજકોટના જામનગર હાઈવે પર પડધરી ગામ નજીક ગઈકાલે રાત્રિથી કાર્યવાહી ચાલી રહી હતી. મુદ્દમાલ સાથે એક આરોપીની પણ ધરપકડ કરાઈ છે. કોર્ટે 24 તારીખ સુધીના આરોપીના રિમાન્ડ મંજૂર પણ કરાયા છે. આ ડ્રગ્સ દિલ્હી પહોંચાડવાનો હતો.

---

**અનુસંધાન પેજ 01 પરથી...**

### કર્ણાટકમાં કોંગ્રેસ...

પાટનગર બેંગલુરૂ પહોંચવા કહ્યું છે. રાજકીય નિરીક્ષકો પરિણામનું પૃથ્થકરણ કરતા કહે છે કે, ભાજપને પોતાના સીએમ બસવરાજ બોમાઈ સરકારનો કથિત ભષ્ટાચાર નડ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું એક તબ્બકે ખુદ વડા પ્રધાનને એમ કહેવું પડ્યુ કે કર્ણાટકની જવાબદારી હું લઉ છું ભાજપે મતદારે ને આકર્ષવા ગરીબોને દૂધ, ત્રણ રાંધણ ગેસ સિલેન્ડર મફત સહિત રેવડી કલ્ચરનો ઉપયોગ કર્યો હતો. પરંતુ કોંગ્રેસ કરેલો 40 ટકા કમિશનવાળી સરકારનું સૂત્ર કામ કરી ગયુ અને કર્ણાટકમાં ફરી એક વાર કોંગ્રેસની સરકાર બને તેમ છે.

લોકસભાની આગામી ચૂંટણીઓ પહેલા જે રાજ્યોમાં ચૂંટણીઓ યોજાવવાની છે કર્ણાટક, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તિસગઢ઼, તેલંગાના વગેરેનો સમાવેશ થાય છે તેમાથી સૌથી પહેલા લિટમસ ટેસ્ટ માટે કર્ણાટકની ચૂંટણીઓ યોજાઈ પરંતુ પરિણામ એવું આવ્યું છે કે, ભાજપને પોતાની ચૂંટણીલક્ષી રણનીતિની સમીક્ષા કરવી પડે તો નવાઈ નહીં. એક તબ્બકે ગૃહમંત્રી અમિત શાહે એવો દાવો પણ કર્યો હતો કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો કર્ણાટકમાં કોમી રમખાણો ફાટી નીકળશે. કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં પીએફઆઈની સાથે બજરંગદળ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી ત્યારે ભાજપને ભાવતુ ભોજન મળ્યું હોય તેમ ચૂંટણી પ્રચારમાં ધર્મનો પ્રવેશ થયો હતો. મોદીની ચૂંટણીસભામાં જય બજરંગબલીના સૂત્રો પણ ગૂંજ્યા હતા.

કોંગ્રેસ તરફથી પ્રચારની બાગડોર રાહુલ ગાંધી અને બહેન પ્રિયંકા ગાંધીએ સંભાળી હતી. રાજકીય રીતે જોઈએ તો કોંગ્રેસે કર્ણાટકના પ્રચારમાં પ્રિયંકા ગાંધીને બીજી ઈદિરા ગાંધી તરીકે પ્રોજેક્ટ કરી હતી. કેમકે કર્ણાટકના ચિકમંગલુર બેઠક પરથી ઈન્દિરા ગાંધીએ ચૂંટણી લડી હતી. પ્રચારમાં ખુદ સોનિયા ગાંધી પણ મેદાનમાં ઉતર્યા હતા અને એક જાહેર સભાને સંબોધન કરતી વખતે સાર્વભૌમત્વ શબ્દના મામલે ચૂંટણી પંચને ભાજપે ફરિયાદ પણ કરી હતી. બીજી તરફ એમ મનાય છે કે કોંગ્રેસને ભારત જોડો યાત્રા ફળી રહી છે. આ યાત્રા દ્વારા રાહુલે દેશ આખામાં કોંગ્રેસને બેઠી કરવાનો પ્રયાસ કર્યો હતો.

કર્ણાટકમાં સત્તા મળતા કોંગ્રેસ વધુ ચેતનવંતી બની શકે કર્ણાટક બાદ મધ્યપ્રદેશ, રાજસ્થાન વગેરેમાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આવી જ જોરદાર ટક્કર જામે એમ પણ માનવામાં આવી રહ્યો છે.

### ગુજરાતના દરિયામાંથી...

217 કરોડનું 30.600 કિલો હેરોઈન ઝડપાયું હતું. આ ડ્રગ્સ પાકિસ્તાનથી રાજકોટ આવ્યું હતું અને તેની દિલ્હીમાં ડિલિવરી કરવાની હતી. નાઈજીરીયન વ્યક્તિ તેની ડિલિવરી લેવાનો હતો. ત્યારે ATSએ ડુપ્લિકેટ પેકેટ તૈયાર કરીને મોકલતા નાઈજીરિયન વ્યક્તિ તેને લેવા આવ્યો હતો. આમ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

### કર્ણાટક પરિણામ...

દર્શાવે છે' રાઉતે કહ્યું, કર્ણાટકનું પરિણામ 2024નું ચિત્ર દર્શાવે છે.

મહારાષ્ટ્રમાંથી કેટલાક લોકો કર્ણાટકની ચૂંટણીમાં પ્રચાર કરવા ગયા, તેઓ જ્યાં ગયા ત્યાં ભાજપનો પરાજય થયો છે. આ વાનખેડેના સમર્થનમાં ભાજપના જોરદાર નેતાઓ ઉભા હતા, આ બધા લોકો લોબિંગ કરતા હતા, દિલ્હીથી મુંબઈ સુધી સભાઓ થતી હતી.

### ચક્રવાત 'મોચા' ...

વિભાગ (IMD) IMD એ જણાવ્યું છે કે ચક્રવાત 'મોચા'ની પવનની ઝડપ 175 કિમી છે. પ્રતિ કલાક ક્રોસિંગની પણ શક્યતા છે. 'મોચા'ની અસરને કારણે 13 મેના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ઉત્તર પૂર્વના ત્રિપુરા અને મિઝોરમમાં આજે ઘણી જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે. જ્યારે નાગાલેન્ડ, મણિપુર અને દક્ષિણ આસામમાં મોચાની અસરને કારણે 14 મેના રોજ ઘણી જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે.'

## બરાનપુરામાં દરિયાઇ જીવની તસ્કરી ઝડપાઇ, 23 દરિયાઇ જીવ મળી આવ્યાં

ગુજરાત | વંદન

વડોદરામાં દરિયાઇ જીવની તસ્કરીનો પર્દાફાશ થયો છે. બાતમીને આધારે વન વિભાગની ટીમે 23 દરિયાઇ જીવ જપ્ત કર્યા છે. બરાનપુરામાં દરિયાઇ જીવની તસ્કરી થતી હોવાની વન વિભાગની ટીમને બાતમી મળી હતી. છેલ્લા ઘણા સમયથી ધરમસિંહ નામનો શખ્સ દરિયાઇ જીવની તસ્કરી કરતો હોવાની ફરિયાદ હતી. જેને લઇ બરાનપુરામાં વન વિભાગની ટીમે ધરમસિંહ રાણાના ઘરે દરોડા પાડ્યાં હતા અને તપાસ કરતા ઘરમાંથી કાચબા અને અન્ય 23 દરિયાઇ જીવ મળી આવ્યાં હતા.

પોલીસે દરોડા પાડતા બે કાચબા સાથે કેમિકલમાં મુકેલા દરિયાઇ જીવ પણ મળી આવ્યા હતા. હાલ પોલીસે દરિયાઇ જીવનો કબજો મળેવી ધરમસિંહ રાણા સામે ગુનો નોંધ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મધ્યપ્રદેશમાં બસ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારને મોરારિબાપુ દ્વારા 2.64 લાખની સહાય



ગુજરાત | વંદન

ગઈકાલે મધ્યપ્રદેશના ખરગોન જિલ્લામાં એક બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. આ બસમાં 50થી વધુ યાત્રિકો મુસાફરી કરી રહ્યા હતા અને વહેલી સવારે ડ્રાઈવરને ઝોકું આવતા બસ પુલ પરથી નીચે પડી હતી અને તેમાં મુસાફરી કરી રહેલા 24 મુસાફરોના કરુણ મૃત્યુ થયા હતા.

પૂજ્ય મોરારીબાપુ એ આ તમામ હતભાગી મુસાફરોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા 11000 લેખે કુલ રૂપિયા 2,64,000 ની હનુમંત પ્રસાદી અર્પણ કરી છે.

સ્થાનિક પ્રશાસન પાસેથી મૃત્યુ પામનાર લોકોની વિગતો મેળવવામાં આવી રહી છે. આ તમામ મુસાફરોના પરિજનોને શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ તલગાજરડા તરફથી તેમના બેંક ખાતામાં સહાયની રકમ મોકલી આપવામાં આવશે. પૂજ્ય મોરારિબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે શ્રી હનુમાનજીનાં ચરણોમાં પ્રાર્થના કરી છે અને તેમનાં સ્વજનોને દિલસોજી પાઠવી છે.

---

**અનુસંધાન પેજ 12 પરથી...**

### 108ને ફેરા...

કેશોદમાં 44.1 ડિગ્રી, અમરેલી અને કંડલામાં 44 ડિગ્રી અને વડોદરા તથા રાજકોટમાં 43.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ગુજરાત અને અમદાવાદમાં આ મહિને 8 મેના રોજ ગર્મી સંબધિત મામલામાં સૌથી વધારો જોવા મળ્યો હતો. મે મહિનામાં રાજ્યમાં રોજના સરેરાશ 690 કેસની સરખામણીએ 8 મેના રોજ 813 કેસ અથવા 18 ટકાનો વધારો જોવા મળ્યો હતો. અમદાવાદમાં 215 કેસ નોંધાયા હોવાથી આ વધારો 31 ટકા હતો. જે દરરોજ સરેરાશ 164 કેસ છે.

ગુજરાત અને અમદાવાદ બંને માટે બીજા નંબરના સૌથી વધુ કેસ 10મેના રોજ નોંધાયા હત, એવું એક EMRIના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. ગરમી સંબંધિત ઈમરજન્સીનું વિશ્લેષણ સૂચવે છે કે, પેટમાં દુ:ખાવો એ સૌથી સામાન્ય ફરિયાદ હતી. ત્યારબાદ બેભાન થવું, ઉલટી અને ઝાડા, ખૂબ તાવ અને માથાનો દુ:ખાવો. ગુજરાતમાં મે મહિનામાં અત્યાર સુધીમાં હીટસ્ટ્રોકના 12 કેસ નોંધાયા છે. જેમાંથી એક કેસ અમદાવાદમાં નોંધાયો હતો.

### સાસુમા સાવધાન...

ગંભીર ઈજા પહોંચાડવા, પોલીસની ફરજમાં અડચણરૂપ બનવા અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવા બદલનો કેસ નોંધવામાં આવ્યો હતો.

થોડા સમય પહેલા છોટા ઉદેપુરમાં આવી ઘટના બની હતી, જ્યાં કાકી સાસુ સાથે રહેતી ભત્રીજા વહુએ તેમને વળગણ હોવાની અંધશ્રદ્ધા રાખી મોતને ઘાટ ઉતાર્યા હતા. કાકી સાસુ પાણી ભરતા હતા તે સમયે વહુએ તેમના પર હથિયારથી હુમલો કર્યો હતો અને બંને હાથના કાંડા કાપી નાખ્યા હતા.

આટલાથી ન અટકતાં તેણે તેમના માથા, છાતી અને ગળાના ભાગ પર પણ ઘા માર્યા હતા. જે બાદ તેમને 20 ફૂટ દૂર લઈ ગઈ હતી અને કરપીણ હત્યા કરી હતી. આ અંગે જાણ થતાં પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી અને વહુની ધરપકડ કરી હતી.

### લગ્નમાં DJ ને...

દીકરીઓને સમજાવવા જોઈએ તેવી શીખ માં બાપને પણ આપી હતી .. વાવ બેઠકનાકોંગ્રેસી ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે કહ્યું કે, DJ ના કારણે લગ્ન પ્રસંગમાં મતભેદ ઊભા થાય છે. જેને લઈ હવે DJ વગર લગ્નના ફેરા ફરવાની ના પાડનારાઓને સમજાવવાના હોય. સમાજના દીકરા-દીકરીઓ DJ વિના લગ્ન નથી કરતા તો હવે સમાજે પણ લગ્નમા DJ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવો જોઈએ. ડીજે હવે સામાજિક દૂષણ છે એવો સંદેશ પોતાના હાલના આ નવા નિવેદનથી ગેનીબેન આપ્યો હતો.

**અનુસંધાન પેજ 10 પરથી...**

### લો નક્કી થયું...

પસાર થઈ રહ્યો હતો જ્યારે તારાના મૂળમાંનું બળતણ સમાપ્ત થવાનું શરૂ થાય છે. લાલ વિશાળ તારાઓ તેમના મૂળ વ્યાસ કરતાં 100 ગણા સુધી ફૂલી શકે છે અને નજીકના ગ્રહોને ગળી શકે છે.

કેમ્બ્રિજમાં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના ખગોળશાસ્ત્રી અને આ અભ્યાસના મુખ્ય લેખક, કિશલય ડેએ જણાવ્યું હતું કે આવા વર્તનની આગાહી ઘણા દાયકાઓ પહેલા કરવામાં આવી હતી, પરંતુ આપણા વૈજ્ઞાનિકો આ પ્રક્રિયાને પહેલીવાર અવલોકન કરી શક્યા છે . આ વખતે ટીમે નીયર અર્થ ઓબ્જેક્ટ વાઈડ ફીલ્ડ ઈન્ફ્રારેડ સર્વે એક્સપ્લોરર (નિયોવાઈસ) અવકાશયાનનો ઉપયોગ કરીને આ ઘટનાનું અવલોકન કરવામાં આવ્યું હતું..

જે ગ્રહ ગળી ગયો તે ગુરુના કદનો ગ્રહ એટલે કે ગરમ ગુરુ અથવા ગરમ ગુરુ હતો.અહીં નજીકના સાથી તારાને ગળી જવાને બદલે આ વખતે કોઈ ગ્રહને ગળી જવાની ઘટના જોવા મળી હતી. જો કે આ ગ્રહ ઘણો મોટો હતો, પરંતુ તેના પોતાના તારાની ભ્રમણકક્ષા ખૂબ જ નાની હતી, જેના કારણે આ ગ્રહ પૃથ્વીના એક દિવસના સમયમાં તેના તારાની પરિક્રમા કરતો હતો અને બુધ ગ્રહથી ઓછા અંતરે સ્થિત હતો.

સંશોધકો કહે છે કે જ્યારે આ ઘટનાએ ગ્રહ તરફ બહાર નીકળવાનો કોઈ પ્રયાસ દર્શાવ્યો નથી, ત્યારે તેમનો ડેટા પુરાવો આપે છે કે ગ્રહો તેમના પોતાના ગુરુત્વાકર્ષણ દ્વારા તારાની સપાટીને અસર કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ આ કિસ્સામાં ગ્રહ પૃથ્વી કરતાં હજાર ગણો ભારે હોવાથી, તેથી ગ્રહની બાજુથી કોઈ પ્રવૃત્તિ જોવા મળી નથી. હવે વૈજ્ઞાનિકો આવી વધુ ઘટનાઓ જોવાની અપેક્ષા રાખી રહ્યા છે.

## જામનગર-વડોદરા ઈન્ટરસીટી એક્સ, આંશીક રદ; અમદાવાદ સુધી જ જશે

ગુજરાત | વંદન

વડોદરા ડિવિઝનમાં આવેલ રનોલીઅનેબાજવાસ્ટેશન વચ્ચે સ્થિત બ્રિજ નંબર 61452 ગર્ડર લોંચ કરવા માટે એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે જેના લીધે રાજકોટ ડિવિઝન થી પસાર થનારીજામનગર-વડોદરા ઈન્ટરસિટીએક્સપ્રેસ આંશિક રીતે રદ કરવામાં આવેલ છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, 14મી મે, 2023 (રવિવાર) ના રોજ, ટ્રેન નંબર 22960જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ જામનગર સ્ટેશનથી રવાના થઈને અમદાવાદ સ્ટેશન સુધી જશે.



આમ આ ટ્રેન અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રેલવેતંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનની કામગીરી સંબંધિત નવીનતમ અપડેટસ માટેwww.enquiry.indianrail.gov.inની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# મોટી કંપનીઓના લોગોમાં છુપાયેલા છે મોટા 'રહસ્ય'

■ Amazon, Domino's, Apple વગેરેના લોગોમાં પણ છે રહસ્યો

ગુજરાત | વંદન

આપણી આસપાસ ઘણી એવી વસ્તુઓ હોય છે, જે આપણે બાળપણથી જ જોતા આવ્યા છીએ. તેમ છતા, આપણે તે વસ્તુઓ સાથે જોડાયેલી ઘણી નાની પરંતુ મહત્વપૂર્ણ બાબતોથી અજાણ રહીએ છીએ. ઘણી વખત આ બાબતોને લઈને આપણા મનમાં પ્રશ્નો પણ આવે છે, પરંતુ પછી જવાબના અભાવે, આપણે ફરી એક વાર તેને અવગણીએ છીએ અને આગળ વધી જઈએ છીએ. ઉદાહરણ તરીકે, આપણે કોઈ કંપનીના લોગો વિશે વાત કરીએ. નાનીથી મોટી કંપનીઓ માર્કેટમાં પોતાની ઓળખ બનાવવા માટે એક ખાસ અને અલગ ડિઝાઈન બનાવે છે, જેને સામાન્ય ભાષામાં 'લોગો' કહે છે. નાનપણથી લઈને આજ સુધી, તમે નથી જાણતા કે, તમે કેટલી કંપનીઓના લોગો જોયા છે, પરંતુ શું તમે ક્યારેય તેમની પાછળ છુપાયેલ અર્થ જાણવાનો પ્રયાસ કર્યો છે?

## ડોમિનોઝ

ડોમિનોઝ પરથી પિત્જા મંગાવીને તો તમે ઘણી વખત ખાધો હશે, પરંતુ શું તમે ક્યારેય તેના લોગો પર ધ્યાન આપ્યું છે? તસવીરના લોગોને ધ્યાનથી જોશો તો તેમાં ત્રણ ડોટ કરેલા જોવા મળશે. આ પણ ડિઝાઈન માટે જ નથી. વાસ્તવમાં, Domino'sના લોગો પર બનેલા આ ત્રણ ડોટ ડોમિનોઝના સ્ટોર્સના શરૂઆતના ત્રણ લોકેશનને દર્શાવે છે.

## એપ્પલ

આજે એપ્પલનો લોગો હાફ કટ એપલ છે, પરંતુ આ લોગોમાં ઘણા ફેરફારો પણ કરવામાં આવ્યા છે. જાણકારી માટે તમને જણાવી દઈએ કે, એપલ કંપનીની સ્થાપના વર્ષ 1976માં થઈ હતી. તે સમયે તેના લોગોમાં આઈઝેક ન્યૂટન બનાવવામાં આવ્યું હતું અને ઉપર એક સફરજન લટકતું હતું, પરંતુ વર્ષ 1977માં કંપનીના કો-ફાઉન્ડર સ્ટીવ જોબ્સને આ લોગો ખાસ ન લાગ્યો. આ પછી, તેમણે રોબ જાનોફ નામના ગ્રાફિક ડિઝાઈનરને નવો લોગો ડિઝાઈન કરવાની જવાબદારી આપી. રોબે જાનોફે જ એપ્પલને તેનો લોગો આપ્યો છે. પરંતુ અડધુ કપાયેલો જ કેમ? આની જગ્યાએ પુરૂ સફરજન પણ આપી શકાતુ હતુ. રોબ જાનોફે આનો પણ ખુલાસો કર્યો છે, કોડ્સજેસ્ચર નામની વેબસાઈટ અનુસાર, રોબે લોગો માટે એક બાઈટ કરેલુ સફરજન પસંદ કર્યુ જેથી લોકો સરળતાથી સમજી શકે કે, તે ચેરી કે ટામેટુ નહીં પણ સફરજન છે.

## એમેઝોન

ચિત્રમાં જોઈ શકાય છે તેમ, એમેઝોન લોગો પર એક તીર છે. ઘણીવાર લોકો વિચારે છે કે, આ તીર માત્ર એક ડિઝાઈન છે અને લોગોમાં સર્જનાત્મકતા ઉમેરવા માટે આપવામાં આવ્યું છે, પરંતુ એવું બિલકુલ નથી. તમને જાણીને નવાઈ લાગશે કે, એમેઝોનના લોગોમાં બનેલા આ તીરમાં પોતાનામાં ખાસ અર્થ છુપાયેલો છે. ધ્યાનથી જોતા દેખાશે કે, આ તીર A થી શરૂ થાય છે અને Z પર સમાપ્ત થાય છે. આ રીતે તે દર્શાવે છે કે A ટુ Z સુધીનો દરેક પ્રકારનો સામાન એમેઝોન પર ઉપલબ્ધ છે.

## ડેલ

ડેલનો લોગો એકદમ સરળ છે, પરંતુ એક વસ્તુ જે લોકોનું ધ્યાન ખેંચે છે તે છે ત્રાંસો 'E'. કંપનીના વિકાસના શરૂઆતના દિવસો દરમિયાન, ડેલના સ્થાપકે કહ્યું હતું કે, 'Turn the world on its ear', એન્ગલ્ડ "e" આ અભિગમને પ્રતિબિંબિત કરે છે.

# વેઈટ એન્ડ વોચ ઈકવીટી મ્યુચ્યુઅલ ફંડમાં ઈન્વેસ્ટરોનું એપ્રિલમાં રોકાણ 68 ટકા ઘટયુ




ગુજરાત | વંદન

ઈકવીટી મ્યુચ્યુઅલ ફંડમાં એપ્રિલ મહિનામાં ઈનફલો 68 ટકા ઘટીને રૂા.6480 કરોડ થયો હતો. રોકાણકારોએ વેઈટ એન્ડ વોચનો અભિગમ અપનાવ્યો હતો. જોકે તેમ છતા સતત 26 મા મહિને ઈકવીટીમાં ઈનફલો જળવાયો હતો. દરમ્યાન સિસ્ટેમેટીક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)થી રોકાણ એપ્રિલમાં ઘટીને રૂા.13,727 કરોડ થયુ હતું.

જે માર્ચમાં રૂા.14,276 કરોડ હતું. એસોસીએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ ઈન ઈન્ડીયા (એમ્ફી)એ ગુરૂવારે જાહેર કરેલા ડેટા અનુસાર ઈકવીટી મ્યુચ્યુઅલ ફંડસમાં એપ્રિલમાં રૂા.6480 કરોડ ઠલવાયા હતા. માર્ચમાં તેમાં રૂા.20,534 કરોડ ઠલવાયા હતા. સ્મોલ કેપ ઈકવીટી સ્કીમમાં રૂા.2182 કરોડનું રોકાણ આવ્યુ હતું. જયારે મીડ કેપ ઈકવીટી સ્કીમમાં રૂા.1791 કરોડનું રોકાણ આવ્યું હતું. મોટાભાગની ઈકવીટી કેટેગરીમાં રોકાણ ધીમુ પડયુ હતું. તેમ છતા એકમાત્ર ફોકસ્ડ ઈકવીટી કેટેગરીમાં જ આઉટફલો જોવાયો હતો. તેમાંથી રૂા.131 કરોડ પાછા ખેચાયા હતા.

42 ફંડ હાઉસીસની મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીઝમાં એપ્રિલમાં ટર્ન અરાઉન્ડ જોવાયું હતું. અને 1.21 લાખ કરોડનું રોકાણ થયુ હતું.જોકે મોટાભાગે ડેટ ઓરીએન્ટેડ સ્કીમમા રોકાણ થયુ હતું. માર્ચમાં આ ઈન્ડસ્ટ્રીઝમાંથી રૂા.19,263 કરોડ પાછા ખેચાયા હતા. ડેટ ફંડસમાં એપ્રિલમાં રૂા.1.06 લાખ કરોડ ઠલવાયા હતા. અગાઉના મહિનામાં તેમાંથી રૂા.56,884 કરોડનો આઉટફલો જોવાયો હતો. મ્યુચ્યુઅલ ફંડસની કુલ એસેટસ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) વધીને એપ્રિલના અંતે રૂા.41.62 લાખ કરોડ થઈ હતી. જે માર્ચનાં અંતે રૂા.39.42 લાખ કરોડ હતી.

# નાણામંત્રીની ચેતવણી, US 'ગંભીર આર્થિક મંદી'ના આરે

ગુજરાત | વંદન

અમેરિકાના નાણા મંત્રી જેનેટ યેલેને આ પહેલા એક વખત અમેરિકા વિશે ચેતવણી આપી હતી, હવે તેણે ફરી ચેતવણી આપી છે કે અમેરિકા 'ગંભીર આર્થિક મંદી'ના આરે ઊભું છે. તાજેતરમાં વિશ્વના પીઢ રોકાણકાર વોરેન બફેટે પણ અમેરિકાની આર્થિક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે.



અમેરિકામાં જ્યારથી મોટી બેંકોને તાળાબંધી કરવામાં આવી છે ત્યારથી નાની બેંકો પર પણ તેની અસર શેરબજારમાં દેખાવા લાગી છે. શેરબજારમાં નાની બેંકોમાં સતત ભારે વેચવાલી જોવા મળી રહી છે. બજારના નિષ્ણાતોથી લઈને અર્થશાસ્ત્રીઓ પણ અમેરિકાની આર્થિક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. યેલેન કહે છે કે દેવાની ટોચમર્યાદા વધારવામાં નિષ્ફળતા યુએસમાં ગંભીર આથક મંદી તરફ દોરી શકે છે. તેમણે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ અનુસાર જૂન સુધીમાં લોનની મર્યાદા પાર કરી શકાય છે. આનાથી ટેક્સ કલેક્શનમાં ઘટાડો થશે અને તેથી દેવું વધશે. તેમણે સૂચવ્યું કે યુએસ સંસદે આ 'આર્થિક આપત્તિ' ટાળવા માટે કાર્યવાહી કરવાની જરૂર છે.

વોરેન બફેટે પણ બેંકિંગ સિસ્ટમ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું હતું કે અમેરિકન બેંકોને આગળ વધુ અશાંતિનો સામનો કરવો પડી શકે છે. જો કે, બેંકોમાં થાપણો સુરક્ષિત છે. જો આ પ્રતિકુળતા ચાલુ રહેશે તો બેંકિંગ સિસ્ટમ અસ્થાયી રૂપે અટકી શકે છે.

### એનર્જી ટ્રાન્ઝેક્શન એડવાઈઝરી કમિટીએ કરી ભલામણ

# દેશના તમામ શહેરોમાં 2027 સુધી 10 વર્ષથી જૂના ડીઝલ વાહનો પર લાગી શકે છે પ્રતિબંધ

■ રિપોર્ટમાં તમામ જૂના ડીઝલ વાહનોને સીએનજી અને ઈલેક્ટ્રિકમાં કન્વર્ટ કરવાની ભલામણ પણ કરાઈ

ગુજરાત | વંદન



દિલ્હી NCR ફોર્મ્યુલાને અનુસરીને, 2027 સુધીમાં, દેશભરમાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં 10 વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે. પેટ્રોલિયમ મંત્રાલયના પૂર્વ સચિવ તરુણ કપૂરની આગેવાની હેઠળની એનર્જી ટ્રાન્ઝેક્શન એડવાઈઝરી કમિટીએ પોતાના રિપોર્ટમાં આની ભલામણ કરી છે. કમિટીએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, 10 લાખની વસ્તીવાળા શહેરોમાં ડીઝલથી ચાલતા ફોર-વ્હીલરના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો જોઈએ અને ઈલેક્ટ્રિક અને ગેસથી ચાલતા વાહનો પર સ્વિચ કરવું જોઈએ.

પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા સોંપવામાં આવેલા અહેવાલ મુજબ, સમિતિના અહેવાલમાં 2035 સુધીમાં આંતરિક કમ્બશન એન્જિનવાળા મોટરસાયકલ, સ્કૂટર અને થ્રી-વ્હીલરને તબક્કાવાર હટાવવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં સરકારને પોતાનો અહેવાલ સુપરત કરનારી પેનલે જણાવ્યું હતું કે, લગભગ 10 વર્ષમાં શહેરી વિસ્તારોમાં કોઈ ડીઝલ સિટી બસ ન હોવી જોઈએ. જોકે, સરકારે હજુ સુધી આ રિપોર્ટનો સ્વીકાર્યો નથી.

રિપોર્ટ જણાવે છે કે "2035 સુધીમાં આંતરિક કમ્બશન એન્જિન ટુ વ્હીલર - થ્રી વ્હીલર વાહનોને તબક્કાવાર રીતે બહાર નીકળવાની તૈયારીમાં ઈવીને શ્રેષ્ઠ ઉકેલ તરીકે પ્રમોટ કરી શકાય છે. મધ્યમ ગાળામાં, વધતા સંમિશ્રણ ગુણોત્તર સાથે ઈથેનોલ-મિશ્રિત ઈંધણ માટે પોલિસી સપોર્ટ પ્રદાન કરવાની પણ જરૂર છે.

આ સાથે, રિપોર્ટમાં પેસેન્જર કાર અને ટેક્સી સહિતના ફોર વ્હીલરને અંશતઃ ઈલેક્ટ્રિક અને અંશતઃ ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલમાં દરેક કેટેગરીમાં લગભગ 50 ટકા હિસ્સા સાથે સ્થાનાંતરિત કરવા માટે પણ કહેવામાં આવ્યું છે.

કમિટીએ ઈલેક્ટ્રિક બસો ખરીદવાનું સૂચન કર્યું હતું. એનર્જી ટ્રાન્જેકશન એડવાઈઝરી કમિટીએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે, આગામી ડિઝલથી ચાલતી બસોનું રજિસ્ટ્રેશન માત્ર 2024 સુધી જ કરવામાં આવે. અને આગામી 10 વર્ષોમાં પબ્લીક ટ્રાન્સપોર્ટ માટે 75 ટકા વાહનો ઈલેક્ટ્રીક વાહન લગાવવામાં આવવા જોઈએ.

ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે, કેન્દ્ર સરકાર સહિત તમામ રાજ્ય સરકારોએ ઈલેક્ટ્રિક વાહનો અંગે નવી નીતિ જાહેર કરી છે, જેમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે આકર્ષક સબસિડી પણ આપવામાં આવી રહી છે.

એનર્જી ટ્રાન્ઝેક્શન એડવાઈઝરી કમિટીએ આ રિપોર્ટમાં તમામ જૂના ડીઝલ વાહનોને સીએનજી અને ઈલેક્ટ્રિકમાં કન્વર્ટ કરવાની ભલામણ પણ કરી છે, જેથી તેનો ઉપયોગ ચાલુ રહે. આ મુજબ, જો તમારી પાસે 10 વર્ષ જૂની ડીઝલ કાર છે અને તમે તેને આગળ ચલાવવા માંગો છો, તો તમારે તે કારને CNG અથવા ઈલેક્ટ્રિક પ્લેટફોર્મ પર અપગ્રેડ કરવી પડશે.

# માઈક્રોસોફ્ટ AI સ્ટાર્ટઅપમાં રોકાણ કરશે

■ આ ભાગીદારીથી વ્યવસાયોને સશક્ત કરવા અને બજારમાં કંપનીની હાજરી વધારવા મદદ મળશે



ગુજરાત | વંદન

લંડન સ્થિત AI સ્ટાર્ટઅપ Builder.ai એ એપ્લિકેશન ડેવલપમેન્ટ અને AI-સંચાલિત સોલ્યુશન્સ પર સહયોગ કરવા માટે ટેક અગ્રણી માઈક્રોસોફ્ટ પાસેથી રોકાણ સુરક્ષિત કર્યું છે. જોકે, રોકાણની રકમનો ખુલાસો કરવામાં આવ્યો નથી. આ ભાગીદારીનો હેતુ માઈક્રોસોફ્ટની Azure સેવાઓ અને Builder.ai ની સોફ્ટવેર એસેમ્બલી લાઈન વચ્ચે જોડાણ સ્થાપિત કરીને વ્યવસાયોને સશક્ત કરવાનો અને બજારમાં કંપનીની હાજરી વધારવાનો છે.

Builder.ai ના AI પ્રોડક્ટ મેનેજર નતાશાનું માઈક્રોસોફ્ટ ટીમ્સ સ્ટોરમાં એકીકરણ માઈક્રોસોફ્ટના ગ્રાહકોને તેમના બિઝનેસ મોડલ એપ્લિકેશન્સ માટે પ્રોટોટાઈપ બનાવવામાં મદદ કરશે. વધુમાં, Builder.ai વ્યવસાયોને Azure પર ક્લાઉડ સેવાઓની એકીકૃત ઍક્સેસ પ્રદાન કરશે. આ તેમના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં મદદ કરશે.

Builder.ai એ એક વર્ષ પહેલા સિરીઝ C ફંડિંગમાં $100 મિલિયન એકત્ર કર્યા હતાઈનસાઈટ પાર્ટનર્સની આગેવાની હેઠળના સિરીઝ C ફંડિંગ રાઉન્ડમાં Builder.ai એ100 મિલિયન ડોલર એકત્ર કર્યાના લગભગ એક વર્ષ પછી માઈક્રોસોફ્ટનું રોકાણ આવ્યું છે. 2016 માં સ્થપાયેલ સ્ટાર્ટઅ Builder.ai, એઆઈ ટેક્નોલોજીનો લાભ લેતા, વ્યાપક કોડિંગ જ્ઞાન વિના એપ્લીકેશન બનાવવા માટે સાહસિકોને સક્ષમ કરતું પ્લેટફોર્મ પૂરું પાડે છે. Builder.ai દાવો કરે છે કે તેનું પ્લેટફોર્મ પરંપરાગત માનવ ટીમો કરતાં છ ગણી ઝડપી અને 70% સુધી સસ્તી સોફ્ટવેર અને એપ્સ વિકસાવી શકે છે.

આ ભાગીદારીને માઈક્રોસોફ્ટની Googleની વર્કસ્પેસ સાથે સ્પર્ધા કરવા માટે તેની AI ક્ષમતાઓનો લાભ લેવાની તૈયારી તરીકે જોવામાં આવે છે. નોંધનીય છે કે, IMARCના એક રિપોર્ટ અનુસાર, ભારતનું AI માર્કેટ 2028 સુધીમાં $3.9 બિલિયનને પાર કરવાનો અંદાજ છે. નવીનતા અને કાર્યક્ષમતાને આગળ વધારવા માટે AI ટેક્નોલોજીની સંભવિતતા સાથે, Builder.ai જેવા સ્ટાર્ટઅપ્સ ડિજિટલ યુગમાં વ્યવસાયોની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયારી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ભવિષ્યમાં ભારતને પણ તેનો ફાયદો મળી શકે છે.

# બેંકોમાં પડેલા 35000 કરોડ રૂપિયાનું કોઈ દાવેદાર નથી

■ આ રકમ અલગ અલગ બેંકોના ૧૦.૨૪ કરોડ ખાતાઓમાં જોવા મળી હતી



ગુજરાત | વંદન

ભારતની જાહેર ક્ષેત્રની બેંકોમાં અઢળક નાણુ પડયું છે જેનું કોઈ દાવેદાર નથી. એક વાર મુકયું પછી ભૂલી ગયા કે શું થયું એ ખબર નથી પરંતુ આ રકમ નાની સુની નથી ૩૫૦૦૦ કરોડ રુપિયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર થોડાક સમય પહેલા આ નાણાના સેટલમેંટનો સરકારે નિર્ણય કર્યો છે. પબ્લિક સેકટરની બેંકોમાં ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં કલેઈમ નગરની અધધ.. ૩૫૦૦૦ કરોડની રકમ રિઝર્વ બેંકને ટ્રાન્સફર કરવામાં આવી છે.

આ રકમ જે ખાતામાં છેલ્લા ૧૦ કરતા પણ વધુ સમયથી કોઈ પણ પ્રકારનું લેણદેણ થયું નથી તે છે. આ રકમ અલગ અલગ બેંકોના ૧૦.૨૪ કરોડ ખાતાઓમાં જોવા મળી હતી. નાણામંત્રીએ ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલની બેઠકમાં આને લઈને એક વિશેષ અભિયાન ચલાવવાનો સંકેત આપ્યો હતો. આ રકમ બેંકિંગ શેર,ડિવિડન્ટ,મ્યૂચ્યૂઅલ ફંડ અથવા તો ઈન્શયોરસ રકમ સ્વરુપે પડી છે. આ રકમને સંબંધિત વ્યકિત સુધી પહોંચાડવા માટે ફૂલપ્રુફ આયોજન કરવામાં આવશે. નિષ્ણાતોનું માનવું છે કે અન કલેઈમ રકમ પડી રહેવાનું કારણ ખાતાધારક ભૂલી ગયા હોય અથવા તો તેમની હયાતી ના હોય અને પરીવારના સભ્યોને જાણ ના હોય તેવું બની શકે છે.

# નાણાંકીય વર્ષ 2023માં કૃષિ નિકાસ 9% વધીને 26.3 અબજ ડોલર થઈ

■ ભારત વિશ્વમાં ચોખાનો સૌથી મોટો નિકાસકાર છે અને હાલમાં વૈશ્વિક અનાજ વેપારમાં ૪૫% હિસ્સો

ગુજરાત | વંદન




ભારત હવે સર્વિસની સાથે કૃષિ ક્ષેત્રે પણ નિકાસના મોરચે હરણફાળ ગતિ ભરી રહ્યું છે. દેશના કૃષિ નિકાસમાં ગત નાણાંકીય વર્ષમાં ૯%નો વધારો જોવા મળ્યો છે.

ચોખા, ફળો અને શાકભાજી, પશુધન અને ડેરી ઉત્પાદનોના શિપમેન્ટમાં વધારો થવાને કારણે ૨૦૨૨ની તુલનામાં કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સની નિકાસ ૨૦૨૨-૨૩ના નાણાંકીય વર્ષમાં ૯ ટકા વધીને ૨૬.૩ અબજ ડોલર થઈ છે. કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી બાસ્કેટ હેઠળના ઉત્પાદનોના શિપમેન્ટે ૨૦૨૩ માટે ૨૩.૫૬ અબજ ડોલરના લક્ષ્યાંકને વટાવી દીધો છે.

ભારતે ગત વર્ષે તૂટેલા ચોખાના શિપમેન્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો અને સફેદ ચોખા પર ૨૦% નિકાસ કર લાદ્યો હોવા છતાં ચોખાની નિકાસમાં વધારો થયો છે. ડિરેક્ટોરેટ જનરલ આફ કોમશયલ ઈન્ટેલિજન્સ એન્ડ સ્ટેટિસ્ટિક્સ અનુસાર ૨૦૨૩માં ચોખાની નિકાસનું મૂલ્ય વાર્ષિક ધોરણે ૧૫%થી વધુ વધીને ૯.૬ અબજ ડોલરની સરખામણીએ રેકોર્ડ ૧૧.૧ અબજ ડોલર બિલિયન થયું હતું. વોલ્યુમની દ્રષ્ટિએ ચોખાનું શિપમેન્ટ વાર્ષિક દ્રષ્ટિએ ૫% વધીને ૨૨.૩૪ મિલિયન ટન (એમટી) થયું હતું. પશ્ચિમ એશિયાના દેશો, આફ્રિકા અને યુરોપની મજબૂત વૈશ્વિક માંગ અને ટોચના નિકાસકાર ગણાતા પાકિસ્તાનમાં પૂર જેવા પરિબળોને કારણે ડાંગરના પાકના મોટા ભાગને ભારે અસર થતા ભારતની ચોખાની નિકાસમાં વૃદ્ધિ જોવા મળી છે. છેલ્લા એક દાયકામાં ભારત વિશ્વમાં ચોખાનો સૌથી મોટો નિકાસકાર છે અને હાલમાં વૈશ્વિક અનાજ વેપારમાં ૪૫% હિસ્સો ધરાવે છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (યુએસડીએ), તેના એપ્રિલ ૨૦૨૩ના ક્રોપ આઉટલૂકમાં જણાવ્યું હતું કે 'ભારતના ભાવ વૈશ્વિક સપ્લાયર્સમાં સૌથી વધુ સ્પર્ધાત્મક છે અને ચોખાનો કુલ સપ્લાય લગભગ રેકોર્ડ ઉંચાઈએ છેટ.

એપેડા બાસ્કેટ હેઠળ ઉત્પાદનોની નિકાસ ૨૦૨૧-૨૨માં ૨૫.૬ અબજ ડોલર હતી, જે દેશની ૫૦ અબજ ડોલરથી વધુની કુલ કૃષિ માલની નિકાસના લગભગ ૫૧% હતી. બાકીની કૃષિ પેદાશોની નિકાસમાં તમાકુ, કોફી અને ચાનો સમાવેશ થાય છે.

# આર્થિક સંકટમાં ફસાયેલી Go First એરલાઈનની મિલકતોને ખરીદવામાં કંપનીએ દાખવ્યો રસ

ગુજરાત | વંદન



આર્થિક સંકટમાં ફસાયેલી Go First એરલાઈને દેવાળીયું જાહેર થવા માટે અરજી ફાઈલ કરી દીધી છે. દરમિયાન ભારતની બે મોટી એરલાઈન કંપનીઓ ગો એરલાઈન્સ ઈન્ડિયા લિમિટેડ પાસેથી એરબસ એસઈ વિમાનો ખરીદવા અંગે વિચારણા કરી રહી છે. અહેવાલ અનુસાર ટાટા ગ્રૂપ અને ઈન્ડિગો એરલાઈન્સ ગો એરના લીઝર્સ સાથે આ મામલે મંત્રણા કરી રહી છે.

આ મામલે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે નવી દિલ્હી અને મુંબઈ સહિત એરપોર્ટ ઓપરેટર્સની સાથે લેન્ડિંગ અને પાર્કિંગ સ્લોટ અંગે પણ ચર્ચા ચાલી રહી છે. અહેવાલ અનુસાર ભારતના એવિયેશન રેગ્યુલેટરની સાથે ફાઈલિંગ, ગો એરના લીઝર્સ 36 વિમાનો પાછા ખેંચી લેવાની માગ કરી રહ્યા છે. અહેવાલ અનુસાર અનેક અન્ય એરલાઈન્સ કંપનીઓએ એરપોર્ટના સ્લોટમાં રસ દાખવ્યો છે. તેમાં અકાસા એર પણ સામેલ છે. ગો એરના સૌથી મોટા લીઝર્સમાં સ્કાય હાય એક્સસીવી લીઝિંગ લિમિટેડ, એસીજી એરક્રાફ્ટ લીઝિંગ આયરલેન્ડ લિમિટેડ અને એસએમબીસી એવિયેશન કેપિટલ લિમિટેડ સામેલ છે. આ દરમિયાન એવિયેશન રેગ્યુલેટરે ગો ફર્સ્ટને સોમવારે ટિકિટ વેચાણ બંધ કરી દેવા કહ્યું છે. અગાઉ વિજય માલ્યાની કિંગફિશન એરલાઈન્સ લિમિટેડને લગભગ એક દાયકા અગાઉ આવો જ આદેશ અપાયો હતો.

# માર્ચમાં ઓલટાઈમ હાઈ રહ્યાં બાદ એપ્રિલમાં ઈ-વે બિલની સંખ્યામાં ઘટાડો

ગુજરાત | વંદન




માર્ચમાં ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યા બાદ એપ્રિલમાં ઈ-વે બિલ જારી કરવાની માત્રામાં ઘટાડો જોવા મળ્યો હતો. માર્ચમાં ૯.૦૯ કરોડની સામે એપ્રિલમાં ઈ-વે બિલની સંખ્યા ઘટી ૮.૪૪ કરોડ રહ્યાનું ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ નેટવર્ક (જીએસટીએન)ના ડેટા જણાવે છે.

જો કે ૨૦૨૨ના એપ્રિલમાં ૭.૫૨ કરોડની સરખામણીએ વર્તમાન વર્ષના એપ્રિલના ઈ-વે બિલની સંખ્યા ઘણી વધુ છે. વર્તમાન વર્ષના એપ્રિલમાં જીએસટીની વસૂલીનો આંક રૂપિયા ૧.૮૭ લાખ કરોડ સાથે વિક્રમી રહ્યો હતો. ગયા વર્ષના એપ્રિલમાં આ આંક રૂપિયા ૧.૬૮ લાખ કરોડ રહ્યો હતો.એપ્રિલમાં વસૂલાયેલા ટેકસ માર્ચમાં માલસામાનની હેરફેર તથા પૂરી પડાયેલી સેવા પેટેના હોય છે. રૂપિયા ૫૦,૦૦૦ કે તેથી વધુની કિંમતના માલસામાનની હેરફેર માટે ઈ-વે બિલ કઢાવવાનું રહે છે.

માર્ચ જે તે નાણાં વર્ષનો અંતિમ મહિનો રહેતો હોવાથી આ મહિનામાં સામાન્ય રીતે ઈ-વે બિલની સંખ્યા વધુ રહેતી હોય છે, કારણ કે કંપનીઓ નવા નાણાં વર્ષના પ્રારંભ પહેલા જુનો સ્ટોકસ ખાલી કરી નાખવા માગતી હોય છે. ઈ-વે બિલમાં ઘટાડાનો અર્થ જીએસટી મારફતની આવકમાં ઘટાડો જોવા મળશે એમ એક વેરા નિષ્ણાતે જણાવ્યું હતું.

# મોંઘવારીમાંથી મળી મોટીરાહત, એપ્રિલમાં છૂટક ફુગાવો 4.70%

ગુજરાત | વંદન



દેશવાસીઓને મોંઘવારીમાંથી થોડાઘણા અંશે રાહત મળી છે. રિટેલ મોંઘવારી ઘટી છે. નવા નાણાકીય વર્ષ 2023-24ના પ્રથમ મહિનામાં એપ્રિલમાં છૂટક મોંઘવારી દર ઘટીને 4.70 ટકા પર આવી ગયો છે, જે માર્ચ 2023માં 5.66 ટકા હતો. આ સતત ત્રીજો મહિનો છે જ્યારે ફુગાવાનો દર નીચે આવ્યો છે અને તે 18 મહિનામાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે. આ દરમિયાન ખાદ્ય પદાર્થોનો મોંઘવારી દર પણ નીચે આવ્યો છે. ખાદ્ય ફુગાવો માર્ચ 2023માં 4.79 ટકાથી ઘટીને 4 ટકાથી નીચે 3.84 ટકા પર આવી ગયો છે.રિટેલ ફુગાવો આરબીઆઈના ટોલરેંટ બેન્ડમાં યથાવત છે. RBI દ્વારા મોંઘવારી દરના સહનશીલતા બેન્ડનું ઉપરનું સ્તર ઘટીને 6 ટકા થઈ ગયું છે. આરબીઆઈની નાણાકીય નીતિની બેઠક જૂન મહિનામાં 6 થી 8 જૂન દરમિયાન યોજાશે.

# અદાણી-હિન્ડનબર્ગ મામલામાં જસ્ટીસ સપ્રે સમિતિએ SCને આપ્યો સીલબંધ રિપોર્ટ

ગુજરાત | વંદન



અદાણી અને હિંડનબર્ગ રિપોર્ટના મામલામાં તપાસને લઈને ભારે ઉહાપોહ થયો હતો. તેમાં પણ રિપોર્ટ બંધ કવરમાં આપવા મામલે પણ ઘણા સવાલો ઊભા કરવામાં આવ્યા હતા. જોકે આજે આ મામલાને લઈને માર્ચમાં સુપ્રીમ કોર્ટની બનાવવામાં આવેલી છ સભ્યોની સમિતિએ સીલબંધ કવરમાં પોતાની રિપોર્ટ સુપ્રીમ કોર્ટને સોંપી છે. આ તરફ એક્સપર્ટ પેનલે રિપોર્ટ ફાઈનલ છે કે સમય માગ્યો છે તે નિશ્ચિત નથી થયું પણ બીજી બાજુ કમિટિ સેબીએ પણ શનિવાર સુધી સેબીએ વધુ સમય માગ્યો છે.

અદાણી સમૂહે કહ્યું કે, તે પણ તપાસ રિપોર્ટને લઈને ઉત્સુક છે. સુપ્રીમ કોર્ટે જ્યારે હિંડનબર્ગ રિપોર્ટમાં લગાવવામાં આવેલા આરોપોની તપાસ માટે આર્થિક અને નાણાકિય સંચાલનના તજજ્ઞોની સમિતિ બનાવવાનો આદેશ આપ્યો હતો ત્યારે અદાણી સમૂહના ચેરમેન ગૌતમ અદાણીએ પહેલી પ્રતિક્રિયા આપી હતી કે અમે આ પગલાનું સાવાગત કરીએ છીએ. કારણ કે તપાસ રિપોર્ટથી આ પુરા વિવાદ પર પૂર્ણ વિરામ લગાવી શકાય છે.

રિપોર્ટ સીલ બંધ હોવાના કારણે જોકે હજુ સુધી એ બાબત સામે આવી નથી કે આ ખાસ પેનલ દ્વારા રિપોર્ટમાં કોઈ સીમા વિસ્તાર માગવમાં આવ્યો છે કે,અંતિમ રિપોર્ટ રજુ કર્યો છે. આર્થિક અને નાણાકિય મામલાઓના છ તજજ્ઞોની કમિટી સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસની આગેવાની વાળી પીઠે રચી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# અકાળ મૃત્યુ, હૃદય રોગ, સ્ટ્રોક જેવી ગંભીર પરિસ્થિતિ માટે એકલતા જવાબદાર: રિપોર્ટ




જો તમને એકલવાયુ જીવન પસંદ છે તો તમારે આ શોખને બદલી દેવો જોઈએ કેમ કે એકલતા તમારા સ્વાસ્થ્ય અને ઉંમર બંને માટે જોખમી સાબિત થઈ શકે છે. આવો એક અભ્યાસમાં ખુલાસો થયો છે. એકલતા તમારા જીવનને એટલુ જ નુકસાન પહોંચાડે છે જેટલુ નુકસાન દારૂ અને સિગારેટ પીવાથી થાય છે. એક નવી એડવાઈઝરી અનુસાર સંયુક્ત રાજ્ય અમેરિકામાં એકલતાની મહામારી છે. આ 1 દિવસમાં 15 સિગારેટ પીવા બરાબર છે એટલે કે સંપર્કના અભાવે અકાળે મૃત્યુનું જોખમ વધી શકે છે.

## એકલતાના કારણે આ બીમારીઓનું જોખમ વધી શકે છે

ઘણી હદ સુધી એકલતા માટે કોરોના જવાબદાર છે પરંતુ તાજેતરમાં જ એક રિપોર્ટ જાહેર થયો છે જેમાં જાણવા મળ્યુ છે કે કોરોના મહામારી પહેલા પણ લગભગ અડધા અમેરિકી વયસ્કોએ એકલતાના સરેરાશ દરજ્જાના સ્તરનો અનુભવ કરવાની માહિતી આપી દીધી હતી. એકલતા ખૂબ જ જોખમી છે. એ ચેતવણી આપે છે કે ખરાબ સંપર્કના ફિઝિકલ કંસીક્વેંસેસ ખૂબ જ ખરાબ હોઈ શકે છે. જેમાં હૃદય રોગનું 29 ટકા વધેલુ જોખમ સામેલ છે. સ્ટ્રોકનું 32 ટકા જોખમ અને વૃદ્ધોમાં મનોભ્રમ વિકસિત થવાનું જોખમ 50 ટકા હોય છે. અમેરિકામાં વ્યાપક એકલતા દરરોજ ડઝન સિગારેટ પીવા જેટલુ ઘાતક સ્વાસ્થ્ય જોખમ પેદા કરી શકે છે. એકલતાથી અકાળે મોતનું જોખમ 30 ટકા વધી જાય છે. એકલતા વ્યક્તિની હતાશા, ચિંતા અને મનોભ્રંશમાં વધારો કરે છે. અમેરિકન સર્જન ડોક્ટરે જણાવ્યુ કે તમારી આસપાસ ખૂબ વધારે લોકો છે તો પણ તમે એકલતા અનુભવો છો, કેમ કે એકલતા તમારા સંબંધોની ગુણવત્તા વિશે છે. અમુક યુવાનો હવે સોશિયલ મીડિયાનો ઉપયોગ ઈન-પર્સન રિલેશનશિપના રિપ્લેસમેન્ટ તરીકે કરે છે અને આનો અર્થ ઘણીવખત નિમ્ન-ગુણવત્તા વાળા કનેક્શન હોય છે. તમામ ઉંમરના જૂથોમાં લોકો બે દાયકા પહેલાની તુલનામાં એકબીજા સાથે ઓછો સમય પસાર કરે છે. સલાહકારે જણાવ્યુ કે આ 15-24ની ઉંમર ધરાવતા યુવાનોમાં સૌથી વધુ સ્પષ્ટ છે, જેમનો પોતાના મિત્રો સાથે 70% ઓછો સામાજિક સંપર્ક છે. એકલતા કોઈ અનોખી અમેરિકી સમસ્યા નથી, પરંતુ સમગ્ર દુનિયામાં આધુનિક જીવનની એક વિશેષતા છે.

### આ રીતે એકલતાને દૂર કરી શકો છો

એકલતા દૂર કરવા માટે પ્રિયજનો સાથે 15 મિનિટ પસાર કરો, લોકો સાથે વાત કરતી વખતે સાધનો પરથી ધ્યાન હટાવો અને એકબીજાની મદદ કરવાની રીતોની શોધ કરવી.

# ‘માવાની કુલ્ફી’ ગરમીમાં ખાવાની આવે છે ખુબ મજા, રેસિપી નોંધી લો....

કાળઝાળ ગરમીમાં ઠંડુ ખાવાની મજા કંઈક અલગ જ આવે છે. ઠંડા પીણાથી લઈને કુલ્ફી જેવી અનેક વસ્તુઓ ખાવાની જોરદાર છે. સામાન્ય રીતે વાત કરવામાં આવે તો અનેક લોકો કુલ્ફી બહારથી લાવીને પછી ખાતા હોય છે. પરંતુ તમે માવાની કુલ્ફી ઘરે બનાવો છો તો મસ્ત બને છે અને સાથે ખાવાની મજામાં ડબલ વધારો થાય છે. આ કુલ્ફીની સૌથી મોટી ખાસિયત એ છે કે સરળતાથી બની જાય છે. તો નોંધી લો આ રેસિપી અને ફટાફટ ઘરે બનાવો માવાની કુલ્ફી.



## સામગ્રી

- બે લીટર દૂધ
- બે કપ માવો
- અડધો કપ ખાંડ
- બે ચમચી ઈલાયચી પાવડર
- ત્રણ ચમચી બદામ
- બે ચમચી પિસ્તાના ટુકડા

## બનાવવાની રીત

- માવાની કુલ્ફી બનાવવા માટે સૌ પ્રથમ એક તપેલી લો અને એમાં દૂધ લો.
- દૂધનો એક ઉભરો આવે એટલે ગેસ ધીમો કરી દો.
- દૂધ અડધુ થાય ત્યાં સુધી ઉકાળો.
- પછી આ દૂધમાં માવો, ઈલાયચી પાવડર, ખાંડ અને પિસ્તાના ટુકડા નાખીને મિક્સ કરો.

## આ વસ્તુઓને સારી રીતે મિક્સ કરી લો

- 10 મિનિટ પછી દૂધ ઉકળવા લાગે એટલે ગેસ બંધ કરી દો.
- આ દૂધને રૂમ ટેમ્પરેચર પર ઠંડુ થવા દો.
- આ મિશ્રણને કુલ્ફીના સ્ટેન્ડમાં ભરી લો અને ફ્રિજરમાં સેટ થવા માટે મુકી દો.
- ફ્રિજરમાં 8 થી 10 કલાક માટે સેટ થવા દો.
- નિયત સમય પછી ફ્રિજરમાંથી કાઢો.
- ફ્રિજરમાં જ્યારે બહાર કાઢો ત્યારે કુલ્ફીના સ્ટેન્ડને એક મિનિટ માટે અડધુ પાણીમાં રાખો. આમ કરવાથી અંદરથી કુલ્ફી તરત બહાર નિકળી જશે અને તૂટશે પણ નહીં.

## તો તૈયાર છે માવાની કુલ્ફી

- માવાની આ કુલ્ફી તમે એક વાર ઘરે બનાવશો તો વારંવાર બનાવવાની ઈચ્છા થશે.
- આ કુલ્ફી તમે ડિનર પછી ડેઝર્ટ તરીકે ખાઓ છો તો જલસા પડી જાય છે.
- કુલ્ફી બનાવતા ખાસ ધ્યાન એ રાખો કે તમારે દૂધને વચ્ચે-વચ્ચે સતત હલાવતા રહેવાનું છે, નહીં તો દૂધ ચોંટશે તો કુલ્ફીમાં સ્મેલ આવી શકે છે.

# બાળક શાક ખાવામાં નખરા કરે છે? તો એક કામ આ કરો..ફટાફટ થાળીમાં પૂરૂ થઈ જશે

બાળકોને સૌથી વધારે નખરા ખાવાની બાબતમાં હોય છે. પેરેન્ટ્સને ખાસ કરીને બાળકોની ચિંતા વધારે રહે છે. પેરેન્ટ્સ હંમેશા બાળકોને ખવડાવવા માટે આસપાસ ફરતા રહેતા હોય છે. વાત કરવામાં આવે તો બાળકોને સૌથી વધારે કંટાળો શાક ખાવામાં આવતો હોય છે, પરંતુ દરેક પેરેન્ટ્સે બાળકોને રેગ્યુલર શાક ખવડાવવાની આદત પાડવી જોઈએ. શાક ખવડાવવાથી શરીરને પૂરતા વિટામીન્સ મળી રહે છે જેના કારણે ઈમ્યુનિટી સિસ્ટમ મજબૂત થાય છે અને સાથે અનેક બીમારીઓથી દૂર રહે છે. આમ, તમારું બાળક શાક ખાવામાં નખરા કરે છે તો આ ટ્રિક અજમાવો.

તમારું બાળક શાક ખાતુ નથી તો તમે સૌથી પહેલાં તમારી સર્વ કરવાની રીત બદલી લો. આ માટે તમે શાક કંઈક અલગ રીતે કટ કરો અને સાથે સર્વ કરો. આમ કરવાથી બાળકને કંઈક નવુ લાગશે અને એ ફટાફટ ખાવાનું શરૂ કરી દેશે. બાળક જ્યારે કંઈક નવું જોવે ત્યારે એ ફટાફટ ખાઈ લે છે.



## રેનબો વેજિટેબલ્સ બેસ્ટ ઓપ્શન

- બાળકોને હંમેશા કલરફૂલ શાકભાજી પ્રેઝન્ટ કરો. ઘણાં બધા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે રેનબો વેજિટેબલ્સ તમે બાળકોને આપો છો તો એ ફટાફટ ખાઈ જાય છે અને સાથે કોઈ પણ પ્રકારની માથાકૂટ કરતો નથી.
- ખાસ કરીને એક વાતનું ધ્યાન એ રાખો કે જ્યારે તમે બાળકોને કંઈક ખવડાવો છો તો સૌથી પહેલાં તમે એ શાકભાજી ખાઓ અને પછી બાળકને વાતો કરીને ખવડાવો. આમ કરવાથી બાળક ફટાફટ ખાવા લાગશે.

## સ્માર્ટ બનો

બાળકોને હેલ્ધી ખવડાવતા પહેલાં હાર્ડ વર્કની સાથે સ્માર્ટ વર્ક કરો. સ્માર્ટ વર્કમાં તમે બાળકોને ખાસ કરીને સૂપ, પ્યૂરી, સ્મૂધી તેમજ જ્યૂસ ફોર્મમાં પીરસને આપો. આમ કરવાથી બાળક ચપાચપ અને ફટાફટ ખાવાનું શરૂ કરી દેશે. આમ, તમે આ ઉપાયો અજમાવશો તો બાળક ફટાફટ ખાવા લાગશે અને વજન પણ વધશે. આ ટ્રિક તમારા માટે એક બેસ્ટ ઓપ્શન છે.

# હનીમૂન માટે બધા કપલ્સ માટે માલદીવ છે બેસ્ટ, પર્યટકો અને સેલિબ્રિટીઓની પણ છે પહેલી પસંદ

આ દિવસોમાં લગ્ન અને હનીમૂનનો સમય શરૂ થઈ ગયો છે. જો કોઈ પણ કપલને પૂછવામાં આવે કે તેઓ લગ્ન પછી હનીમૂન માટે ક્યાં જવા ઈચ્છે છે, તો સૌ પ્રથમ કપલ માલદીવ જવાની ઈચ્છા રાખે છે.

આ દિવસોમાં માલદીવ પર્યટકો અને સેલિબ્રિટીની પહેલી પસંદ બની ગયું છે. સુંદર હોવા ઉપરાંત આ જગ્યા એકદમ શાંતિપૂર્ણ અને સુરક્ષિત પણ છે.

ગોવા પછી કપલ્સ માટે હનીમૂન માટે માલદીવ પરફેક્ટ પ્લેસ છે. માલદીવ પહોંચ્યા બાદ કપલને દરેક ક્ષણે તેમના પાર્ટનર સાથે દરિયામાં હોવાનો અહેસાસ થાય છે.

દરેક વ્યક્તિ એરપોર્ટ પરથી જ માલદીવનું સુંદર વાદળી પાણી જોવા લાગે છે. જે તેમને મોહિત કરે છે.આ સુંદર વાદળી પાણીથી કપલ્સનું હનીમૂન વધુ રોમેન્ટિક બની જાય છે. સુંદર હોવા ઉપરાંત આ જગ્યા એકદમ શાંતિપૂર્ણ અને સુરક્ષિત પણ છે. માલદીવમાં, તમને પ્રાકૃતિક આકર્ષણો, વૈભવી રિસોર્ટ્સ, શ્રેષ્ઠ ખોરાક, સુંદર પાણીનો અનુભવ અને સૌથી મહત્ત્વની વાત એ છે કે અહીં આવીને તમે એકબીજા સાથે આનંદની પળો મેળવી શકો છો. તમે માલદીવમાં આવીને સુંદર પ્રવાસની શરૂઆત કરી શકો છો.

માલદીવને હનીમૂન માટેનું પરફેક્ટ હોટ સ્પોટ અને વિશ્વના સૌથી રોમેન્ટિક સ્થળોમાંનું એક માનવામાં આવે છે. અહીં આવીને તમને નવું જીવન જીવવાની સુવર્ણ તક મળે છે.







# ગાલ પરની લટકતી ચરબી ફટાફટ ઓગાળી દો આ રીતે... ચહેરો મસ્ત લાગશે

જ્યારે તમે વજન ઓછુ કરો છો ત્યારે શરીરમાં જમા ફેટ દરેક જગ્યાએ ખતમ થઈ જાય છે. આહાર અને એક્સેસાઈઝની માધ્યમથી કેલરી ઓછી કરો છો તો ફેટ વધારે બર્ન થાય છે, પરંતુ તમને જણાવી દઈએ કે અનેક લોકોના ગાલ પર ચરબી લટકી પડતી હોય છે. આ લટકતી ચરબીને ગાયબને કરવા માટે લોકો જાતજાતના નુસખાઓ અજમાવતા હોય છે. લટકતી ચરબી દેખાવમાં ખરાબ લાગે છે. ગાલ પરની લટકતી ચરબી તમારી પર્સનાલિટીને ખરાબ કરવાનું કામ કરે છે. આમ, તમારા ફેસ પર ચરબી લટકી પડી છે તો તમે આ ટિપ્સ ફોલો કરો. આ ટિપ્સથી ફેસ પાતળો થઈ જશે અને તમારો લુક ચેન્જ થઈ જશે.

ચહેરા પર મસાજ કરો: તમારા ફેસ પરની ચરબી લટકી પડી છે તો તમે મસાજ કરાવવાનું રાખો. મસાજ કરાવવાથી ફેસ પરની ચરબી ટાઈટ થાય છે અને સાથે તમારા ફેસ પર નેચરલ ગ્લો પણ આવે છે. આ માટે તમે એક મિનિટ માટે સર્કુલર મોશનમાં આંગળીઓની મદદથી ગરદનથી લઈને ગાલ પર ધીરે-ધીરે મસાજ કરો. આમ કરવાથી ત્વચાની ઈલાસ્ટિસિટી સારી થાય છે અને સાથે ફેશિયલ એપીયરેન્સ ટોન્ડ થઈ શકે છે.

ખાંડ અને સુગરનું સેવન ઓછુ કરો: તમને એક વાત જણાવી દઈએ કે તમે ખાંડનું સેવન વધારે કરો છો તો ગાલ પરની ચરબી લટકી પડે છે. જે લોકોને બહારના કોલ્ડ ડ્રિંક્સ પીવાની આદત વધારે હોય છે એમની શરીર પર ચરબી વધારે જોવા મળે છે. આ ટાઈપના ડ્રિંક્સમાં કેલરનું પ્રમાણ વધારે હોય છે જેના કારણે વજન વધી જાય છે.

ઊંઘ પૂરતી લો: આજની આ ફાસ્ટ લાઈફમાં મોટાભાગના લોકોની ઊંઘ પૂરી થતી હોતી નથી. ઊંઘ પૂરી ના થવાને કારણે તમારા ફેસ પરની ચરબી લટકી પડે છે અને સાથે વજન પણ ફટાફટ વધે છે. આ માટે હંમેશા 7 થી 8 કલાકની ઊંઘ લેવાની આદત પાડો. પ્રોપર ઊંઘ લેવાથી શરીરમાં થતી અનેક ઘણી તકલીફોમાંથી તમે બચી જાવો છો.

જંક ફૂડ ખાવાનું ટાળો: જંક ફૂડ ખાવાથી શરીરમાં ચરબીનું પ્રમાણ વધતુ જાય છે. જંક ફૂડ હેલ્થને અનેક રીતે નુકસાન કરે છે. જંક ફૂડનું સેવન તમારી અનેક સમસ્યાઓને વધારે છે. જે લોકો જંક ફૂડ વધારે ખાય છે એમના ગાલ ગોલુ મોલુ હોય છે. (નોંધ: આ માહિતી સામાન્ય જાણકારી આધારિત છે. કોઈ પણ ઉપાય અજમાવતા પહેલાં એક્સપર્ટની સલાહ લેવી આવશ્યક છે.

# ખાવા-પીવાની આ વસ્તુઓને ફ્રીજમાં ન કરવી જોઈએ સ્ટોર, તેને ખાવાથી શરીરને થાય છે ગંભીર નુકસાન

આજના સમયમાં ફ્રિજ જરૂરી સંસાધનોમાંથી એક બની ગયું છે. દૈનિક જરૂરીયાતની મોટાભાગની વસ્તુઓને ફ્રીજમાં રાખવામાં આવે છે જેથી તેને ખરાબ થતી અટકાવી શકાય. સામાન્ય રીતે દરેક ઘરના ફ્રીજમાં દૂધ, દહીં, છાશ, ફળ, શાકભાજી, ચોકલેટ જેવી અલગ અલગ વસ્તુઓ રાખવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે કેટલીક વસ્તુઓ એવી પણ છે જેને ફ્રીજમાં રાખવી જોઈએ નહીં. ? આ વસ્તુઓને ફ્રીજમાં સ્ટોર કરી તેનો ખાવાપીવામાં ઉપયોગ કરવામાં આવે તો તેનાથી સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થાય છે. તો ચાલો જાણીએ કઈ કઈ છે આ વસ્તુઓ.



**બ્રેડ** | ઘરમાં બ્રેડ આવે અને તેનો ઉપયોગ કર્યા બાદ બ્રેડ વધે તો તેને ફ્રીજમાં રાખવામાં આવે છે. પરંતુ આમ કરવું જોઈએ નહીં. ફ્રીજમાં રાખેલી બ્રેડથી પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે.

**કેળા** | ઘણી વખત લોકો કેળાને વધારે દિવસ સુધી તાજા રાખવા માટે ફ્રીઝમાં મુકે છે. પરંતુ આમ કરવું નુકસાનકારક સાબિત થઈ શકે છે. કારણ કે ફ્રીઝમાં રાખવામાં આવેલા કેળામાંથી ઈથિલિન ગેસ નીકળે છે જેના કારણે તે અન્ય વસ્તુને પણ ખરાબ અસર કરે છે.

**તરબૂચ** | તરબૂચને ફ્રીજમાં રાખવાથી પણ નુકસાન થઈ શકે છે. તેને ફ્રીઝમાં રાખવાથી તેમાં રહેલા એન્ટીઓક્સિડન્ટનો નાશ થઈ જાય છે અને તેનો સ્વાદ પણ બદલી જાય છે.

**મધ** | મધને પણ ક્યારેય ફ્રિજમાં સ્ટોર ન કરવું. આમ કરવાથી મધમાં ક્રિસ્ટલ બનવા લાગે છે, તેને ખાવાથી સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે.

**બટેટા** | બટેટાને પણ ફ્રીજમાં રાખવાથી તેમાં રહેલું સ્ટાર્ચ સડી જાય છે જેના કારણે તેનો સ્વાદ બગડે છે અને તે નુકસાન પણ કરે છે..

**ટમેટા** | ટમેટાને ફ્રીજમાં રાખવાથી તેની બહારની છાલ તો તાજી દેખાય છે પરંતુ ટમેટા અંદરથી પોચા પડી જાય છે અને ઝડપથી સડી જાય છે. આ ટામેટા ખાવાથી સ્વાસ્થ્યને નુકસાન થાય છે.

### ભારતના વધુ યોગદાનને કારણે ICCની આવક વધી

# ICCની કમાણીમાં ભારતનો હિસ્સો સૌથી વધુ, મળશે ₹1892 કરોડ, પાકિસ્તાન ઘણું પાછળ

ગુજરાત | વંદન

ભારત ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની દર વર્ષની કમાણીના હિસ્સામાં સૌથી આગળ છે જ્યારે પાકિસ્તાન ચોથા નંબરે છે. ભારત બાદ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડનો નંબર આવે છે. ICCની આવકમાંથી બાકીના આઠ બોર્ડની કમાણી પાંચ ટકાથી ઓછી હશે.

ICCના વર્ષ 2024-27 નાણાકીય મોડલમાં BCCIને દર વર્ષે લગભગ 1892 કરોડ રુપિયા મળશે જ્યારે પાકિસ્તાનને માત્ર 282 કરોડ રુપિયા આપવામાં આવશે. BCCI દર વર્ષે પાકિસ્તાન કરતાં સાત ગણી વધુ કમાણી કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ICC જેટલી કમાણી થશે તેની આવકના 38.5 ટકા BCCIને મળશે. ICCને લગભગ 4916 હજાર કરોડ રૂપિયા મળવાની આશા છે અને આ આવકમાં BCCIનો સૌથી મોટો હિસ્સો રહેશે. ભારત બાદ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડને આશરે 338 કરોડ રુપિયા અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને આશરે 307 કરોડ રુપિયા મળવાની શક્યતા છે.

આ બોર્ડ બાદ બાકીના આઠ પૂર્ણ સભ્યોની કમાણી પાંચ ટકાથી ઓછી હશે. BCCI સતત ભારપૂર્વક જણાવે છે કે ભારતના વધુ યોગદાનને કારણે તે ICCની આવકમાં વધુ હિસ્સો મેળવવાને પાત્ર છે. જોકે ICC નવા નાણાકીય મોડલ પર તમામ દેશોના બોર્ડના પ્રતિસાદની રાહ જોઈ રહ્યું છે અને આ મોડલને આવતા મહિને ICCની વાર્ષિક બેઠકમાં પણ મંજૂરી મળી શકે છે.

### રાહુલ-કમિન્સને પાછળ છોડી દીધા

# જયસ્વાલે IPL ઈતિહાસની સૌથી ઝડપી અડધી સદી કરી

ગુજરાત | વંદન



રાજસ્થાન રોયલ્સના ઓપનર યશસ્વી જયસ્વાલે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. વાસ્તવમાં, યશસ્વી જયસ્વાલે માત્ર 13 બોલમાં 50 રનનો આંકડો સ્પર્શ કર્યો હતો. આઈપીએલના ઈતિહાસમાં આ સૌથી ઝડપી અડધી સદી છે. જ્યારે કેએલ રાહુલ આ યાદીમાં બીજા નંબર પર છે.

IPL 2018માં KL રાહુલે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં માત્ર 14 બોલમાં ફિફ્ટી બનાવી હતી. આ સાથે જ પેટ કમિન્સ ત્રીજા નંબર પર છે. IPL 2022માં પેટ કમિન્સે 14 બોલમાં આ કારનામું કર્યું હતું. આ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હતી.

# ચહલે IPLમાં પોતાના નામે કર્યો અનોખો રેકોર્ડ; ડ્વેન બ્રાવોને પાછળ છોડીને કર્યું આ પરાક્રમ




ગુજરાત | વંદન

ચહલIPL ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે. તેણે આ મામલે CSKના અનુભવી ડ્વેન બ્રાવોનો રેકોર્ડ તોડ્યો છે. આઈપીએલની 56વીં મેચમાં રાજસ્થાન ટીમના અનુભવી લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે કેપ્ટન નીતિશ રાણાની વિકેટ લઈને IPLમાં ઈતિહાસ રચી દીધો છે.

IPL ઈતિહાસમાં, યુઝવેન્દ્ર ચહલે 2013 થી 143 મેચમાં 184 વિકેટ લીધી છે. આઈપીએલમાં પાંચ વખત પાંચ વિકેટ લેવાનો અને એક વખત પાંચ વિકેટ લેવાનો રેકોર્ડ તેના નામે છે. તેણે KKR સામે રમાઈ રહેલી મેચમાં વિકેટ લઈને આઈપીએલમાં ઈતિહાસ રચ્યો હતો. યુઝવેન્દ્ર ચહલ IPLમાં સૌથી વધુ વિકેટ લેનાર પ્રથમ બોલર બની ગયો છે.

નોંધનીય છે કે રાજસ્થાન રોયલ્સ માટે 11મી ઓવરમાં બોલિંગ કરવા આવેલા યુઝવેન્દ્ર ચહલે બીજા બોલ પર જ કેપ્ટન નીતિશ રાણાને આઉટ કર્યો હતો. તેણે નીતિશને શિમરોન હેટમાયરના હાથે કેચ આઉટ કરાવ્યો. રાણા 17 બોલમાં 22 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આ વિકેટ સાથે ચહલે એક ખાસ સિદ્ધિ મેળવી હતી.

આ કિસ્સામાં, તેણે CSK અનુભવી ડ્વેન બ્રાવોને હરાવીને પ્રથમ સ્થાન મેળવ્યું. તમને જણાવી દઈએ કે 2008 થી 2022 સુધી બ્રાવોએ કુલ 161 મેચ રમીને 184 વિકેટ લીધી હતી. આવી સ્થિતિમાં ચહલે પોતાનો રેકોર્ડ તોડીને IPL ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે ટોપ 1 પર કબજો જમાવ્યો હતો.



### પહેલો મુકાબલો અમદાવાદમાં ઈંગ્લેન્ડ-ન્યુઝીલેન્ડ વચ્ચે

# વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાનની ટક્કર 15 ઑક્ટોબરે થઈ શકે

ગુજરાત | વંદન

વન-ડે વર્લ્ડકપનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું છે અને ક્રિકેટરસિકોની સૌથી વધુ નજર ભારત-પાકિસ્તાન વચ્ચે રમાનારા મુકાબલા ઉપર ટકી ગઈ છે. આ મુકાબલો 15 ઑક્ટોબરે રમાઈ શકે છે. આઈસીસીએ વર્લ્ડકપનો સત્તાવાર કાર્યક્રમ હજુ જાહેર કર્યો નથી પરંતુ સૂત્રો એવું જણાવી રહ્યા છે કે ટૂર્નામેન્ટ પાંચ ઑક્ટોબરથી 19 નવેમ્બર વચ્ચે રમાશે.

ક્રિકેટ વેબસાઈટ ક્રિકબઝના અહેવાલ પ્રમાણે ભારત-પાકિસ્તાન વચ્ચે 15 ઑક્ટોબરે જંગ જામી શકે છે. જો કે આ મેચ ક્યાં રમાશે તેને લઈને હજુ કોઈ સચોટ માહિતી સામે આવી રહી નથી. બીસીસીઆઈ અને આઈસીસીની ઈચ્છા છે કે આ મેચ અમદાવાદમાં રમાય પરંતુ તે માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ રાજી નથી.

અહેવાલો પ્રમાણે વર્લ્ડકપનો પહેલો મુકાબલો ઈંગ્લેન્ડ-ન્યુઝીલેન્ડ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાઈ શકે છે. ઈંગ્લેન્ડ પાછલા વર્લ્ડકપનું વિજેતા હતું તો ન્યુઝીલેન્ડ ઉપવિજેતા રહ્યું હતું. ભારત પોતાનો પહેલો મુકાબલો ચેન્નાઈમાં ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ રમી શકે છે. જો કે હજુ તેની તારીખ સામે આવી નથી. પાકિસ્તાન વિરુદ્ધ મેચ 15 ઑક્ટોબર મતલબ કે રવિવારે રમાઈ શકે છે. આ દિવસે પાકિસ્તાન ટીમના કેપ્ટન બાબર આઝમનો જન્મદિવસ પણ છે. જ્યારે ટૂર્નામેન્ટનો ફાઈનલ મુકાબલો 19 નવેમ્બરે રમાય તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે વર્લ્ડકપ માટે બીસીસીઆઈ દ્વારા 12 સ્ટેડિયમ પસંદ કરવામાં આવ્યા છે જેમાં ચેન્નાઈ અને કોલકત્તા પણ સામેલ છે. જ્યારે બાકીના 10 સ્ટેડિયમમાં રાજકોટ, અમદાવાદ, લખનૌ, મુંબઈ, બેંગ્લોર, દિલ્હી, ઈન્દોર, ગૌહાટી, હૈદરાબાદ અને ધર્મશાલા સામેલ છે. ભારતમાં રમાનરા વન-ડે વર્લ્ડકપ માટે સાઉથ આફ્રિકા ક્વોલિફાય થનારી આઠમી ટીમ બની છે. ચાર વર્ષ સુધી ચાલેલી આઈસીસી સુપર લીગ (જૂલાઈ-2020થી મે-2023)ના પોઈન્ટ ટેબલમાં આઠમા ક્રમે રહીને આફ્રિકી ટીમે વર્લ્ડકપ માટે ડાયરેક્ટ ક્વોલિફાય કર્યું છે. 2020થી 2023 વચ્ચે સુપર લીગમાં 13 દેશો ભારત, પાકિસ્તાન, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ઑસ્ટ્રેલિયા, શ્રીલંકા, અફઘાનિસ્તાન, આયર્લેન્ડ, ઝીમ્બાબ્વે, નેધરલેન્ડ, આફ્રિકા અને વિન્ડિઝે મેચ રમી છે જેમાંથી વર્લ્ડકપ માટે આઠ ટીમ ક્વોલિફાય થઈ છે.

# રોમાંચઃ સ્પાઈડરમેનનો અવાજ બનશે ક્રિકેટર શુભમન ગિલ...

■ પોતાનો અવાજ આપવા માટે ખૂબ જ એક્સાઈટેડ..

ગુજરાત | વંદન



ઈન્ટરનેશનલ ક્રિકેટ અને આઈપીએલમાં ધમાલ મચાવ્યા બાદ હવે ક્રિકેટર શુભમન ગિલ (Shubman Gill) દેશી સ્પાઈડર મેન પવિત્ર પ્રભાકરના પાત્રમાં પોતાનો અવાજ આપવા જઈ રહ્યો છે. ક્રિકેટર એનિમેટેડ ફિલ્મ માટે હિન્દી અને પંજાબી ભાષાઓમાં ડબિંગ કરશે, જે 2 જૂને રિલીઝ થવાની છે.સ્પાઈડર-વર્સની પાત્રોને ઈન્ડિયન ટચ જોવા મળશે. આ ફિલ્મ દ્વારા ભારતીય સ્પાઈડર મેન પવિત્ર પ્રભાકર ડેબ્યુ કરશે. જ્યારે અંગ્રેજીમાં ઈન્ડિયન અમેરિકન એક્ટર કરણ સોની પાત્રને પોતાનો અવાજ આપશે. જ્યારે હિન્દી અને પંજાબી માટે શુભમન ગિલની (Shubman Gill) પસંદગી કરવામાં આવી છે. નોંધનીય છે કે ફેમસ અમેરિકન કોમિક બુક માર્વેલ કોમિક્સમાં પવિત્ર પ્રભાકર એટલે કે ભારતીય સ્પાઈડર મેનનો ઉલ્લેખ 2005માં કરવામાં આવ્યો હતો, જે એક નાના ગામમાં રહે છે.

મોટાભાગના યુવાનોની જેમ શુભમન ગિલ સ્પાઈડર મેન જોઈને મોટો થયો છે, તેથી તે પાત્રને પોતાનો અવાજ આપવા માટે ખૂબ જ એક્સાઈટેડ છે. ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ સાથે સંબંધિત વીડિયો શેર કરતા શુભમને લખ્યું- 'શુભ મેન હવે સ્પાઈડર મેન છે! સ્પાઈડર મેનઃ સ્પાઈડર-વર્સમાં ભારતીય સ્પાઈડર મેન પવિત્ર પ્રભાકર માટે મારો અવાજ આપવા માટે હું ઉત્સાહિત છું. ટ્રેલર ટૂંક સમયમાં રિલીઝ થશે, એક્શન જોવા માટે તૈયાર થઈ જાઓ. શુભમને એક રમુજી વીડિયો શેર કર્યો જેમાં ઘણા લોકો, છત તરફ જોતા, શુભમન ગિલને નીચે ઉતરવાનું કહે છે. વીડિયોના અંતે શુભમન કહે છે - તો ચાલો શરુ કરીએ! ક્રિકેટર હોય કે સુપરહીરો, 'મહાન શક્તિ સાથે મોટી જવાબદારી આવે છે.'

# બાર્સેલોનાના મિડફિલ્ડર સર્જિયો બુસ્કેટ્સ આ વર્ષે જૂન પછી ક્લબ છોડી દેશે

■ સાઉદી લીગમાં રમવાની સંભાવના વ્યક્ત કરાઈ



ગુજરાત | વંદન

બાર્સેલોનાના મિડફિલ્ડર સર્જિયો બુસ્કેટ્સે સ્પષ્ટ કર્યું છે કે તે આ વર્ષે જૂન પછી ક્લબ છોડી દેશે. બાર્સેલોના સાથે તેનો કરાર આ વર્ષે જૂનમાં સમાપ્ત થઈ રહ્યો છે અને સર્જિયોએ પહેલેથી જ કહી દીધું છે કે આ ક્લબ સાથે તેનો કરાર આગળ વધશે નહીં. સર્જિયો એક દાયકાથી વધુ સમયથી બાર્સેલોના માટે ઉત્તમ પ્રદર્શન કર્યું છે અને તેણે અનેક ટાઈટલ જીત્યા છે.

બુસ્કેટ્સે ઈન્સ્ટાગ્રામ પર કહ્યું: "બાર્સેલોનામાં આ મારી છેલ્લી સીઝન છે તે જાહેરાત કરવાનો સમય આવી ગયો છે. તે એક અવિસ્મરણીય પ્રવાસ છે. તે એક સન્માન, એક સ્વપ્ન, એક ગૌરવ છે. આટલા વર્ષોથી આ બેજનો બચાવ કરવો." અને પ્રતિનિધિત્વ કરવા માટે સક્ષમ થવા માટે તે બધું જ રહ્યું છે, પરંતુ દરેક વસ્તુની શરૂઆત અને અંત હોય છે. જો કે તે સરળ નિર્ણય ન હતો, મને લાગે છે કે સમય આવી ગયો છે."

બુસ્કેટ્સે આ સિઝન પહેલા આઠ વખત બાર્સેલોના સાથે લા લિગા અને ત્રણ વખત ચેમ્પિયન્સ લીગ જીતી છે. ફરી એકવાર આ ક્લબ લા લીગાને પોતાનું સ્થાન બનાવવા માટે તૈયાર છે. જો બાર્સેલોના ફરીથી ટાઈટલ મેળવે છે, તો તે ચાર વર્ષમાં પ્રથમ વખત ટૂર્નામેન્ટ જીતશે.

# ભારતીય હોકી ટીમના વાઈસ કેપ્ટન હાર્દિકે રચ્યો ઈતિહાસ, 'પ્લેયર ઓફ ધ યર' એવોર્ડથી સન્માનિત

ગુજરાત | વંદન



ભારતીય હોકી ટીમના વાઈસ કેપ્ટન હાર્દિક સિંહે ઈતિહાસ રચ્યો છે. હાર્દિકને હોકી પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યો છે. આ સન્માન બાદ હાર્દિક સિંહે કહ્યું હતું કે તેની મહેનત રંગ લાવી છે. ખરાબ ફોર્મ અને બેદરકારીના કારણે ટીમ ઈન્ડિયામાંથી બહાર થઈ ગયેલા હાર્દિકે પોતાની મહેનતને આધારે શાનદાર ટીમમા જગ્યા બનાવી હતી અને ટીમનો વાઈસ કેપ્ટન બન્યો હતો. હાર્દિકના શાનદાર ફોર્મને કારણે માર્ચમાં હોકી ઈન્ડિયા વાર્ષિક પુરસ્કારોમાં બલબીર સિંહ સિનિયર પ્લેયર ઓફ ધ યર એવોર્ડ મળ્યો હતો.

હાર્દિકે કહ્યું હતું કે આ સમયે હું ખુશ છું કે પ્રદર્શનમાં દિવસેને દિવસે સુધારો થઈ રહ્યો છે અને હું દરેક સત્રમાં વધુ સારું કરી રહ્યો છું. હું 2017, 18માં મારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી ગયો હતો જેના કારણે ખરાબ રમતને કારણે ટીમમાંથી બહાર થઈ ગયો. ટીમમા ફરી રીટર્ન થવા માટે મારે મારી જાતને ફરીથી સેટ કરવી પડી હતી. હાર્દિક ઈજાને કારણે 2023 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો હતો. તેણે કહ્યું હતું કે વિશ્વ કપ મારા માટે પોતાને સાબિત કરવાની મોટી તક હતી. હું પણ સારું રમી રહ્યો હતો પરંતુ પછી ઈજાગ્રસ્ત થયો હતો. હું આઘાતમાં હતો કારણ કે હું ટૂર્નામેન્ટ માટે સખત મહેનત કરી રહ્યો હતો. ઓલિમ્પિક બાદ મારું ધ્યાન માત્ર વર્લ્ડ કપ પર હતું. મેં બહારથી ટીમને ઉત્સાહિત કરી હતી અને સકારાત્મક રહેવાનો પ્રયાસ કર્યો હતો.

# તડકામાં ક્રિકેટ રમતાં પહેલાં વિચારજો ! ઈંગ્લેન્ડના સ્ટાર ક્રિકેટર સૈમ બિલિંગ્સને થયું સ્કિન કેન્સર...

ગુજરાત | વંદન



ઈંગ્લેન્ડના વિકેટકિપર-બેટર સૈમ બિલિંગે ખુલાસો કર્યો છે કે, તે સ્કીન કેન્સર સામે ઝઝૂમી રહ્યો છે અને વધુ સમય સુધી તડકામાં રહેવાના ખતરાને લઈને પોતાની સાથી ખેલાડીઓમાં જાગૃતતા લાવવા માટે મથી રહ્યો છે. બિલિંગ્સે પાછલા વર્ષે પોતાની છાતી પરથી ઘાતક મેલેનોમાને હટાવવા માટે બે ઓપરેશન કરાવ્યા હતા.

તેણે સોશ્યલ મીડિયા પર આ અંગેની જાણકારી આપી હતી. પોતાની કાઉન્ટી ટીમ કેપ્ટનમાં નિયમિત લોન્ચ દરમિયાન ખુલાસો થયો હતો કે તેને સ્કીન કેન્સર થયું છે. આ 31 વર્ષીય ખેલાડીએ કહ્યું કે મારા શરીરમાં મેલેનોમા હતું જે 0.6 મીમી ઉંડું હતું. જ્યારે તે 0.7 મીમી ઉંડું થઈ જાય છે તો અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરી લે છે અને હું એ સીમા સુધી પહોંચવાની અત્યંત નજીક હતો. તેણે કહ્યું કે જો હું એ દિવસ તપાસ કરાવવાની જગ્યાએ બેઠકમાં ચાલ્યો ગયો હોત તો પછી મારે આગલા છ મહિના સુધી રાહ જોવી પડી હોત.

### પહેલવાનોના આંદોલનની વિરૂદ્ધમાં મેદાનમાં ઉતર્યા ધી ગ્રેટ ખલી...



ખલીએ આંદોલન ચલાવી રહેલા પહેલવાનોને અભ્યાસ માટે મેદાનમાં પરત કરવા અપીલ કરી

કુશ્તી સંઘના વડા અને ભાજપ સાંસદ બૃજભૂષણ શરણસિંહની ધરપકડ કરવા માટે જંતર મંતરમાં પહેલવાનો દોસ ચાલી રહેલા આંદોલનનો પહેલવાન ધી ગ્રેટ ખલી ઉર્ફે દલીપસિંહે વિરોધ કરીને કહ્યું હતું કે આ આંદોલન રાજનીતિથી પ્રેરીત છે. તેણે એવો આરોપ લગાવ્યો હતો કે પહેલવાનોનો રાજનીતિક ઉપયોગ થઈ રહ્યો છે. ખલીએ દાવો કર્યો હતો કે, ભારતીય કુશ્તી મહાસંઘના પ્રમુખ વૃજભૂષણ શરણસિંહની સામે ચાલી રહેલો વિરોધની પાછળ રાજકીય કારણ છે. તેણે ધારણ કરી રહેલા પહેલવાનો તરફ નિર્દેશ કરતા જણાવ્યું છે કે તેઓ અભ્યાસ માટે પોતાના મેદાનમાં પાછા આવે અને પોલીસને કેસની તપાસ કરવા દેવાય.

# અફઘાનિસ્તાનની મોટી છલાંગ, આઠમા સ્થાને પહોંચી ગયું, ટીમ ઈન્ડિયા પાકિસ્તાનથી પાછળ

ગુજરાત | વંદન



ભારતીય ક્રિકેટ ટીમને ઓસ્ટ્રેલિયા સામેની હારનો માર હવે ICC વન-ડે રેંકિંગમાં સહન કરવાનો વારો આવ્યો છે. આઈસીસી તરફથી ગુરુવારે જારી કરાયેલી તાજેતરની રેન્કિંગમાં ટીમ ઈન્ડિયા ત્રીજા નંબરે પહોંચી ગઈ છે. બીજી તરફ અફઘાનિસ્તાને વન-ડે રેંકીંગમાં ઘણી ઉથલપાથલ મચાવી છે. અફઘાન ટીમે શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝને પાછળ છોડી દીધું છે. ઓસ્ટ્રેલિયાએ આ વર્ષે તેના ઘરઆંગણે વન-ડે શ્રેણીમાં ટીમ ઈન્ડિયાને 2-1થી હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયાને વાર્ષિક વન-ડે રેંકીંગમાં તે શ્રેણીમાં હારનનું નુક્સાન ઉઠાવવું પડ્યું છે.

રેન્કિંગના વાર્ષિક અપડેટ બાદ 5 વખતની વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ તેના રેટિંગમાં પાંચ પોઈન્ટનો સુધારો કર્યો છે. ટીમના હવે 118 રેટિંગ પોઈન્ટ છે. પાકિસ્તાન 116 રેટિંગ પોઈન્ટ સાથે બીજા અને ભારત 115 રેટિંગ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. ICCની વિજ્ઞપ્તી અનુસાર, 'વાર્ષિક અપડેટ પહેલા ઓસ્ટ્રેલિયા 113 પોઈન્ટ સાથે ટોચ પર હતું અને ભારત દશાંશ તફાવત સાથે બીજા ક્રમે હતું. પાકિસ્તાન 112 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે હતું પરંતુ ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની સિરીઝની ચોથી વન-ડે જીતીને થોડા સમય માટે ટોચ પર પહોંચી ગઈ છે. ICCએ કહ્યું, "આનો અર્થ એ છે કે ઈંગ્લેન્ડ સામે પાકિસ્તાનની 0-4થી હારને આ રેન્કિંગમાંથી હટાવી દેવામાં આવી છે. જ્યારે 2021માં તે જ ટીમ સામે 0-3થી મળેલી હારને માત્ર 50 ટકા રેટિંગ પોઈન્ટ ગણવામાં આવશે." ભારતને આ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા સામે 1-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. આ રેન્કિંગમાં ન્યૂઝીલેન્ડ (104) ચોથા સ્થાને છે જ્યારે ઈંગ્લેન્ડ 10 રેટિંગ પોઈન્ટના નુકસાન સાથે પાંચમાં સ્થાને છે. તેના નામે 101 રેટિંગ પોઈન્ટ છે. અફઘાનિસ્તાને શ્રીલંકા (નવમું સ્થાન) અને વેસ્ટ ઈન્ડિઝ (10મું સ્થાન)ને પાછળ છોડીને આઠમા સ્થાને મોટી છલાંગ લગાવી છે.

# આયર્લેન્ડ અને બાંગ્લાદેશની વન-ડે રદ થતાં આફ્રિકાની કિસ્મત ચમકી

ગુજરાત | વંદન

આયર્લેન્ડ અને બાંગ્લાદેશ વચ્ચે ગઈકાલે પ્રથમ વનડે વરસાદે ધોવાઈ હતી જે દક્ષિણ આફ્રિકા માટે વરદાન સાબિત થઈ હતી. આ વર્ષે ભારતમાં યોજાનાર વનડે વર્લ્ડ કપ માટે દક્ષિણ આફ્રિકાને સીધી એન્ટ્રી મળી ગઈ છે. દક્ષિણ આફ્રિકા હવે સુપર લીગ ટેબલમાં આઠમા સ્થાને પહોંચી ગયું છે અને ટીમને વર્લ્ડ કપમાં સીધો પ્રવેશ મળ્યો છે. આયર્લેન્ડની ટીમ હવે બાંગ્લાદેશને વનડે શ્રેણીમાં હરાવશે તો પણ તે સુપર લીગના પોઈન્ટ ટેબલમાં આઠમા સ્થાન માટે દક્ષિણ આફ્રિકાને પાછળ છોડી શકશે નહીં. આયર્લેન્ડ 9મા સ્થાને સીરીઝ પુરી કરશે. આયર્લેન્ડને ઝિમ્બાબ્વેમાં 18 જૂનથી 9 જુલાઈ સુધી ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટમાં ભાગ લેવો પડશે, જેમાં વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા જેવી અનુભવી ટીમો પણ ભાગ લેશે.

## પટનાયકે પીએમ મોદી સાથે મુલાકાત પછી કહ્યું: 2024માં અમે એકલા ચૂંટણી લડીશું

ગુજરાત | વંદન



2008માં નવીન પટનાયક ભાજપના નેતૃત્વવાળા એનડીએમાંથી બહાર થયા ત્યારથી જ તેઓ એનડીએ કે વિપક્ષને સમર્થન આપવા પર અડગ રહ્યા છે. આ સાથે જ તેમની પાર્ટીએ વિપક્ષની બેઠકો છોડી દીધી છે. મંગળવારે નીતિશ કુમારને મળ્યા બાદ પટનાયકે ગઠબંધન પર કોઈ પણ પ્રકારની ચર્ચાનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે કહ્યું હતું કે અમારી મિત્રતા જાણીતી છે અને અમે ઘણા વર્ષો પહેલા સહયોગી હતા. આજે કોઈ પણ ગઠબંધન પર ચર્ચા થઈ ન હતી. વિપક્ષની ચાલ વચ્ચે નીતિશ કુમારને મળવા માટે તૈયાર થવું એક મહત્વપૂર્ણ પરિવર્તન તરીકે જોવામાં આવ્યું હતું. નીતીશ કુમાર 18 મેના રોજ દિલ્હીમાં વિપક્ષી નેતાઓની બેઠકની યોજના બનાવી રહ્યા છે.

# આસામ: પૂર્વ CJI રંજન ગોગોઈ વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ

■ એક કરોડ રૂપિયાનો દાવો કરાયો, સુનાવણી માટે 3 જૂનની તારીખ નક્કી કરાઈ

ગુજરાત | વંદન

આસામની સ્થાનિક કોર્ટમાં ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ અરજી સામાજિક કાર્યકર્તા અને અસમ પબ્લિક વર્ક્સ (APW) ના પ્રમુખ અભિજિત શર્મા દ્વારા દાખલ કરવામાં આવી છે. જેમાં તેણે એક કરોડ રૂપિયાની માનહાનિનો દાવો કરીને પૂર્વ CJIની આત્મકથા પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. આ અરજીમાં આત્મકથાના પ્રકાશક પર પણ આરોપ લગાવવામાં આવ્યો છે.



કામરૂપ મેટ્રો ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં અભિજીત શર્માએ કહ્યું છે કે ભૂતપૂર્વ CJI રંજન ગોગોઈ અને તેમની આત્મકથા 'જસ્ટિસ ફોર અ જજ' વિરુદ્ધ કથિત ભ્રામક અને બદનક્ષીભર્યા નિવેદનો લખવામાં આવ્યા છે. આ માટે તેમણે આત્મકથાના પ્રકાશક રૂપા પબ્લિકેશનનો પણ પિટિશનમાં સમાવેશ કર્યો છે. તેમની અરજીમાં, તેમણે ભૂતપૂર્વ CJI અને તેમના પ્રકાશકને આવા કોઈ પુસ્તકના પ્રકાશન, વિતરણ અથવા વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે વચગાળાના મનાઈ હુકમની માંગ કરી છે.

### કોર્ટે અરજદાર અને પ્રતિવાદી બંનેને સમન્સ જારી કર્યા

મંગળવારે તેમની અરજી પર સુનાવણી કરવામાં આવી હતી, જે બાદ બુધવારે કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે અરજી અને તેની સાથે સંબંધિત દસ્તાવેજો જોયા પછી, તે પ્રકાશમાં આવ્યું છે કે તે કાયદા અને તથ્યો બંને પર નોંધપાત્ર પ્રશ્નો ઉભા કરે છે જેના પર નિર્ણય લેવાનો છે. હાલમાં, કોર્ટે અરજદાર અને પ્રતિવાદી બંનેને સમન્સ જારી કર્યા છે. આ સાથે કેસની આગામી સુનાવણી માટે 3 જૂનની તારીખ નક્કી કરવામાં આવી છે. તે જ સમયે, વચગાળાના મનાઈ હુકમની માંગ અંગે, ન્યાયાધીશે કહ્યું કે એવું જાણવા મળ્યું છે કે મામલો આકસ્મિક નથી. આવી સ્થિતિમાં, વિરોધી પક્ષોને સાંભળ્યા વિના કોઈ એક્સ-પાર્ટી ઓર્ડર પસાર કરી શકાય નહીં.

## WHO ચીફનું એલાન દુનિયામાંથી મન્કીપોક્સના વળતાં પાણી, ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી નથી



ગુજરાત | વંદન

એક સમયે દુનિયામાં હાહાકાર મચાવનાર મંકિપોક્સને લઈને એક મોટું એલાન કરાયું છે. ઘાતક ગણાતો મંકિપોક્સ હવે કોઈ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી નથી રહ્યો. વિશ્વ આરોગ્ય સંગઠનના ચીફ ટેડ્રોસ અધનોમે જાહેર કર્યું છે કે મંકિપોક્સ હવે કોઈ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સ નથી. વિશ્વ આરોગ્ય સંગઠનના એલાન બાદ મોટી ચિંતા ટળી છે. દુનિયામાંથી હવે મંકિપોક્સના કેસ ઘટવાં લાગ્યાં છે. વિશ્વ આરોગ્ય સંગઠનના એલાન બાદ મોટી ચિંતા ટળી છે. દુનિયામાંથી હવે મંકિપોક્સના કેસ ઘટવાં લાગ્યાં છે.

### શું છે મન્કીપોક્સ ?

- મંકી પોક્સ એક દુર્લભ અને ગંભીર વાયરલ બીમારી છે.
- ફ્લૂ જેવી બીમારી છે જેમાં લિમ્ફ નોડ્સમાં સોજો આવે છે.
- ચહેરા અને શરીર પર દાણા દાણા જેવું જોવા મળે છે
- સંક્રમણ 2થી 4 અઠવાડિયા સુધી ચાલે છે
- આ વાયરસ લોકોમાં સરળતાથી નથી ફેલાતો
- દર્દીના શરીરના પ્રવાહી કે મંકીપોક્સના જખમના સંપર્કથી ફેલાય છે.
- વાંદરાઓ, ઉંદરો અને ખિસકોલી જેવા ચેપગ્રસ્ત પ્રાણીઓના સંપર્કથી ફેલાઈ શકે છે.
- વાયરસથી દૂષિત વસ્તુઓ, જેમ કે પથારી અને કપડાંના સંપર્ક દ્વારા પણ ફેલાય છે

## જીવ જોખમમાં મૂકીને નાના હોડકાઓમાં બેસીને કરી રહ્યાં છે ઘૂસણખોરી
# કેનેડા અને યુએસ બાદ હવે યુકેમાં પણ ગેરકાયદેસર રીતે પ્રવેશી રહ્યાં છે ભારતીયો

■ ત્રણ મહિનામાં 3,793 લોકોએ કરી ઘૂસણખોરી, પંજાબ, દિલ્હી અને ગુજરાતના લોકોનો સમાવેશ

ગુજરાત | વંદન



ગેરકાયદેસર રીતે કેનેડા અને યુએસ જતાં ગુજરાતીઓ અને ભારતીયોના કેટલાય કિસ્સા છાપે ચડતાં રહે છે. કેટલાક નસીબના બળિયા સફળતાપૂર્વક પહોંચી જાય છે તો કેટલાક અધવચ્ચે જ મોતને ભેટે છે કે પકડાઈ જાય છે. વિદેશમાં સારી જિંદગીની આશા તેમને ત્યાં ખેંચી જાય છે. ત્યાંની લાઈફસ્ટાઈલથી લોકો એટલા અંજાઈ જાય છે કે, યેનકેન પ્રકારે ત્યાં પહોંચવા મથે છે. કેનેડા-યુએસ બાદ હવે લંડનમાં પણ ભારતીયો ગેરકાયદેસર રીતે ઘૂસી રહ્યા છે. યુકે હોમ ઓફિસમાંથી આવેલા આંકડા ચોંકાવનારા છે. નાની હોડીઓમાં ઈંગ્લિશ ચેનલ પાર કરીને યુકેમાં ઘૂસતાં લોકોની સંખ્યા પાછલા ત્રણ મહિનામાં વધી છે. વર્ષ 2023ના શરૂઆતના ત્રણ મહિનામાં યુનાઈટેડ કિંગ્ડમમાં બોટ મારફતે ગેરકાયદેસર ઘૂસણખોરી કરતાં ભારતીયોમાં સૌથી વધુ લોકો પંજાબના હતા. નોકરીની સારી તકની અપેક્ષા તેમને અહીં ખેંચી લાવી છે.

1 જાન્યુઆરીથી 31 માર્ચ 2023 દરમિયાન કુલ 3,793 લોકોએ નાની બોટ દ્વારા યુકેમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો છે. જેમાંથી સૌથી વધુ અફઘાનો (909 એટલે કુલ સંખ્યાના 24 ટકા) અને બીજા ક્રમે ભારતીયો (675, કુલ સંખ્યાના 18 ટકા) હતા, તેવો ડેટામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 2022માં કુલ 683 ભારતીયો ફ્રાન્સથી નાની બોટમાં બેસીને ગેરકાયદેસર રીતે ઈંગ્લિશ ચેનલ પાર કરીને યુકેમાં આવ્યા હતા. 2023ના પ્રથમ ત્રણ મહિનાનો આંકડો 2022ના કુલ આંકડા જેટલો છે તેમ કહી શકાય. એ વખતે યુકેમાં ઘૂસતાં લોકોમાં ભારતીય દસમા ક્રમે હતા.

નાની હોડીઓમાં બેસીને યુકેમાં ગેરકાયદે પ્રવેશ કરતાં ભારતીયોમાં મુખ્યત્વે પંજાબ, દિલ્હી અને ગુજરાતના લોકો હતા અને તેમાં પણ પંજાબીઓ વધારે છે, તેમ નોર્થ અમેરિકન પંજાબી અસોસિએશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સતનામ સિંહ ચહલે જણાવ્યું. લિફોર્નિયાથી વાત કરતાં તેમણે આગળ કહ્યું, "તેઓ બધા જ 18થી 35 વર્ષની વયના પુરુષો છે. અહીં ગેરકાયેદસર રીતે ઘૂસી આવવાનું મુખ્ય કારણ રોજગારી છે ઉપરાંત તેમને લાગે છે કે યુકેમાં તેઓ ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકશે. યુકેમાં એમ્પ્લોયમેન્ટ વિઝા મેળવવા ખૂબ અઘરા છે એટલે તેઓ કાયદેસર રીતે આવી શકતાં નથી."

એકવાર યુકે પહોંચ્યા પછી તેઓ અસાયલમ (રેફ્યુજી તરીકે રહેવા) માટે અરજી કરે છે. 2022માં કુલ 3,248 ભારતીય નાગરિકોએ બ્રિટનમાં અસાયલમ માટે અરજી કરી હતી. જોકે, તેમાંથી 4 ટકાની જ અરજી પ્રાથમિક નિર્ણયમાં સફળ રહી હતી. જે લોકોની અરજી ફગાવાઈ હતી તેઓ ફરીથી અપીલ કરી શકે છે. અસાયલમમાં અરજી કરનારાઓમાં હવે ભારતીયો નવમા ક્રમે પહોંચી ગયા છે.

## અયોધ્યા: રામ મંદિરમાં કમળ પર વિરાજમાન હશે રામલલ્લા

■ 2024માં તૈયાર થઈ જશે રામ મંદિરના બે ફ્લોર: નૃપેન્દ્ર મિશ્રા

ગુજરાત | વંદન



અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણના પહેલા તબક્કાનું કામ આ વર્ષના ડિસેમ્બર સુધી પુરુ થઈ જશે. રામ જન્મભૂમિ ટ્રસ્ટના નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેંન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે તેમનું ધ્યાન આ સમયે ડિસેમ્બર 2023 છે. કારણ કે આ પહેલા તબક્કાનું કામ પુરુ થઈ જશે. નૃપેન્દ્ર મિશ્રાએ એક મીડિયાને આપેલ ઈન્ટરવ્યૂમાં મંદિરમાં શું ખાસ હશે અને અનેક અન્ય મુદ્દાઓ વિશે પણ વાત કરી હતી.

2020 થી તમે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ છો. ત્રણ વર્ષ પછી, તમે શું શીખ્યા ? એવા એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, અર્થશાસ્ત્રમાં (સમસ્યાને સંબોધતી વખતે), ત્યાં એક દૃષ્ટિકોણ છે અને પછી બીજો દૃષ્ટિકોણ છે. જ્યારે હું અહીં પહોંચ્યો ત્યારે મને સમજાયું કે જ્યારે ટેક્નોલોજીની વાત આવે છે, ખાસ કરીને એન્જિનિયરિંગની, ત્યાં ઘણા બધા દૃષ્ટિકોણ હોય છે. મને સમજાવવા દો...લાર્સન એન્ડ ટુબ્રો અને ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયરોની સલાહ લેવામાં આવી હતી અને બંનેએ મંદિર માટે પાઈલ ફાઉન્ડેશન પસંદ કર્યું હતું. પાઈલ ફાઉન્ડેશન (સુપરસ્ટ્રક્ચરમાંથી લોડને જમીનમાં સમાનરૂપે સ્થાનાંતરિત કરવા માટે જમીનમાં મૂકવામાં આવેલી મજબૂત સામગ્રીથી બનેલી લાંબી નળાકાર રચનાઓ) આજે સૌથી વધુ પ્રયાસ કરવામાં આવે છે.

અયોધ્યામાં આકાર લેનાર રામ લલ્લા મંદિરમાં ભગવાન શ્રી રામને ખાસ પ્રકારના બનાવેલ કમળ પર બિરાજમાન કરવામાં આવશે. નોંધનીય છે કે, જી-20ના લોગોમાં પણ કમળના ઉપયોગથી વિવાદ થયો હતો. રામલલ્લાને કમળપર વિરાજમાન બાબત પણ વિવાદ સર્જી શકે તેમ છે.

## 3 લોકોના DNAથી બ્રિટનના પ્રથમ સુપર બેબીનો જન્મ





■ બાળકને કોઈ પણ જેનેટિક બીમારી લાગુ નહી પડે...

ગુજરાત | વંદન

બ્રિટનમાં પ્રથમ સુપર બેબીનો જન્મ થયો છે. વૈજ્ઞાનિક ટેક્નોલોજીની મદદથી જન્મેલા આ બાળકમાં ત્રણ લોકોના ડીએનએ છે. પ્રક્રિયામાં માતાપિતામાંથી 99.8% DNA અને બીજી સ્ત્રીમાંથી 0.1% DNA વપરાય છે. આ માટે, મિટોકોન્ડ્રીયલ ડોનર ટ્રીટમેન્ટ (MDT) ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

એમડીટી ટેક્નોલોજી નવા જન્મેલા બાળકોને ખતરનાક અને અસાધ્ય આનુવંશિક રોગ મિટોકોન્ડ્રીયલથી બચાવશે. યુકેમાં ઘણા બાળકો આ રોગ સાથે જન્મે છે. આ રોગ જન્મ પછીના દિવસો કે કલાકોમાં જીવલેણ સાબિત થઈ શકે છે. આ રોગ જન્મ સમયે માતાથી બાળકમાં ફેલાય છે.

### શું છે એમડીટી ટેક્નોલોજી ?

MDT માં, IVF એમ્બ્રોયો તંદુરસ્ત સ્ત્રી દાતા પાસેથી ઈંડા કાઢીને બનાવવામાં આવે છે. આ ગર્ભમાં, જૈવિક માતાપિતાના શુક્રાણુ અને ઈંડામાંથી મિટોકોન્ડ્રિયા મિશ્રિત થાય છે. જો જન્મ સમયે આનુવંશિક પરિવર્તનને કારણે મિટોકોન્ડ્રિયાને નુકસાન થાય છે, તો બાળકનો વિકાસ યોગ્ય રીતે થઈ શકશે નહીં. તે ગર્ભાશયના રોગોથી ગર્ભનું રક્ષણ કરે છે જેમાં તે વધે છે.

બાળક પાસે તેના માતાપિતાના પરમાણુ ડીએનએ હશે. તે વ્યક્તિત્વ અને આંખનો રંગ જેવા લક્ષણોમાં તેના માતાપિતાને મળતો આવે છે. 2016માં અમેરિકામાં MDT ટેકનિકની મદદથી એક બાળકનો જન્મ થયો હતો. ત્યારબાદ જોર્ડનના એક પરિવારે અહીં એક બાળકને જન્મ આપ્યો.

## છૂટાછેડાની ખુશીમાં એક વ્યક્તિએ 70 ફૂટ ઊંચેથી માર્યો કૂદકો..અને...

■ બંજી જમ્પિંગનું દોરડું તૂટી ગયું અને તે સીધો દરિયામાં પડ્યો, ગરદન, કરોડરજ્જુમાં ઈજા થઈ



ગુજરાત | વંદન

તમે આ દિવસોમાં એક નવો ટ્રેન્ડ જોયો અને સાંભળ્યો જ હશે. ધીરે ધીરે, તે વિદેશથી આપણા દેશમાં પણ આવી રહ્યું છે અને લગ્ન જેવા છૂટાછેડાની ઉજવણી કરવાનો ટ્રેન્ડ છે. સંબંધમાંથી બહાર નીકળ્યા પછી લોકો દુઃખને બદલે ખુશીની ઉજવણી કરે છે. એક વ્યક્તિ આવું જ કંઈક કરવા ગયો હતો, જ્યારે તેની સાથે એવી ઘટના બની કે તે આ ઘટનાને જીવનભર ભૂલી શકશે નહીં.

પોતાની પત્નીને છૂટાછેડા આપ્યા પછી, રાફેલ નામના 22 વર્ષના વ્યક્તિએ તેને ઉજવવા માટે બ્યુટી સ્પોટ નામની જગ્યા પસંદ કરી. અહીં તેણે બંજી જમ્પિંગની ખતરનાક રમત પસંદ કરી જેથી તેના જીવનને એક નવું જીવન મળે. જો કે, તેને ખબર નહોતી કે આ એક નિર્ણય તેના જીવન પર કેટલો ભારે પડશે.આ દર્દનાક અકસ્માત બ્રાઝિલના રહેવાસી 22 વર્ષીય રાફેલ ડોસ સેન્ટોસ ટોસ્ટા સાથે થયો હતો. તેણે છૂટાછેડા લીધા હતા, ત્યારબાદ તે દરેક રીતે તેના જીવનનો આનંદ માણવા માંગતો હતો. સ્થાનિક મીડિયા અનુસાર, રાફેલે જણાવ્યું કે જીવનમાં બદલાવ બાદ તે વિવિધ ક્રેઝી વસ્તુઓ કરીને ખુશ રહેવા માંગતો હતો. દરમિયાન, તેના 22માં જન્મદિવસે, તે બંજી જમ્પિંગ માટે ગયો હતો. 70 ફૂટની ઊંચાઈએથી નીચે કૂદ્યા બાદ તેનું દોરડું તૂટી ગયું અને તે સીધો દરિયામાં પડ્યો.

આ અકસ્માતમાં તેની ગરદન અને કરોડરજ્જુમાં ઈજા થઈ હતી. તેની કમર, ચહેરા અને શરીર પર અલગ-અલગ જગ્યાએ ઉઝરડા હતા. રાફેલ કહે છે કે તેની માતાએ તેને ત્યાં જવાની મનાઈ કરી હતી, પછી તે રાજી ન થયો. અકસ્માત બાદ તેનું જીવન પહેલા જેવું નહીં રહે. અકસ્માતને ત્રણ મહિના વીતી ગયા હોવા છતાં તેની સારવાર ચાલી રહી છે.

## સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ગદગદ થયા કેજરીવાલ, કહ્યું- આ દિલ્હીવાસીઓ અને લોકશાહીની જીત

ગુજરાત | વંદન



ટ્રાન્સફર પોસ્ટિંગની સત્તા દિલ્હી સરકારને આધીન કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ આજે આમ આદમી પાર્ટીની દિલ્હી સરકારને નવું જીવન મળ્યું છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ કેજરીવાલ સરકાર વધુ મજબૂત બની છે. આ નિર્ણય આવતા જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સચિવાલયમાં મંત્રીઓની બેઠક બોલાવી હતી.

સુપ્રીમ કોર્ટના નિર્ણયથી કેજરીવાલ ખૂબ જ ખુશ છે. તેમણે ટ્વિટ કરીને લોકોને અભિનંદન પાઠવ્યા છે અને કહ્યું છે કે, તેઓ દિલ્હીના લોકો સાથે ન્યાય કરવા માટે સુપ્રીમ કોર્ટનો હૃદયપૂર્વક આભાર માને છે. આ નિર્ણયથી દિલ્હીના વિકાસની ગતિ અનેક ગણી વધી જશે. સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, આ એક લોકશાહીની જીત થઈ છે.

## ભારતીય ઓલિમ્પિક સંઘે મોટો નિર્ણય લીધો, કુસ્તી મહાસંઘના અધિકારીઓ પર લગાવ્યો પ્રતિબંધ

ગુજરાત | વંદન



ભારતીય ઓલિમ્પિક સંઘે મોટો નિર્ણય લીધો છે. IOA એ ભારતીય રેસલિંગ ફેડરેશનના તમામ આઉટગોઈંગ અધિકારીઓને તાત્કાલિક અસરથી WFI ના સંચાલનમાં કોઈપણ વહીવટી કાર્ય કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

જંતર-મંતર પર ચાલી રહેલા કુસ્તીબાજોના પ્રદર્શન બાદ IOAના તાજેતરના નિર્ણયને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ અગાઉ એક એડહોક કમિટીની રચના કરવામાં આવી હતી. જે કમિટી દરરોજ WFIની કામગીરી પર નજર રાખતી હતી તે જ કમિટી આગામી સમયમાં WFIની ચૂંટણી પણ કરાવશે. IOAએ આ મામલે આદેશ જારી કર્યો છે. જેમાં ખેલ મંત્રાલયના 24 એપ્રિલના આદેશનો પણ હવાલો આપવામાં આવ્યો છે. કુસ્તી મહાસંઘના અધ્યક્ષ બ્રિજ ભૂષણ શરણ સિંહ પર યૌન શોષણનો આરોપ લાગ્યો છે. ત્યારબાદ તેની સામે FIR નોંધવામાં આવી હતી. બીજી તરફ જંતર-મંતર પર એકઠા થયેલા કુસ્તીબાજો ઈચ્છે છે કે આ કેસમાં બ્રિજ ભૂષણની ધરપકડ થવી જોઈએ. બ્રિજ ભૂષણ આ મામલે સતત સ્પષ્ટતા આપી રહ્યા છે. તેણે અનેક વીડિયો જાહેર કરીને આ મામલે પોતાને નિર્દોષ જાહેર કર્યો છે.

## પૃથ્વીથી 12 હજાર પ્રકાશ વર્ષ દૂર એક તારો એક ગ્રહને ગટગટાવી ગયો...
# લો, નક્કી થઇ ગયું પૃથ્વીનો અંત ક્યારે આવશે..ત્યાં સુધા ખા લો-પી લો..!!

ગુજરાત | વંદન

અમેરિકાની વિજ્ઞાન સંસ્થા નાસા દ્વારા પૃથ્વી અને ચંદ્રની સાથે મંગળ પર વસેલા માનવીને ચેતવણી આપી રહ્યાં છે-સાવધાન..... હોંશિયાર....એક તારો આપણી નજીક આવી રહયો છે અને ધીમ ધીમે પૃથ્વીને ગળી જશે....! તમારા સ્પેસ વ્હીકલ પર ઘરવખરી લઈને ઝડપથી બીજા ગ્રહ પર પહોંચો.....!!

આ પ્રકારની ચેતવણી આજે કે 100-200 વર્ષ પછી નહીં પણ અબજો વર્ષ પછી આવશે કેમ કે વિજ્ઞાનીઓએ ગણતરી કરીને અંદાજ લગાવ્યો છે કે જ્યાં માનવ સભ્યતા વસે છે એ પૃથ્વીનો અંત ક્યારે અને કઈ રીતે આવશે...?!

પૃથ્વીનો અંત કેવી રીતે થશે? તે તેના મૃત્યુના એક દિવસ પહેલા સૂર્ય દ્વારા ગળી જશે... અન્યથા સમયની સાથે સૂર્ય એટલો નબળો થઈ જશે કે તે પૃથ્વીને ગળી જાય તે પહેલાં જ આપણો ગ્રહ સૂર્યના પ્રભાવથી મુક્ત થઈ જશે અને બહાર કાઢેલા ગ્રહ અથવા દાવો ન કરાયેલ બિવારસી ગ્રહ તરીકે રહેશે.....પરંતુ આ કોયડો ઉકેલવાની દિશામાં વૈજ્ઞાનિકોને એક નવી ઘટના જોવા મળી છે. તેમણે આપણી ગેલેક્સી મિલ્કી વેમાં એક એવો તારો જોયો છે જે બીજા ગ્રહને ગળી રહ્યો છે. પ્રથમ વખત જોવા મળેલી આ ઘટના હવે વૈજ્ઞાનિકોને એ સમજવામાં મદદ કરશે કે આપણા સૌરમંડળમાં પૃથ્વીનું ભવિષ્ય શું હોઈ શકે છે....?!

જેમ જેમ કોઈ તારો બળતણ ખતમ થઈ જાય છે, તેમ તેમ તે તેના મૂળ કદમાં એક મિલિયન ગણો બહાર નીકળી જશે, તેના પગલે કોઈપણ દ્રવ્ય – અને ગ્રહો –ને ઘેરી લેશે. વિજ્ઞાનીઓએ થોડા સમય પહેલા અને થોડા સમય પછી, આખા ગ્રહોને ખાઈ જવાની ક્રિયામાં તારાઓના સંકેતો જોયા છે, પરંતુ તેઓએ અત્યાર સુધી ક્યારેય એક પણ ગ્રહ



પકડ્યો નથી.

nature નામના સામિયકમાં પ્રસિધ્ધ એક રિસર્ચ પેપરમાં , એમઆઈટી, હાર્વર્ડ યુનિવર્સિટી, કેલટેક અને અન્યત્રના વૈજ્ઞાનિકોએ અહેવાલ આપ્યો છે કે તેઓએ પ્રથમ વખત કોઈ ગ્રહને ગળી જતા તારો જોયો છે ગ્રહોનું મૃત્યુ આપણી પોતાની આકાશગંગામાં થયું હોય તેવું લાગે છે, લગભગ 12,000 પ્રકાશ-વર્ષ દૂર, ગરુડ જેવા નક્ષત્ર એક્વિલા પાસે. ત્યાં, ખગોળશાસ્ત્રીઓએ એક તારામાંથી વિસ્ફોટ જોયો જે માત્ર 10 દિવસમાં 100 ગણો વધુ તેજસ્વી બની ગયો અને નજીકના એક ગ્રહને જોતજોતામાં ગળી ગયો...!

આ અનોખી ઘટના લગભગ દસથી 15 હજાર વર્ષ પહેલાં અક્વિલા નક્ષત્રમાં બની હતી. એક તારો 10 અબજ વર્ષ જૂનો હતો અને ગ્રહ તેની નજીક આવતાં જ, લાંબા તેજસ્વી ઈન્ફ્રારેડ સાથે પ્રકાશનો ગરમ ઝગમગાટ બહાર આવ્યો. તરંગલંબાઈની ધૂળ. પ્રવાહ બહાર આવ્યો અને ગ્રહ તારામાં ભળવા લાગ્યો. તારાની શરૂઆત આપણા પોતાના સૂર્ય જેવી જ હોવી જોઈએ અને તે આપણી આકાશગંગામાં પૃથ્વીથી 12 હજાર પ્રકાશવર્ષના અંતરે સ્થિત છે.

"અમે ગળી જવાના અંતિમ તબક્કાને જોઈ રહ્યા હતા," એમઆઈટીના કાવલી ઈન્સ્ટિટ્યૂટ ફોર એસ્ટ્રોફિઝિક્સ એન્ડ સ્પેસ રિસર્ચના પોસ્ટડૉક મુખ્ય લેખક કિશલય દે કહે છે. નાશ પામનાર ગ્રહનું શું? વૈજ્ઞાનિકો અનુમાન લગાવે છે કે તે સંભવતઃ ગરમ, ગુરુના કદની દુનિયા હતી જે નજીકથી સર્પાકાર થઈ હતી, પછી મૃત્યુ પામતા તારાના વાતાવરણમાં અને છેવટે, તેના મૂળમાં ખેંચાઈ ગયું હતું.

વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે જે એક તારો ગ્રહને ગળી ગયો તેમ આપણી પૃથ્વીને પણ આવો જ કોઈ તારો ગળી જશે...!!!. જો કે આ ઘટના કે પૃથ્વીનો અંત કાંઈ 500-1000 વર્ષમાં નહીં પણ 5 અબજ એટલે કે 500 કરોડ વર્ષ પછી બની શકે...!,જ્યારે સૂર્ય બળી જશે અને સૌરમંડળના આંતરિક ગ્રહોને બાળી નાખશે... ત્યાં સુધી ખા લો..પી લો.. મુસ્કરા લો મહેફિલો સજા લો....

"આપણે પૃથ્વીનું ભવિષ્ય જોઈ રહ્યા છીએ," દે કહે છે. "જો કોઈ અન્ય સંસ્કૃતિ આપણને 10,000 પ્રકાશ-વર્ષ દૂરથી અવલોકન કરતી હોય જ્યારે સૂર્ય પૃથ્વીને ઘેરી લેતો હોય, તો તેઓ સૂર્યને અચાનક તેજોમય નિહાળશે કારણ કે તે કેટલીક સામગ્રીને બહાર કાઢે છે, પછી તેની આસપાસ ધૂળનું નિર્માણ કરે છે, તે જે હતું તે પહેલાં સ્થાયી થાય છે."

અભ્યાસના MIT સહ-લેખકોમાં દીપ્તો ચક્રવર્તી, અન્ના-ક્રિસ્ટીના ઈલર્સ, એરિન કારા, રોબર્ટ સિમકો, રિચાર્ડ ટીગ અને એન્ડ્રુ વેન્ડરબર્ગ, કેલ્ટેક, હાર્વર્ડ અને સ્મિથસોનિયન સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સ અને અન્ય ઘણી સંસ્થાઓના સાથીદારોનો સમાવેશ થાય છે.

પોતાના સૂર્ય વિશે પણ વૈજ્ઞાનિકોએ આગાહી કરી છે કે જ્યારે સૂર્યનું બળતણ ખતમ થઈ જશે ત્યારે આપણી પૃથ્વીનું શું થશે. એવું માનવામાં આવે છે કે આવી સ્થિતિમાં સૂર્ય ઓછામાં ઓછા બુધ, શુક્ર અને પૃથ્વીને ગળી જશે. અહીં જોવાની વાત એ છે કે અન્ય કોઈ પરિસ્થિતિ પણ સર્જાઈ શકે છે કે નહીં.

આ તારો લાલ જાયન્ટ તબક્કાના પ્રારંભિક તબક્કામાં હતો અને તેના જીવનના છેલ્લા તબક્કામાંથી ...અનુસંધાન પેજ નં. 6 પર



# જ્યારે એક ચાહકે લખ્યું: ગોવાની સુંદરતા તો તમે જ છો....

હિટ ટીવી શો 'મહારાણા પ્રતાપ'માં મહારાણી અજબાદીનું પાત્ર ભજવનારી અભિનેત્રી રોશની વાલિયાએ સોશિયલ મીડિયા પર ભારે ધૂમ મચાવી છે. તેનું કારણ છે રોશની વાલિયાની તસવીરો. અભિનેત્રી ઈન્સ્ટાગ્રામ પર ચાહકો સાથે તેની આકર્ષક તસવીરો શેર કરતી રહે છે. ચાહકોને પણ રોશનીના કિલર અંદાજ પસંદ આવે છે અને તેના વખાણ કરતા થાકતા નથી. હવે રોશની વાલિયાએ તાજેતરમાં તેની કેટલીક નવી તસવીરો શેર કરી છે. આમાં તે બિકીની પહેરીને પૂલ પાસે પોઝ આપતી જોવા મળે છે.

રોશની વાલિયાની આ તસવીરો ગોવાની છે, જ્યાં તે વેકેશન પર ગઈ છે. આ તસવીરો પર ફેન્સ ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે અને અભિનેત્રીના વખાણ કરી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ કરી, 'કિતના સોના તુઝે રબ ને બનાયા.' તે જ સમયે, એક ચાહકે લખ્યું, 'ગોવાની સુંદરતા તો તમે છો'

એ વાત જાણીતી છે કે રોશની વાલિયાએ પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત ટીવીથી કરી હતી, પરંતુ તેણે કેટલીક ફિલ્મોમાં પણ કામ કર્યું છે. રોશની વાલિયાએ કપિલ શર્મા સાથે તેની ફિલ્મ 'ફિરંગી'માં પણ કામ કર્યું હતું. રોશની વાલિયાએ 'મહારાણા પ્રતાપ' સિવાય 'તારા ફ્રોમ સતારા', 'યે વાદા રહા', 'બાલિકા વધૂ 2' અને 'મેં લક્ષ્મી તેરે આંગન કી' જેવા શો કર્યા હતા.

રોશની વાલિયા ટીવી શો 'દેવોં કે દેવ મહાદેવ'માં છોટી સીતાના રોલમાં પણ જોવા મળી હતી. રોશની વાલિયા 2022માં એક મ્યુઝિક વીડિયોમાં જોવા મળી હતી. તે ઘણા સમયથી એક્ટિંગથી દૂર છે.



# નોરા ફતેહીએ સ્પોર્ટી લુકમાં કરાવ્યું ફોટો શુટ

નોરા ફતેહી હંમેશા તેના ફેશન લુક્સને કારણે ચર્ચામાં રહે છે. તેના ફોટા અને વીડિયો દરરોજ લાઈમલાઈટ કલેક્ટ કરતા રહે છે. તાજેતરમાં તેણે તેના સ્પોર્ટી લુકથી બધાને ચોંકાવી દીધા હતા. આ તસવીરોમાં તે જિમના કપડા પહેરેલી જોવા મળી રહી છે.

બૉલીવુડ સ્ટાર ડાન્સર અને એક્ટ્રેસ નોરા ફતેહી પોતાના બૉલ્ડ લૂક માટે હંમેશા ચર્ચામાં રહે છે. હવે તેને એવા ફોટોઝ પૉસ્ટ કર્યા છે જેમાં તે પોતાનુ કર્વી ફિગર ફ્લૉન્ટ કરતી દેખાઇ રહી છે.નોરા ફતેહીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોતાના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો પૉસ્ટ કરી છે, ફોટોશૂટમાં તે જિમના કપડા પહેરેલી જોવા મળી રહી છે, સ્કાય બ્લુ રંગના આઉટફિટમાં બ્રેલેટ ટોપ, શોર્ટ ટાઈટ્સ સાથે મેચિંગ જેકેટ હતું. અન્ય તસવીરમાં નોરાએ વન-શોલ્ડર સ્પોર્ટ્સ બ્રા પહેરી છે.

ઉલ્લેખનીય છે કે, નોરા ફતેહી ટૂંક સમયમાં સાઉથની ફિલ્મ હરી હરા વીરા મલ્લુમાં જોવા મળશે. આમાં તે પવન કલ્યાણ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. આ પહેલા નોરા ફતેહીએ આયુષ્માન ખુરાનાની ફિલ્મ એન એક્શન હીરોમાં જાડા નશા સોંગ પર જબરદસ્ત ડાન્સ કર્યો હતો જેની ખૂબ ચર્ચા થઈ હતી.

# તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરશે અર્જુન રામપાલ

## તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઝંપલાવશે, અભિનેતા વર્ષો જૂની ઈચ્છા કરશે પૂરી



અભિનેતા અર્જુન રામપાલ હાલ ચર્ચામાં છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અર્જુન રામપાલ તેની અધૂરી ઈચ્છા પૂરી કરવા જઇ રહ્યો છે. બોલિવૂડમાં પોતનું સ્થાન જમાવી હવે અભિનેતા તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરશે તેવા સમાચાર સામે આવ્યાં છે. નંદામુરી બાલકૃષ્ણની આગામી ફિચર ફિલ્મ દ્વારા અર્જુમ રામપાલ તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું વર્ચસ્વ સ્થાપવાની લડાઈ લડશે. અનટાઈટલ ફિલ્મનું નિર્દેશન અનુસ રવિપુડી દ્વારા કરવામાં આવ્યું છે.

અર્જુન રામપાલની તેલુગુ ડેબ્યુ ફિલ્મનું નિર્માણ શાઈન સ્ક્રીન્સના સાહુ ગપતિ અને હરીશ પેદ્દી દ્વારા કરવામાં આવ્યું છે. પ્રોડક્શન બેનરે તેમના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર રામપાલની કાસ્ટિંગ વિશે માહિતી શેર કરી છે. ઓમ શાંતિ ઓમ અને રાવન જેવી હિન્દી ફિલ્મોમાં વિલનના રોલનું પાત્ર ભજવનાર રામપાલ કહ્યું કે, તેઓ આ ફિલ્મમાં કામ કરવા માટે ઉત્સુક છે. આ તકે અર્જુન રામપાલે ફિલ્મમાં કામ કરવાનો અવસર મળતા આભાર વ્યક્ત કર્યો હતો.



# સોનમ બાજવાએ હોટ બોડીકોન ડ્રેસમાં આપ્યા કાતિલ પોઝ

## તસવીરોમાં નજર આવ્યો સોનમનો કાતિલ અંદાજ

પંજાબી એક્ટ્રેસ સોનમ બાજવા તેના બોલ્ડ અને હોટ અંદાજ માટે જાણીતી છે. એક્ટ્રેસે બોડીકોન ડ્રેસમાં સોશ્યલ મીડિયા પર પોતાની શાનદાર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં સોનલ કેમેરા સામે કાતિલ અંદાજમાં પોઝ આપતી જોવા મળી રહી છે. સોનમનો હોટ અંદાજ વાયરલ થઈ રહ્યો છે. સોનમ બાજવાની તસવીરોએ ઈન્ટરનેટ પર તહેલકો મચાવી દીધો છે.c તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાની તસવીરો શેર કરી છે, જેમાં તે એકદમ હૉટ દેખાઇ રહી છે. તેણે કાતિલ ફોટોશૂટ કરાવ્યુ છે, જેમાં તે બોડીકોન ડ્રેસમાં કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે. સોનમે કેમેરાની સામે પોતાના ટૉન્ડ ફિગરને ફ્લૉન્ટ કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, સોનમ બાજવા પંજાબી સિનેમાની જાણીતી એક્ટ્રેસ છે. પંજાબી અભિનેત્રી સોનમ બાજવાનું ગ્લેમર બોલિવૂડની ગલીઓમાં પણ પ્રખ્યાત છે. સોનમ બાજવા પોતાની ઈન્ડસ્ટ્રીની શ્રેષ્ઠ અભિનેત્રીઓમાંની એક છે. થોડા દિવસ પહેલા અભિનેત્રીએ અક્ષય કુમાર સાથે ડાન્સ ઈવેન્ટ્સ પણ કરી છે. સોનમની સુંદરતા વિશે ચર્ચાઓ થતી રહે છે. સોનમ બાજવા પંજાબી ઈન્ડસ્ટ્રીમાં સતત એક્ટિવ છે. તેણે પંજાબના મોટા સ્ટાર્સ સાથે કામ કર્યું છે અને તેના નવા ગીતો દરરોજ રિલીઝ થતા રહે છે. દેશી લુક હોય કે વેસ્ટર્ન લુક, સોનમ બાજવા તેના દરેક લુકથી ચાહકોને દિવાના બનાવે છે. સોશિયલ મીડિયા પર સોનમની એકથી એક ચડીયાતી તસવીરો છે. સોનમ બાજવાને છોકરીઓની ફેશન આઇકોન પણ માનવામાં આવે છે.

# મનોજ બાજપેયીની અપકમિંગ ફિલ્મ 'સિર્ફ એક બંદા કાફી હૈ' વિવાદમાં સપડાઈ




અભિનેતા મનોજ બાજપેયીની અપકમિંગ ફિલ્મ 'સિર્ફ એક બંદા કાફી હૈ' નું જબરદસ્ત અને દમદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ઓટીટી પર રિલીઝ થઈ રહેલી આ ફિલ્મને એક સત્ય ઘટનાઓથી પ્રેરિત ઓરિઝનલ ફિલ્મ જણાવવામાં આવી રહી છે. અપૂર્વ સિંહ કાર્કીના ડાયરેક્શનમાં બનેલી આ કોર્ટ રૂમ ડ્રામા ફિલ્મ હવે કાયદાકીય વિવાદમાં ફસાતી જોવા મળી રહી છે. આસારામ બાપુ ટ્રસ્ટે ફિલ્મના મેકર્સને નોટિસ જારી કરી છે. તેમણે ફિલ્મની કહાનીને બાપુની કહાની જણાવી છે. ફિલ્મમાં એક હાઈકોર્ટના વકીલ છે, જેણે POCSO એક્ટ હેઠળ એક સગીરાના બળાત્કારનો અસાધારણ કેસ લડ્યો હતો. મનોજ વાજપેયી ફિલ્મમાં વકીલની મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મના ટ્રેલરમાં દેખાડવામાં આવ્યું છે કે આ વાસ્તવિક જીવનની ઘટનાઓથી પ્રેરિત છે. ટ્રેલરને દર્શકોની સારી પ્રતિક્રિયા મળી, જેણે ટ્રેલર જોઈને અંદાજ લગાવ્યો કે ફિલ્મમાં ગોડમેન કોઈ અન્ય નહીં પરંતુ આસારામ છે, કારણ કે ફિલ્મમાં મનોજના પાત્રનું નામ પીસી સોલંકી છે અને આ નામના વકીલે આસારામ વિરુદ્ધ કેસ લડ્યો હતો.હવે આસારામના ધર્માર્થ ટ્રસ્ટે મંગળવારે ફિલ્મના નિર્માતાઓને કાયદાકીય નોટિસ મોકલી છે. તેમાં કોર્ટ પાસે ફિલ્મના પ્રચાર અને રિલીઝ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી છે. નોટિસ જારી કરતા વકીલનું કહેવું છે કે આ ફિલ્મ તેના ક્લાયન્સ પ્રત્યે આપત્તિજનક અને માનહાનિકારક છે અને તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે. તેનાથી તેના ભક્તો અનુ અનુયાયિઓની ભાવનાઓને ઠેંસ પહોંચી શકે છે.



# રકુલ પ્રીતે માઈનસ 15 ડિગ્રી બરફના પાણીમાં ડૂબકી લગાવી

## સોશિયલ મીડિયામાં શેર કર્યો વીડિયો...

બોલિવૂડ અભિનેત્રી રકુલ પ્રીત સિંહ અત્યારે ચર્ચામાં છે. રકુલ પ્રીતે હાલમાં એક વીડિયો શેર કર્યો છે. જેની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે. રકુલ પ્રીતે બરફવાળા વિસ્તારમાં ક્રાયોથેરાપી કરાવી હોવાનો વીડિયો પોસ્ટ કર્યો છે. રકુલનો આ વીડિયો જોઈને ફેન્સ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

આ વીડિયોમાં સૌથી પહેલા અભિનેત્રી બરફના વિસ્તારમાં વિન્ટર જેકેટ અને કેપમાં ઊભેલી જોવા મળે છે. પછી રકુલ બિકીનીમાં લાકડાની કેબિનમાંથી બહાર આવે છે અને પછી બરફના ઠંડા પાણીમાં ડૂબકી મારે છે. રકુલે આ પોસ્ટમાં જણાવ્યું છે કે બહારનું તાપમાન -15 ડિગ્રી સેલ્સિયસ છે. આ થીજવતી ઠંડીમાં રકુલ પ્રીત પાણીમાં ડૂબકી મારે છે અને આ દરમિયાન તેના ચહેરા પરનું સ્મિત પણ જળવાઈ રહે છે. જો કે, જ્યારે તે કેબિન તરફ જવાનું શરૂ કરે છે, ત્યારે તે ઠંડીને કારણે ચીસ પાડે છે. રકુલ પ્રીત સિંહે તેવી પણ સ્પષ્ટતા કરી હતી કે, તેની પર્સનલ લાઈફ હેડલાઈનમાં છવાઈ જાય તે વાતથી તે પ્રભાવિત થતી નથી. તેણે કહ્યું હતું કે 'મારે જે સાંભળવું હોય છે તે જ હું સાંભળુ છું. હું બાબતોથી પ્રભાવિત ન થવાનું પસંદ કરું છું. જેકી ભગનાની સાથેના રિલેશન વિશે એટલા માટે જણાવ્યું કારણ કે મને લાગ્યું કે તે સુંદર બાબત છે અને મારે તે જણાવવું હતું'.

# બોલિવૂડની ગ્લેમર ગર્લ બનીને કંટાળી ગઇ હતી આયેશા જુલકા, કહ્યું-OTTથી મળી નવી ઓળખ



આયેશા જુલકા 90 ના દાયકાની શ્રેષ્ઠ અભિનેત્રીઓમાંની એક છે જેણે લગભગ એક દાયકા પછી શોબિઝમાં પુનરાગમન કર્યું અને તેના માટે OTT માર્ગ પસંદ કર્યો. હિન્દી સિનેમામાં તેને આમિર ખાનની ફિલ્મ 'જો જીતા વોહી સિકંદર' માટે યાદ કરવામાં આવે છે. તેણે 'ખિલાડી', 'બલમા', 'સંગમ' અને 'રંગ' જેવી ઘણી ફિલ્મોમાં યાદગાર ભૂમિકાઓ ભજવી હતી. અભિનેત્રીએ બોલિવૂડમાં સફળ કારકિર્દી બનાવ્યા બાદ અભિનયમાંથી બ્રેક લીધો, ત્યારબાદ તેણે OTT દ્વારા પુનરાગમન કર્યું. હવે અભિનેત્રીએ આ વિશે ખુલીને વાત કરી છે. 2018માં 'જીનિયસ'માં કામ કરતા પહેલા અભિનેત્રી આઠ વર્ષ માટે બ્રેક પર હતી. ફિલ્મોમાંથી બ્રેક લેવા અંગે વાત કરતાં તેમણે કહ્યું કે આ એક સભાન નિર્ણય હતો. મને લાગ્યું કે જો હું મારી જાતને કોઈ પ્રોજેક્ટ સાથે જોડી દઉં તો હું તેમાં સારું પ્રદર્શન કરી શકીશ, પરંતુ તે ત્યારે જ થઈ શકે જ્યારે મને પરફોર્મ કરવાની તક આપવામાં આવે. તે થઈ રહ્યું ન હતું અને મારી સાથે પ્રોજેક્ટમાં પ્રોપની જેમ વ્યવહાર કરવામાં આવી રહ્યો હતો અને તે ખરેખર મને અનુકૂળ ન હતું, તેથી મારે તે ભૂમિકાઓ સમાપ્ત કરવી પડી.

આયેશાએ કહ્યું કે દરેક અભિનેત્રી સારી તક ઈચ્છે છે. કોઈપણ અભિનેત્રી ગ્લેમરસ ગર્લ બનીને રહેવા માંગતી નથી. મારે પણ એવું જ જોઈતું હતું. હું ગ્લેમરસ ગર્લની ભૂમિકા ભજવીને કંટાળી ગઈ હતી, તેથી મેં અભિનયમાંથી બ્રેક લેવાનું વિચાર્યું. આયેશાએ જણાવ્યું કે તેણે ફિલ્મી દુનિયા સિવાય OTT પર પોતાની અલગ બાજુ શોધી કાઢી છે. તેણીએ વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે અને તેણી ભવિષ્યમાં વિવિધ પાત્રો સાથે દર્શકોનું મનોરંજન કરવાની આશા રાખે છે.

લોકોની ફરિયાદો-બેભાન થવું, ઉલટી અને ઝાડા, ખૂબ તાવ અને માથાનો દુ:ખાવો

# 108ના ફેરા વધ્યાં-દર 6 મિનિટે શહેરમાંથી મળી રહ્યો છે એક કોલ

■ ભીષણ ગરમીથી લોકો પરેશાન, બીમારીમાં વધારો, હોસ્પિટલમાં ધસારો

ગુજરાત | વંદન

ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેન્ટ ચેન્જની અસરના કારણે અમદાવાદમાં તાજેતરમાં જ કમોસમી વરસાદે એન્ટ્રી કરી હતી. માવઠાની સિઝન પૂરી થઈ અને વાસ્તવિક ઉનાળો શરૂ થઈ ગયો હોય તેમ અમદાવાદીઓ ગરમીથી રીતસર સેકાઈ રહ્યાં હોય તેવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. અમદાવાદના તાપમાન 44 ડિગ્રી કે વધીને 45 ડિગ્રીની આસપાસ રહે તેવો અનુભવ નાગરિકો કરી રહ્યાં છે. દરમ્યાન સંબંધિત સત્તાવાળાઓ નાગરિકોને કામ વગર બહાર ન નિકળવાની સલાહ આપવાની સાથે તબીબો દ્વારા પણ ગરમીથી બચવા શું કરવું તેની એડવાઈઝરી પર બહાર પાડી છે. તો બીજી તરફ ઈમરજન્સી સેવા 108ના ફેરા પણ વધી ગયા છે.

રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે અને અમદાવાદમાં પણ આગ ઓકતી ગરમી પડી રહી છે. ત્યારે




બુધવારે અમદાવાદમાં 108માં ગરમી સંબંધિત કેટલાંક કોલ આવ્યા હતા. દર છ મિનિટમાં એવરેજ એક કોલના હિસાબે 108 સેવામાં દર કલાકે 11 કોલ નોંધાયા હતા. માત્ર અમદાવાદમાં જ નહીં આખા ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. ગુજરાતમાં પણ દરેક 1.4 મિનિટે આવા કોલ નોંધાયા હતા. અમદાવાદમાં ગુરુવારે મહત્તમ તાપમાન 43.7 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચતા તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થયો છે. સમગ્ર રાજ્યમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ મહત્તમ તાપમાન 44.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ત્યારબાદ ...અનુસંધાન પેજ નં. 6 પર

## તબીબી સલાહ: બપોરના સમયે સીધી ગરમીમાં જવાનું ટાળો

અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન (AFPA)ના અધ્યક્ષ ડૉક્ટર કમલેશ સોનીએ જણાવ્યું કે, છેલ્લાં કેટલાંક દિવસોમાં ઘણાં દર્દીઓએ અતિશય થાક, ઝાડા અને ઉલ્ટી જેવા લક્ષણો માટે જનરલ પ્રેક્ટિશનર્સનો સંપર્ક કર્યો હતો. અમે નાગરિકોને સલાહ આપીએ છીએ કે બપોરના સમયે સીધી ગરમીમાં જવાનું ટાળે. અથવા તો પછી એસીમાં રહ્યા પછી સીધા બહાર જવાનું ટાળે. એસીમાં રહ્યા બાદ થોડા સમય પછી જ બહાર જોવું જોઈએ. સાથે જ હળવુ ભોજન લેવાની પણ સલાહ આપીએ છીએ, ખાસ કરીને બપોરના સમયે. સાથે જ ડીહાઈડ્રેટેડ રહેવા માટે પુષ્કળ પાણી પીવાની પણ સલાહ આપીએ છીએ. સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર ગરમીનું પ્રમાણ વધતા ડોકટરોએ લોકોને ભર તડકામાં બહાર જવાની ના પાડી દીધી છે. આની સાથે લાઈટ કલરના કપડા પહેરી લોકોને બહાર જવાની સલાહ આપવામાં આવી છે. આની સાથે પુષ્કળ પ્રવાહી પીવું જેથી કરીને ડિહાઈડ્રેશન ન થાય.

# સંભાળજો: અમદાવાદમાં ગરમીનો પારો 45 ડિગ્રી સુધી પહોંચી શકે

શહેરમાં અત્યારે કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે ઉનાળાની ગરમી 44. 4 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી હતી, અમદાવાદ સહિત રાજ્યમાં અન્ય શહેરોમાં પણ ભીષણ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ તાપમાન નોંધાયો હતો. 27. 1°C પર લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા 0. 7 ડિગ્રી વધુ હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર, શનિવારે શહેરમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા દર્શાવવામાં આવી હતી તેની સાથે જ ગરમીનો પ્રમાણ આટલું જ રહેવાની આગાહી પણ કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારપછીના ચાર દિવસ દરમિયાન ધીમે ધીમે બે ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. IMDની આગાહીમાં ઉમેરવામાં આવ્યું છે કે આગામી 2 દિવસ સુધી હજુ પણ ગરમીનો પારો વધવાની સંભાવના છે. ભારે ગરમીના સંપર્કમાં આવ્યા બાદ નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બપોરના સમયે નાગરિકોએ પાણી, લીંબુ શરબત, કોલ્ડડ્રિંક્સ, નાળિયેર પાણી અને શેરડીનો રસ પીધો હતો. જોકે ટ્રાફિકમાં ઘણીવાર બપોરે વાહનચાલકોને



હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે બીજી બાજુ તડકાથી બચવા માટે નાગરિકોએ છત્રીની સહાયતા લીધી હતી. કાંકરિયા ઝૂનાં પ્રાણીઓને વધારે ગરમી ન લાગે એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આવા સ્થળોએ ઠંડક પ્રસરાવવા માટે ઝૂના સ્ટાફ દ્વારા આને નિયમિતપણે ઠંડુ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. અહીં પ્રાણીઓને ગરમીતી રાહત આપવા માટે નિયમિત પણે પાણીનો છંટકાવ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

# ગૌહત્યા બદલ 10 વર્ષની સખત કેદની સજા: 1 લાખનો દંડ ફટકાર્યો

■ 2020માં આરોપીએ નર વાછરડાની હત્યા કરી હતી, અન્ય બે આરોપી છુટી ગયા

ગુજરાત | વંદન

અમરેલીની સેશન્સ કોર્ટે ગૌહત્યાના ગુનામાં એક શખ્સને 10 વર્ષની સખત કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જો કે અન્ય બે આરોપીઓને પુરાવાના અભાવે છોડી મુકવામાં આવ્યા હતા. 2020માં એક નર વાછરડાની કતલ કરવામાં આવી રહી હોવાની માહિતી મળતા પોલીસે દરોડો પાડ્યો હતો, જેમાં ત્રણ આરોપીની અટકાયત કરવામાં આવી હતી. તેમાથી બે આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

ફરિયાદી પક્ષના કેસ મુજબ, કલવા એક નર વાછરડાના ગોમાંસ સાથે



પકડાયો હતો, 20 ડિસેમ્બર, 2020 ના રોજ અમરેલી શહેરના મીની કસબાવાડ વિસ્તારમાં ફરીદ રઈશના કમ્પાઉન્ડમાં વાછરડાની હત્યા કરવામાં આવી હતી, જ્યારે અમરેલી શહેર પોલીસે પરિસરમાં દરોડો પાડ્યો હતો. ત્યાં એક ગાયના વાછરડાની કતલ થઈ રહી હોવાની માહિતી મળી હતી. પોલીસને નજીકના કમ્પાઉન્ડમાં મોહમ્મદ તરગવાડિયાના રેફ્રિજરેટરમાંથી પણ ગોમાંસ મળી આવ્યું હતું.

આ કેસના વિશેષ સરકારી વકીલ ચંદ્રેશ મહેતાએ જણાવ્યું હતું કે, "કાલવાને ગાયના વંશની કતલ કર્યા પછી તરત જ ગોમાંસના કન્સાઇનમેન્ટ સાથે પોલીસ દ્વારા રંગે હાથે પકડવામાં આવ્યો હતો, પુરાવા સ્વતંત્ર સાક્ષીઓની હાજરીમાં સાબિત થયા હતા કારણ કે, સાક્ષીઓએ ફરિયાદના કેસને ટેકો આપ્યો હતો અને ફોરેન્સિક સાયન્સ નિષ્ણાતે પણ નિવેદન આપ્યું હતું કે, કાલવાના કબજામાંથી મળી આવેલ માંસ ગૌમાંસ હતું."

# હિન્દુ યુવતીને લોભ-લાલચ આપી ફસાવવામાં આવે છે: શંકરાચાર્ય

■ દ્વારકા જગતગુરૂ શંકરાચાર્યએ ધર્મ પરિવર્તનના સંદર્ભમાં ચિંતા વ્યક્ત કરી

ગુજરાત | વંદન

બોલીવુડ ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી' ધર્મ પરિવર્તનના મુદ્દે હાલમાં ખુબ ચર્ચામાં છે ત્યારે જામનગર પધારેલા દ્વારકાના જગતગુરૂ શંકરાચાર્યએ ધર્મ પરિવર્તનને લઈ ચિંતા વ્યક્ત કરી હતી, તેમણે કહ્યું કે, આ રોકવા માટે તમામ સંગઠનોએ એક સાથે આવવું પડશે, સાથે ધર્મના માર્ગથી પણ આ રોકી શકાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગરની ભૂમિ પર શારદા મઠના શંકરાચાર્ય પધાર્યા હતા. જગતગુરુ સદાનંદ સરસ્વતીજી મહારાજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, હાલ દેશમાં લવ જેહાદ, ધર્મ પરિવર્તન જે રીતે થઈ રહ્યા છે તે માટે વિવિધ સંસ્થાઓ અને સમાજે ચિંતા કરવાની જરૂર છે.

તેમણે કહ્યું કે, 'ખાસ કરીને સમાજમાં અનૈતિકતા વધી ગઈ છે, કાચી ઉંમરના બાળકોને પ્રલોભનો આપી ફસાવવામાં આવે છે. તરૂણ બાળકો ધર્મ સમજી શક્યા નથી અને ગુણદોષને પારખવાની ક્ષમતા



તેમનામાં હોતી નથી ત્યારે તેઓ પ્રલોભન અને વાસનાની જાળમાં ફસાઈ જાય છે. સંતાનોને જાગૃત કરવા પડશે વધુ ધર્મમય બનાવવા પડશે.'

શંકરાચાર્યએ કહ્યું, 'મહત્વની વાત એ છે કે, ધર્મ પરિવર્તન માટે તેમની પાસે ફંડીંગ ક્યાંથી આવે છે, તે શોધી તેને રોકવું જોઈએ. દરેક સેવા સંસ્થા, તંત્ર, સત્તા પક્ષ, દરેકે એક સાથે આગળ આવી આની પર લગામ લગાવવી જોઈએ. વિધર્મી યુવકો પોતાનો ધર્મ છૂપાવી છેતરી હિન્દુ યુવતીઓને ફસાવે છે, ત્યારબાદ તેમને તરછોડી દે છે. ધર્મ પરિવર્તન માટે બાળકોમાં નિર્ણય લેવાની શક્તિ નથી હોતી અને નૈતિકતાનો બોધ ન હોવાના કારણે બાળકો દોરવાઈ જાય છે, અને પાછળથી તેઓ પછતાય છે.'

# ગુજરાતની કોર્ટે દિલ્હીના ઉપરાજ્યપાલ સક્સેનાની અપીલ-દલીલ ફગાવી...

■ સક્સેના સામે 2005માં સાબરમતી આશ્રમમાં મેઘા પાટકર પર હુમલો કરવાનો કેસ અમદાવાદામાં ચાલી રહ્યો છે

ગુજરાત | વંદન

2002ના હુમલા અને રમખાણોના કેસમાં નવી દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર (L-G) વિનય સક્સેના સામેની ટ્રાયલની કાર્યવાહી પર રોક લગાવવા માટે સરકાર તરફથી કોઈ વિનંતી કરવામાં આવી ન હતી અને આ કેસની લાંબી પેન્ડન્સીને ધ્યાનમાં રાખીને, અમદાવાદની મેજિસ્ટ્રેટ કોર્ટે 8 મે ના રોજ સક્સેના સામેની કાર્યવાહી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. નોંધનીય છે કે, તે વખતે સક્સેના પર 2005માં નર્મદા વિરોધી કાર્યકર્તા મેધા પાટકર પર સાબરમતી આશ્રમમાં કથિત રીતે હુમલો કરવાનો આરોપ છે.

એલજી સક્સેનાએ 1 માર્ચના રોજ અરજી દાખલ કરી હતી કે, જ્યાં સુધી તેઓ એલજી તરીકે ચાલુ રહે ત્યાં સુધી અમદાવાદની મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ તેમની સામે ફોજદારી ટ્રાયલ પર રોક લગાવવામાં આવે. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ પરેશગીરી નટવરગર ગોસ્વામીએ 8મી મેના રોજ સક્સેનાની અરજી ફગાવી દીધી હતી અને તર્કસંગત આદેશ શુક્રવારે જાહેર કરવામાં



આવ્યો હતો.

કોર્ટે તર્ક આપ્યો હતો કે, કોર્ટ સમક્ષ શારીરિક હાજરી વિના પણ સક્સેનાના કાનૂની પ્રતિનિધિ દ્વારા ટ્રાયલ આગળ વધી શકે છે, અને એ પણ નોંધ્યું હતું કે આ કેસમાં 71 સાક્ષીઓને બે વાર બોલાવવાથી તેમને "દુખ અને મુશ્કેલી" થશે. અને માત્ર આ કિસ્સામાં પેન્ડન્સી સમયગાળો વધશે.

"સક્સેના સામેની ટ્રાયલ કાર્યવાહી ચાલુ રાખવા અથવા પાછી ખેંચવા માટે સરકાર દ્વારા આજ સુધી કોઈ વિનંતી કરવામાં આવી નથી", આદેશમાં કહેવામાં આવ્યું છે કે, તેમણે એલજી તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી તે સમયગાળા સહિત. "આને ધ્યાનમાં રાખીને, પ્રતિવાદી (સક્સેના) ની તેમની સામે કાર્યવાહી ચાલુ ન રાખવાની અરજીને કોઈ સમર્થન મળતું નથી."

શહેરના ગોતા વિસ્તારની ચકચારી ઘટના

# સાસુમા સાવધાન: વિફરેલી વહુએ છરી વડે સાસુનું કાંડું કાપી નાખ્યું...!

■ જમવાની બાબતે વિફરેલી વહુએ છરી ઉપાડી અને.....

ગુજરાત | વંદન

સાસુ-વહુ વચ્ચે કામકાજ કે પછી કોઈ વાતમાં બોલાચાલી થાય તે સામાન્ય છે. પરંતુ ઘણીવાર નાની વાતમાં શરૂ થયેલો ઝઘડો હિંસક રૂપ ધારણ કરી લે છે. શહેરના ગોતા વિસ્તારમાં હાલમાં આવી જ ઘટના બની હતી, જ્યાં 40 વર્ષીય મહિલાએ ઘરેલું ઝઘડામાં કથિત રીતે છરી વડે સાસુનું કાંડું કાપી નાખ્યું હતું અને તેની સામે ફરિયાદ નોંધાયા બાદ તે સોલા પોલીસ સ્ટેશન પહોંચી હતી અને ત્યાં પણ જબરદસ્ત હંગામો મચાવ્યો હતો, ત્યાં તેણે ડેસ્કટોપ કોમ્પ્યુટરને નુકસાન પહોંચાડ્યું હતું. ઉર્મિલા શર્મા, જેમની ઉંમર 72 વર્ષ છે અને ગોતામાં આવેલી સિલ્વર ગાર્ડિનિયા સોસાયટીમાં રહે થે, તેમણે સોલા પોલીસ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, બુધવારે સવારે તેમની વહુ ચારુ શર્માએ તેમની પાસે ભોજન માગ્યું હતું.

'તે મારા રૂમમાં ઘૂસી આવી હતી



અને મને ગુસ્સામાં કહ્યું હતું કે, તે છેલ્લા ચાર દિવસથી ભૂખી છે અને તેને હમણા જ જમવાનું જોઈએ છે. મેં તેને કહ્યું કે, મેં ભોજન બનાવ્યું છે અને રસોડામાં મૂક્યું છે, તેથી તેણે જાતે જઈને લઈ લેવું જોઈએ. આ વાત તેને ગમી નહોતી અને તેણે મારા પર હુમલો કર્યો હતો', તેમ ઉર્મિલાની ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. આ સાથે તેમાં ઉમેરાયું કે, ચારુ બાદમાં રસોડામાં ગઈ હતી અને છરી લઈને ઉર્મિલાના રૂમમાં ઘૂસી હતી અને તેમનું ડાબા હાથનું કાંડું કાપી નાખ્યું હતું. ઉર્મિલાએ તેમના દીકરા દીપક અને પૌત્ર ચિરાગને ફોન કર્યો હતો, તેઓ તરત જ ઘરે દોડી આવ્યા હતા અને પ્રાથમિક સારવાર આપ્યા બાદ સોલા પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. સોલા પોલીસની ટીમે ફરિયાદ નોંધવાની કાર્યવાહી શરૂ કરી હતી.

જ્યારે મહિલા એએસઆઈ, કાજલ ગોરધન ઉર્મિલાની ફરિયાદ નોંધી રહ્યા હતા, ત્યારે ચારુએ તેની ફરિયાદ ન નોંધવા માટે પોલીસને ઠપકો આપવાનું શરૂ કર્યું હતું. કાજલે જણાવ્યું હતું કે, ચારુએ તેના ફોન પર પોલીસની પ્રક્રિયા રેકોર્ડ કરવાનું શરૂ કર્યું હતું. જ્યારે તેમણે ચારુને રેકોર્ડિંગ બંધ કરવા કહ્યું ત્યારે તેણે ગુસ્સામાં ડેસ્કટોર, સીપીયુ અને કીબોર્ડને જમીન પર પછાડ્યું હતું. ચારુ સામે ...અનુસંધાન પેજ નં. 6 પર

# અજબ-ગજબ: પતિ શારીરિક સંબંધ ન બાંધતા પત્નીની પોલીસમાં ફરિયાદ

ગુજરાત | વંદન

જૂનાગઢમાં એક 23 વર્ષીય મહિલાએ તેના પતિ વિરૂદ્ધ ઘરેલુ હિંસાની ફરિયાદ નોંધાવી છે. એટલું જ નહીં આની સાથે તેણે આક્ષેપો કર્યા છે કે પતિએ લગ્ન જીવનનું સુખ પણ પત્નીને આપ્યું નથી. પત્નીએ જણાવ્યું કે પતિ ક્યારેય શારિરીક સંબંધો ધરાવવામાં રસ નહોતો ધરાવતો. અંગત પળો માણવાની ઈચ્છા જ્યારે પણ થાય ત્યારે પતિ બહાના બનાવતો હતો. આ અંગે તેણે મહિલા પોલીસ સ્ટેશનમાં



ફરિયાદ પણ નોંધાવી દીધી છે. એટલું જ નહીં મહિલાએ સાસુ-સસરા વિરૂદ્ધ પણ દહેજ માટે ત્રાસ આપવાનો આક્ષેપ કર્યો હતો.

# લટાર મારવા નિકળેલા બે મિત્રોની કારમાં લાગી આગ, 1 બચ્યો, 1 ગયો

■ લોકોએ સળગતી કારમાંથી એકને બહાર ખેંચ્યો, બીજો અંદર જ જીવતો ભુંજાઈ ગયો

ગુજરાત | વંદન

ભાવનગર શહેરના ટોપ-3 રીંગ રોડ પર કારમાં આગ લાગતાં એક વ્યક્તિ જીવતો ભુંજાયો. સદનસીબે કાર ચાલકને સ્થાનિક લોકો અને હોમગાર્ડ્ઝ જવાનોએ કારમાંથી બહાર ખેંચી લેતા આબાદ બચાવ થયો, જોકે આગના કારણે ગંભીર રીતે દાઝી જતા તેને 108 મારફત હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટના ની જાણ થતા પોલીસ અને ફાયર વિભાગ સ્થળ પર પહોંચી ગયા હતા. તેમજ સળગતી કાર પર પાણીનો છંટકાવ કરી ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના ઘોઘા રોડ પર રહેતા વિનોદ મકવાણા અને મુકેશ બારૈયા નામના બે મિત્રો પોતાની મારુતિ ઝેન કાર લઈને મંત્રેસ સર્કલથી ટોપ તરફ જઈ રહ્યા હતા, જેમાં મુકેશ



બારૈયા કાર ચલાવતો હતો, જ્યારે વિનોદ મકવાણા તેની બાજુમાં બેઠો હતો. કાર રિંગ રોડ પર પૂરપાટ ઝડપી જઈ રહી હતી. તે દરમ્યાન કાર ચાલક મુકેશ બારૈયા એ કાબુ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી વીજપોલ સાથે ટકરાઈ ગઈ હતી.

અકસ્માત થતાંની સાથે જ LPG ગેસ કીટ ધરાવતી કારમાં અચાનક વિકરાળ આગ લાગી ગઈ હતી. કારમાં આગ લાગતાં કાર ચાલક મુકેશ બારૈયાને રિંગરોડ પર બેસવા આવતા સ્થાનિક લોકો અને હોમગાર્ડ જવાનોએ ખેંચીને બહાર કાઢી લીધો હતો. જેથી તેનો આબાદ બચાવ થયો હતો. પરંતુ જોકે અચાનક લાગેલી આગમાં મુકેશ બહાર નીકળી શક્યો ન હતો. તે દાઝી જતાં તેને ગંભીર હાલતે હોસ્પિટલ ખેસેડવામાં આવ્યો હતો.

કારમાં બેસેલા તેના મિત્ર વિનોદ મકવાણાને બહાર નીકળવાનો મોકો જ મળ્યો નહતો. તેથી કારમાં લાગેલી ભીષણ આગમાં તે જીવતો ભુંજાઈ ગયો હતો. જેથી ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયર વિભાગ સ્થળ પર ધસી ગયું હતું. અને પાણીનો છંટકાવ કરી ફાયર વિભાગે આગને કાબૂમાં લીધી હતી.

## મા તે મા બીજા બધા વગડાના વા....



અમદાવાદ...ઉનાળાની ગરમી...44 ડિગ્રી તાપમાન...માથે શાકભાજીનું પોટલું...અને તેની સાથે સંતાન...વિદેશમાં ભલે વરસમાં એક વાર (મે મહિનાનો બીજો રવિવાર) મધર્સ ડે ઉજવાતો હશે પરંતુ ભારતમાં-ભારતીય સંસ્કૃતિ-તમામ ધર્મમાં માતાને મુઠ્ઠી ઉંચેરૂ સ્થાન મળ્યું છે. કોઈએ કહ્યું છે કે, ભગવાને પૃથ્વી પર બાળકને મોકલતી વખતે તેના અનેક સવાલોના જવાબમાં એમ કહ્યું હતું કે તારા તમામ સવાલોનું જવાબ એક જ છે અને તે છે-મા. એ તને બોલતા શિખવાડશે, ચાલતા શિખવાડશે, ખાતા શિખવાડશે અને તુ મોટો થઈશ તો પણ એના માટે બાળક જ હોઈશ. તસ્વીરમાં જણાય છે એ માતા જમાલપુર શાકભાજી બજારમાં 'વૈતરૂ' કરે છે એટલે કે બજારમાંથી શાકભાજીના પોટલા ઉંચકીને નક્કી કરેલ રિક્ષા સુધી પહોંચાડે છે. આજે તારીખ 13 મે 2023 અને અમદાવાદમાં તાપમાન 44 ડિગ્રી અને એવી ગરમીમાં આ માતા માથે શાકભાજીનું પોટલું તેની સાથે પોતાના લાડકાને ગરમીમાં ચાલવું ન પડે તેના પગના દાઝે તે માટે તેને પણ કાખમાં નાંખીને લઈ જઈ રહી છે. વ્હાલ સોયાને ગરમીના લાગે તે માટે માથે કાપડનો ટૂકડો પણ ઓઢાડ્યો છે. આ છે માતાની મમતા....આ છે માતાનો પ્રેમ....આ છે આવતી કાલ 14મીએ ઉજવનાર મધર્સ ડેની એ તમામ આવી માતાઓને ભેંટ કે જેઓ સંતાન માટે વૈતરૂ કરે છે....કાળી મજૂરી કરે છે. ધન્ય છે એ માતાને... (તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)

# લગનમાં DJ ને લઈ નારાજ થયા ગેનીબેન ઠાકોર, કરી પ્રતિબંધ લગાવવાની માંગ



ગુજરાત | વંદન

કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર કોઈ ને કોઈ વિવાદ સાથે સતત સંકળાયેલા રહે છે. આ દરમિયાન વાવના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર નું વધુ એક વિવાદિત નિવેદન સામે આવ્યું છે. ભાભરના ઈન્દ્રરવા ગામમાં એક સામાજિક કાર્યક્રમમાં ગેનીબેન ઠાકોર ડીજે ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ની હિમાયત કરી છે.

ગેનીબેન ઠાકોરે સ્પષ્ટ કર્યું હતું કે સમાજના દીકરા દીકરીઓને ડીજે વગર લગ્ન નથી કરવા. આ પ્રકારના લગ્ન કરનાર સમાજના દીકરા દીકરીઓ સામે ગેનીબેને પોતાની નારાજગી વ્યક્ત કરી છે. લગ્નના ફેરા ફરવાની ના પાડતા દીકરા સામે માતા-પિતાએ પોતાના દીકરા ...અનુસંધાન પેજ નં. 6 પર

# મારો છોકરો પાસ થયો, મારો છોકરો પાસ થયો.. અને માતા ઢળી પડી

## વિચિત્ર ઘટના: ધો.10માં પુત્ર સારા માર્ક્સથી પાસ થતા આનંદ ઉલ્લાસથી માતાનું મોત

ગુજરાત | વંદન

રાજ્યમાં છેલ્લા થોડા સમયથી હાર્ટએટેકના કિસ્સા વધી રહ્યા છે. આ દરમિયાન રાજકોટથી એક વિચિત્ર અને તેની સાથે સાથે કરૂણ કહી શકાય એવો એક કિસ્સો સામે આવ્યો છે. શુક્રવારે જાહેર થયેલા ધો. 10ના સીબીએસઈના પરિણામ બાદ એક માતાનું હાર્ટએટેકથી મોત થયું હતું.



રાજકોટના મવડી વિસ્તારમાં રહેતા નરેન્દ્રસિંહ ઝાલાનો પુત્ર સીબીએસઈમાં ધો.10માં અભ્યાસ કરે છે. ગઈકાલે પરિણામ જાહેર થયા બાદ તેમના પરિવારમાં ખુશીનો માહોલ હતો. આ દરમિયાન વિદ્યાર્થીના માતા શીતલબા ખુશી વ્યક્ત કરતા હતા. તે સમયે હાર્ટએટેકનો હુમલો આવ્યો હતો. જે તેમના માટે પ્રાણઘાતક નીવડ્યો હતો. જેના કારણે પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.